અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૪ સપ્ટેમ્બર ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ભાદરવા સુદ ૧૨ | અંક : ૬૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય |** અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનથી ધાર્મિક અત્યાચારને કારણે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી ભારત આવેલા લઘુમતીઓ પાસપોર્ટ-વિઝા વિના રહી શકશે

# પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશથી ૨૦૨૪ સુધી આવેલા લોકોને ભારતમાં રહેવાની મંજૂરી




## રાષ્ટ્રવિરોધી કૃત્યોમાં સામેલ વિદેશીઓને નો-એન્ટ્રી

જો વિદેશીઓ રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ, જાસૂસી, બળાત્કાર અને હત્યા, આતંકવાદી કૃત્યો, બાળકોની તસ્કરી અથવા પ્રતિબંધિત સંગઠનના સભ્ય હોવાના આરોપમાં દોષિત ઠરેલા હશે તો તેમને ભારતમાં પ્રવેશ કરવાની કે રહેવાની પરમિટ મળશે નહીં. ગૃહ મંત્રાલયે જારી કરેલા આદેશમાં જણાવાયું છે કે તાજેતરમાં બનાવાયેલા ઇમિગ્રેશન એન્ડ ફોરેનર્સ એક્ટ ૨૦૨૫ હેઠળ દરેક રાજ્ય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટીતંત્ર ડિટેન્શન કેમ્પોની સ્થાપના કરશે, જેથી દેશનિકાલ ન થાય ત્યાં સુધી વિદેશીઓની હિલચાલને પ્રતિબંધિત કરી શકાય. કોઇપણ કેટેગરીના વિઝા માટે અરજી કરતાં દરેક વિદેશીએ વિઝા જારી કરતા સત્તાવાળાને બાયોમેટ્રિક ઇન્ફર્મેશન આપવી પડશે. ઓવરશીઝ સિટિઝન ઓફ ઇન્ડિયા કાર્ડહોલ્ડર તરીકે રજિસ્ટ્રેશન માટે પણ આવી માહિતી ફરજિયાત આપવી પડશે. ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે જો ભારતમાં ઝડપાયેલા ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સને દેશનિકાલ ન થાય ત્યાં સુધી હોલ્ડિંગ સેન્ટર અથવા કેમ્પમાં રાખવામાં આવશે, જેથી તેમની હિલચાલને નિયંત્રિત કરી શકાય. ભારતમાં ગેરકાયદે ઇમિગ્રન્ટ્સને પ્રવેશતા અટકાવવા માટે સરદહ સુરક્ષા દળો અથવા કોસ્ટ ગાર્ડ પગલાં લેશે. આવા ઇમિગ્રન્ટ્સને તેમને બાયોમેટ્રિક માહિતી અને ઉપલબ્ધ વસ્તી વિષયક વિગતો મેળવ્યા પછી તેમને પાછા મોકલશે. આદેશમાં જણાવાયા મુજબ જો કોઇ વિદેશી વ્યક્તિ રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ, જાસૂસી, બળાત્કાર અને હત્યા, માનવતા વિરુદ્ધના ગુના, આતંકવાદી અને વિધ્વંસક પ્રવૃત્તિ, ટેરર ફંડિંગ, મની લોન્ડરિંગ અથવા હવાલા આરોપોમાં દોષિત ઠેરવામાં આવેલા હશે તો તેમની દેશમાં પ્રવેશ કરવાની કે રહેવાની છૂટ મળશે નહીં. નાર્કોટિક્સ અને સાયકોટ્રોપિક પદાર્થોની હેરફેર, બાળકોની હેરફેર સહિત માનવ તસ્કરી, નકલી મુસાફરી દસ્તાવેજો અને ચલણ (ક્રિપ્ટોકરન્સી સહિત), સાયબર ગુના, બાળ દુર્વ્યવહાર અથવા આવા ગુનાઓમાં સંડોવાયેલા લોકોને પણ ભારતમાં પ્રવેશની છૂટ મળશે નહીં.

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।**

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે કહ્યું કે ધાર્મિક ઉત્પીડનથી બચવા માટે અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનથી ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધી ભારત આવેલા હિંદુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ઈસાઈ ધર્મના લોકોને પાસપોર્ટ કે અન્ય યાત્રા દસ્તાવેજો વગર પણ દેશમાં રહેવાની મંજૂરી આપવામાં આવશે. ન્યૂઝ એજન્સી પીટીઆઈ પ્રમાણે, પાછલા વર્ષે લાગૂ થયેલ નાગરિકતા (સંશોધન) અધિનિયમ (CAA) અનુસાર ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ કે તે પહેલા ભારત આવેલા આ અલ્પ સંખ્યકોને ભારતીય નાગરિકતા આપવામાં આવશે.

તાજેતરમાં લાગુ કરાયેલા ઈમિગ્રેશન અને વિદેશીઓ (નાગરિકતા) અધિનિયમ, ૨૦૨૫ હેઠળ જારી કરાયેલ આ મહત્વપૂર્ણ આદેશ મોટી સંખ્યામાં લોકોને, ખાસ કરીને પાકિસ્તાનથી હિન્દુઓને રાહત આપશે, જેઓ ૨૦૧૪ પછી ભારત આવ્યા હતા અને તેમના ભવિષ્ય વિશે ચિંતિત હતા. ગૃહ મંત્રાલય દ્વારા જારી આદેશ અનુસાર અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના અલ્પસંખ્યક સમુદાય- હિંદુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ઈસાઈ, જે ધાર્મિક ઉત્પીડન કે તેના ડરથી ભારતમાં શરણ લેવા માટે મજબૂર થયા અને ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ કે પહેલા પોતાના કાયદેસરના દસ્તાવેજો વગર દેશમાં પ્રવેશ કર્યો, તેને કાયદેસર પાસપોર્ટ કે વીઝા રાખવાના નિયમમાં છૂટ આપવામાં આવશે. આદેશમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું કે નેપાળ અને ભુતાનના નાગરિકોને ભારત આવવા-જવા કે અહીં રહેવા માટે પાસપોર્ટ અને વીઝાની જરૂર રહેશે નહીં, બસ તે ભારતની સરહદમાંથી પ્રવેશ કરે. આ વ્યવસ્થા પહેલાની જેમ યથાવત રહેશે. પરંતુ જો કોઈ નેપાળ કે ભુતાનના નાગરિક ચીન, મકાઉ, હોંગકોંગ કે પાકિસ્તાનથી ભારત આવે છે તો તેના માટે માન્ય પાસપોર્ટ ફરજીયાત હશે. આ રીતે ભારતીય નાગરિકોને પણ નેપાળ કે ભુતાનની સરહદથી ભારત આવવા-જવા માટે પાસપોર્ટ કે વીઝાની જરૂરિયાત નથી. પરંતુ તે નેપાળ કે ભુતાન સિવાય કોઈ અન્ય દેશથી ભારત પરત ફરે છે (ચીન, મકાઉ, હોંગકોંગ અને પાકિસ્તાનને છોડી) તો તેણે માન્ય પાસપોર્ટ દેખાડવો પડશે. તો ભારતીય સેના, નૌસેના અને વાયુસેનાના કર્મીઓ જે ડ્યુટી પર ભારતમાં પ્રવેશ કે બહાર જઈ રહ્યાં છે, તથા તેમના પરિવારના સભ્યોને (જો તે સરકારી પરિવહન સાથે યાત્રા કરી રહ્યાં હોય) પાસપોર્ટ કે વીઝાની જરૂર રહેશે નહીં.

### ન્યૂઝ બ્રિફ

#### યુપીની મહિલાને ૮ વર્ષ પછી લાપતા પતિ ઈંસ્ટાગ્રામ રીલમાં જોવા મળ્યો




**। હરદોઇ, તા.૩ ।**

ઉત્તરપ્રદેશના હરદોઈ જિલ્લામાં એક મહિલાને પોતાનો આઠ વર્ષથી લાપતા પતિ ઈંસ્ટાગ્રામ રીલમાં જોવા મળ્યો હતો. ત્યાર પછી મહિલાએ કથિત રીતે પોતાને તરછોડીને બીજી મહિલા સાથે લગ્ન કરવાની બાબતને લઈને પોલીસ ફરિયાદ કરી હતી. ત્યાર પછી પોલીસે આરોપી જિતેન્દ્ર ઉર્ફે બબલુની ધરપકડ કરી છે. પોલીસના કહેવા મુજબ આરોપી જિતેન્દ્ર ઉર્ફે બબલુ ૨૦૧૮માં પોતાની ગર્ભવતી પત્ની શીલુને છોડીને પંજાબના લુધિયાણામાં રહેવા ગયો હતો, જ્યાં તેણે કથિત રીતે બીજા લગ્ન કરી લીધા હતા. સંડીલા વિસ્તારના મુરારનગરની રહેવાસી શીલુએ તાજેતરમાં ઈંસ્ટાગ્રામ પર એક વીડિયો રીલમાં પોતાનો પતિને જોતાં આ મામલો પ્રકાશમાં આવ્યો હતો. ત્યાર પછી મહિલાએ પોલીસનો સંપર્ક કર્યો, અને ત્યારબાદ પોલીસે તેની ઓળખ અને સ્થળની ખરાઈ કરીને તપાસ શરુ કરી હતી.

**૧૪ લોકોના મોત, ૩૫થી વધુ ઈજાગ્રસ્ત**

## પાકિસ્તાનના ક્વેટામાં રાજકીય પક્ષની રેલીમાં પ્રચંડ વિસ્ફોટ

**આ ઘટના શાહવાની સ્ટેડિયમ નજીક સરદાર અતાઉલ્લાહ મેંગલની ચોથી પુણ્યતિથિના દિવસે આયોજિત કાર્યક્રમના સમાપન બાદ બની હતી**

**। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૩ ।**

પાકિસ્તાનમાં અવારનવાર બોમ્બ બ્લાસ્ટ અને હુમલાઓની ઘટનાઓ બનતી હોય છે. એવામાં હવે ક્વેટામાં બલૂચિસ્તાન નેશનલ પાર્ટી (BNP)ની રેલીને નિશાન બનાવીને પ્રચંડ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. જેમાં ૧૪ લોકોના મોતના અને ૩૫થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ સામે આવ્યા છે. આ ઘટના શાહવાની સ્ટેડિયમ નજીક સરદાર અતાઉલ્લાહ મેંગલની ચોથી પુણ્યતિથિના દિવસે આયોજિત કાર્યક્રમના સમાપન બાદ બની હતી. બલૂચિસ્તાનના સ્વાસ્થ્ય મંત્રી બખ્ત મોહમ્મદ કાકરે મોટી જાનહાનિ થયાની પણ માહિતી આપી હતી. આ ઘટના શાહવાની સ્ટેડિયમ નજીક સરદાર અતાઉલ્લાહ મેંગલની ચોથી પુણ્યતિથિના દિવસે આયોજિત કાર્યક્રમના સમાપન બાદ બની હતી. બલૂચિસ્તાનના



સ્વાસ્થ્ય મંત્રી બખ્ત મોહમ્મદ કાકરે મોટી જાનહાનિ થયાની પણ માહિતી આપી હતી.પોલીસ તપાસમાં સામે આવ્યું કે, આ હુમલો બીએનપી નેતા અખ્તર મેંગલ અને તેમના કાફલાને ટાર્ગેટ કરીને કરાયો હતો. પરંતુ તેમને કોઈ નુકસાન થયું નહોતું. આ ઘટના બાદ સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો હતો અને ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઘાયલોમાંથી ઘણાની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. આ દરમિયાન, BNP પ્રવક્તા સાજિદ તરીને જણાવ્યું હતું કે વિસ્ફોટમાં પાર્ટીના ૧૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ બોમ્બ વિસ્ફોટ અખ્તર મેંગલની કાર નીકળી ગયાના થોડા સમય પછી થયો હતો.

#### ભારત-રશિયાના સંબંધોનું પાકિસ્તાન સન્માન કરે છે : શરીફ

**। બેઇજિંગ, તા.૩ ।**

પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે જણાવ્યું હતું કે તેમનો દેશ ભારત સાથે રશિયાના સંબંધોનું સન્માન કરે છે. આની સાથે જ તેમણે પુતિન સાથે કરેલી વાતચીતમાં પાકિસ્તાનના સંબંધો મજબૂત બનાવવાની હાકલ કરી હતી. બન્ને નેતાઓ એસસીઓ સમિટમાં એકબીજાને મળ્યા હતા. શરીફે પુતિનને કહ્યું હતું કે છેલ્લાં ઘણાં વર્ષોમાં આપણા સંબંધો સુધર્યા છે. અનેક ક્ષેત્રોમાં તમે બતાવેલી પ્રતિબદ્ધતા અને રસ બદલ તમારો આભાર. હું એવું પણ કહેવા માગું છું કે ભારત સાથે તમારા સંબંધોનું અમે સન્માન કરીએ છીએ. અમે પણ તમારી સાથે મજબૂત સંબંધો બાંધવા માગીએ છીએ.

**તમામ લોકો સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે**

## ઉત્તરાખંડના ગૌરીકુંડમાં ફસાયેલા ૪૭ ગુજરાતી શ્રદ્ધાળુ સોનપ્રયાગ રવાના

**તેમને એક સ્થાનિક હોટલમાં આશ્રય અપાયો હતો**

**। (એજન્સી) દેહરાદુન, તા.૩ ।**

ગુજરાતના મોરબી, રાજકોટ અને જામનગરના ૪૭ સિનિયર સિટીઝનનું એક જૂથ ઉત્તરાખંડમાં ભારે વરસાદમાં ફસાઈ ગયું હતું. ચારધામ યાત્રાએ ગયેલા આ શ્રદ્ધાળુઓ કેદારનાથથી પરત ફરતી વખતે ગૌરીકુંડ નજીક ફસાઈ ગયા હતા. જો કે, હવે તમામ લોકો સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે. તેમને એક સ્થાનિક હોટલમાં આશ્રય અપાયો હતો. બાદમાં રસ્તો ખૂલી જતાં તમામ શ્રદ્ધાળુ ગૌરીકુંડથી સોનપ્રયાગ જવા રવાના થઈ ગયા છે. મળતી માહિતી મુજબ આ શ્રદ્ધાળુઓનું જૂથ કેદારનાથ દર્શન કરીને પરત ફરી રહ્યું હતું ત્યારે ઉત્તરાખંડના ગૌરીકુંડ નજીક ભારે વરસાદ કારણે ફસાઈ ગયું હતું. અહીં સખત વરસાદ અને ભૂસ્ખલનના કારણે રસ્તા બંધ થઈ ગયા હતા. જેના કારણે તેઓ આગળ વધી શક્યા નહોતા. આ ઘટનાની જાણ થતાં જ રાજકોટના કલેક્ટર દ્વારા તાત્કાલિક સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટને જાણ કરાઈ હતી. આ દરમિયાન તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરાઈ હતી અને ફસાયેલા લોકોનો સંપર્ક કરોય હતો. હાલ તમામ ૪૭ યાત્રાળુ સલામત છે અને તેમને ગૌરીકુંડ નજીકની એક હોટલમાં રોકવામાં આવ્યા છે. સ્થાનિક તંત્ર દ્વારા તેમને ભોજન અને અન્ય જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી. વરસાદ બંધ થતાં માર્ગ ખૂલી જતાં તમામ શ્રદ્ધાળુઓ ગૌરીકુંડથી સોનપ્રયાગ જવા રવાના થયા હોવાનું જાણવા મળ્યું છે.

### ભારતે રશિયા સાથે નહિ, અમેરિકા અને યુરોપ સાથે રહેવું જોઈએ : નવારો

**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩ ।**

ચીન અને રશિયા સાથે વધી રહેલી ભારતની નિકટતાથી અમેરિકાને પેટમાં દુખ્યું છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટ્રેડ એડવાઈઝર પીટર નવારોએ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ચીનના પ્રમુખ શી જિનપિંગને સરમુખત્યાર કહ્યા હતા અને તેમની સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નિકટતાને શરમજનક ગણાવી હતી. નવારોના મતે નવી દિલ્હીએ રશિયાના બદલે અમેરિકા, યુરોપ અને યુક્રેન સાથે રહેવું જોઈએ. સોમવારે ચીનના ટિઆનજિન ખાતે શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી, પુતિન અને શી જિનપિંગે જાહેરમાં પરસ્પર મૈત્રી અને સૌહાર્દની લાગણી વ્યક્ત કરી હતી. વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથે આ અંગે વાતચીત દરમિયાન નવારોએ 'સંગઠિતતાના આ પ્રદર્શનને આપત્તિજનક' ગણાવ્યુ હતું. નવારોએ કહ્યું હતું કે, વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશના વડા વિશ્વના બે સૌથી મોટા સરમુખત્યારો પુતિન અને શી જિનપિંગ સાથે બેસી જાય તે શરમજનક છે.

### કોહલીએ પીડિતોને શ્રદ્ધાંજલિ આપી અને જવાબદારીપૂર્વક આગળ વધવાનું વચન આપ્યું

**। (એજન્સી) બેંગ્લોર, તા.૩ ।**

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB)ના અનુભવી બેટ્સમેન વિરાટ કોહલીએ ૪ જૂને બેંગ્લોરમાં થયેલી ભાગદોડની ઘટના પર પહેલીવાર પોતાનું મૌન તોડ્યું છે. આ દુઃખદ અકસ્માતમાં ૧૧ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ઘણા ઘાયલ થયા હતા. આ ઘટના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર બની હતી જ્યારે RCBએ ૧૮ વર્ષની લાંબી રાહ જોયા પછી IPL ટ્રોફી જીતી હતી. ઉજવણીની આ ક્ષણ થોડી જ ક્ષણોમાં શોકમાં ફેરવાઈ ગઈ. RCBએ કોહલીનું નિવેદન સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કર્યું. પૂર્વ કેપ્ટને અકસ્માતમાં જીવ ગુમાવનારાઓ અને ઘાયલોને શ્રદ્ધાંજલિ આપી. તેણે વચન આપ્યું કે ટીમ આગળ વધુ સાવધાની, આદર અને જવાબદારી સાથે પગલાં લેશે. કોહલીનું નિવેદન ટીમની RCB CARES પહેલનો એક ભાગ છે, જે હેઠળ ભીડ વ્યવસ્થાપનને સુધારવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓને રોકવા માટે પગલાં લેવામાં આવશે.



## ગોકુલ નગર વિસ્તારમાં સાઢુભાઈની હત્યા નિપજાવનાર પિતા-પુત્ર ઝડપાયા

। (એજન્સી) જામનગર, તા.3 ।

જામનગરમાં ગોકુલનગર પાણાખાણ વિસ્તારમાં રવિવારે બપોરે એક યુવાનને છરી અને પાઈપ વડે હુમલો કરી હત્યા નીપજાવાઈ હતી. જે હત્યા નીપજાવનાર મૃત્યુ મૃતકના સાઢુભાઈ અને તેના પુત્રની પોલીસે અટકાયત કરી લીધી છે, જ્યારે અન્ય એક સગીરની પણ સંડોવણી હોવાથી તેની અટકાયત કરવા કાર્યવાહી હાથ ધરાઈ છે. આ હત્યાના બનાવની વિગત એવી છે કે જામનગરમાં ગોકુલ નગર પાણાખાણ વિસ્તારમાં રહેતો રોહિત ગીલાભાઈ પરમાર નામનો ૩૨ વર્ષનો યુવાન ગત રવિવારે બપોરે ૧.૩૦ વાગ્યાના અરસામાં પાણાંખાણ શેરીના પાંચમાં ઉભો હતો, જે દરમિયાન તેના સાઢુભાઈ નરેશ તુલસીભાઈ પરમાર અને તેના બે પુત્રો સુજલ વગેરેએ આવીને રોહિતની પત્ની તેજલ કે જે રીસાણી બેઠી હતી, અને તેના માવતરે મેટોડા ચાલી ગઈ હતી, જે બાબતે તકરાર કરી હતી. જ્યાં ઉગ્ર ઝઘડો થયા બાદ નરેશ અને તેના બે પુત્રોએ રોહિત ઉપર છરી અને લોખંડના પાઈપ વડે હુમલો કરી દઈ હત્યા નિપજાવી હતી, જેમાં પોલીસે મૃતક રોહિતના પિતા ગીલાભાઈ વીરાભાઈ પરમારની ફરિયાદના આધારે આરોપી નરેશ તુલસીભાઈ પરમાર અને તેના બે પુત્ર સામે હત્યા અંગેનો ગુનો નોંધ્યો હતો. જે ગુનામાં આરોપી નરેશ પરમાર અને તેના પુત્ર સુજલની અટકાયત કરી લીધી છે, અને પિતા પુત્ર બંનેને બનાવના સ્થળે લઈ જઈ રી-કન્સ્ટ્રક્શન કરાવ્યું હતું, ઉપરાંત તેના સગીરવયના અન્ય એક પુત્રની પણ સંડોવણી હોવાથી તેની અટકાયત કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે ગુનામાં આરોપી નરેશ પરમાર અને તેના પુત્ર સુજલની અટકાયત કરી લીધી છે, અને પિતા પુત્ર બંનેને બનાવના સ્થળે લઈ જઈ રી-કન્સ્ટ્રક્શન કરાવ્યું હતું, ઉપરાંત તેના સગીરવયના અન્ય એક પુત્રની પણ સંડોવણી હોવાથી તેની અટકાયત કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### વિદ્યાર્થીઓ સાથે રમતો રમી સ્ફૂર્તિ દાખવી

## જામનગરના ધારાસભ્ય રિવાબા જાડેજા રમતોત્સવમાં જોડાયા

**પ્રત્યેક વિદ્યાર્થીઓએ જીવનમાં રમતો રમીને પોતાનું સ્વાસ્થ્ય જાળવવા માટેનો વિશેષ સંદેશો આપ્યો હતો**

। (એજન્સી) જામનગર, તા.3 ।

જામનગરના ઉત્તર વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય રિવાબા જાડેજા પતિ રવિન્દ્ર જાડેજાની જેમ રમત ગમતના મેદાનમાં પોતાનું કૌશલ્ય દાખવી રહ્યા છે. તાજેતરમાં રિવાબા જાડેજાએ જી.ડી. શાહ હાઈસ્કૂલના યોજાયેલા રમતોત્સવમાં જુદી જુદી રમતની સ્પર્ધાઓમાં ભાગ લઈને દેશી રમતો સાથે પોતાની સ્મૃતિ તાજી કરી હતી. પ્રત્યેક વિદ્યાર્થીઓએ જીવનમાં રમતો રમીને પોતાનું સ્વાસ્થ્ય જાળવવા માટેનો વિશેષ સંદેશો આપ્યો હતો.

મળતી માહિતી અનુસાર, જામનગરની જી.ડી. શાહ હાઈસ્કૂલના શાળાકીય રમતોત્સવ યોજાયો હતો. જેમાં ભાજપના ધારાસભ્ય રિવાબા જાડેજા મુખ્ય મહેમાન બન્યા હતા. આ દરમિયાન તેમણે દેશી રમતો રમીને પોતાનું કૌશલ દાખવ્યું હતું. રિવાબા જાડેજાએ શાળાની વિદ્યાર્થિનીઓ સાથેની રસ્સા ખેંચ હરિફાઈમાં ભાગ લીધો હતો અને દોરડું ખેંચીને પોતાના વિદ્યાર્થીકાળના જીવનને યાદ કર્યો હતો. કબડ્ડીની સ્પર્ધામાં પણ વિદ્યાર્થીનિઓ સાથે રિવાબા જાડેજા કબડ્ડી રમ્યા હતા. આ ઉપરાંત જીવનમાં બેલેન્સની કેટલી જરૂર છે, તે માટેની કોન બેલેન્સની હરીફાઈમાં તેમણે માથા પર કોન મૂકીને બેલેન્સ જાળવીને દોડ્યા હતા અને સ્પર્ધા પૂર્ણ કરી હતી.

શાળાના વિદ્યાર્થીઓને ધારાસભ્ય રિવાબા જાડેજા જણાવ્યું હતું કે, 'વિદ્યાર્થીઓને મોબાઈલ અને વીડિયો ગેમથી દૂર રહીને મેદાનની રમતો તરફ વળવું જોઈએ. રમત ગમત એ માત્ર મનોરંજન નથી, પરંતુ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. શિસ્ત ટીમવર્ક અને ખેલદિલી જેવા અનેક ગુણોનો વિકાસ થાય છે.'

### જામનગરના ધ્રોલની ઘટના

## ડુપ્લીકેટ બિયારણની દવાનું વેચાણ કરવાનું કારસ્તાન પકડાયું

। (એજન્સી) જામનગર, તા.3 ।

જામનગર જિલ્લાના ધ્રોલમાં પટેલ સમાજની બાજુમાં આવેલી કામધેનુ એગ્રો સેન્ટર નામની જંતુનાશક દવા તથા બિયારણની વેચાણની દુકાનમાં ગઈકાલે અમદાવાદની એક કંપનીના પ્રતિનિધિ નિતીનકુમાર ભીખાભાઈ પટેલે ધ્રોલ પોલીસને સાથે રાખીને ચેકિંગ કરાવ્યું હતું. જે ચેકિંગ દરમિયાન બીએએસએફ પ્રીઓક્સર નામની બિયારણની દવાની બોટલ કે જેમાં ડુપ્લીકેટ પ્રવાહી ભરીને તેનું વેચાણ કરવામાં આવી રહ્યું હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેથી કંપનીના પ્રતિનિએ આ દવા ડુપ્લીકેટ હોવાનું જણાવતાં પોલીસ દ્વારા દુકાનમાંથી રૂપિયા ૭,૬૦૦ ની કિંમતની બે બોટલ કબ્જે કરી લીધી છે, અને પૃથકરણ માટે લેબોરેટરીમાં મોકલી આપી છે. ઉપરાંત કંપનીના પ્રતિનિધની ફરિયાદના આધારે ધ્રોળના વેપારી હસમુખભાઈ મગનલાલ પનારા સામે કોપીરાઈટ એક્ટ કલમ ૬૩ તથા બી.એન.એસ. કલમ ૩૪૭-૧ મુજબ ગુનો નોંધ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે. ઉપરાંત કંપનીના પ્રતિનિધની ફરિયાદના આધારે ધ્રોળના વેપારી હસમુખભાઈ મગનલાલ પનારા સામે કોપીરાઈટ એક્ટ કલમ ૬૩ તથા બી.એન.એસ. કલમ ૩૪૭-૧ મુજબ ગુનો નોંધ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

## જામજોધપુરમાં શેઢા બાબતની તકરારમાં જીવલેણ હૂમલો

। (એજન્સી) જામનગર, તા.3 ।

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના ભુપત આંબરડી ગામમાં રહેતા અને ખેતી કામ કરતા ડાડુભાઈ સોમાભાઈ પૂછડીયા નામના આહીર ખેડૂત યુવાન પર તેના જ કુટુંબીઓ એવા મયુરભાઈ બાબુભાઈ પૂછડિયા અને બાબુભાઈ સોમાભાઈ પૂછડિયા નામના પિતા પુત્રએ લાકડી વડે માથામાં તેમજ શરીરના અન્ય ભાગોમાં જીવલેણ હુમલો કરી હત્યાનો પ્રયાસ કરાયાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે.

## ૧૦૦ રૂપિયા માટે પતિએ પત્નીનું ઢીમ ઢાળી દીધુ, સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી



। સુરેન્દ્રનગર, તા.3 ।

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના ગુંદિયાળા ગામે ખેતમજૂરી કરતા પરપ્રાંતીય પતિએ પત્ની પાસે રૂપિયાની માગણી કરતા પત્નીએ રૂપિયાની ના પાડતા ઉશ્કેરાયેલા પતિએ ઈંટ અને પથ્થરના ઘા ઝીંકી પત્નીનું ઢીમ ઢાળી દેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.સુરેન્દ્રનગર જિલ્લામાં સામાન્ય વાતમાં મારામારી અને હત્યા સહિતના બનાવો બની રહ્યા છે, ત્યારે વધુ એક હત્યાના બનાવથી જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં અનેક પરપ્રાંતીય પરિવારો ખેત મજૂરી કરવા મધ્યપ્રદેશ સહિતના રાજ્યમાંથી આવતા હોય છે. ત્યારે મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના કાળીયા ઉર્ફે કાળુભાઈ મગનભાઈ ઓહરીયા પણ પત્ની અને ૩ પુત્ર સાથે વઢવાણ તાલુકાના ગુંદિયાળા ગામે ખેતમજૂરી કરવા માટે આવ્યા હતા. ગુંદિયાળા તેમજ ટુવા રોડ પર બે ખેતર ખેડવા રાખ્યા હતા. જેમાં કાળુભાઈ પત્ની સાથે ગુંદિયાળા ગામની સીમમાં આવેલા ખેતરમાં રહેતા હતા, જ્યારે મોટો પુત્ર ટુવા રોડ પર આવેલ ખેતર ખેડવા માટે રાખ્યું હોવાથી ત્યાં જ રહેતો હતો. ખેતમજૂરીનું તમામ કામ કાળુભાઈના પત્ની નૂરીબેન અને બાળકો જ કરતા હતા, પરંતુ જેની પાસેથી ખેતર ખેડવા રાખ્યું હતું તે ઉપેન્દ્રભાઈ પાસેથી કાળુભાઈ અવારનવાર ઉપાડના પૈસા લઈ ખર્ચ કરી નાખતા હતા, આથી પત્ની નૂરીબેને ખેતરના માલિક ઉપેન્દ્રભાઈને ઉપાડ માટેના રૂપિયા પતિને ન આપવા કહ્યું હતું. જેથી કાળુભાઈ નૂરીબેન પાસે અવારનવાર રૂપિયાની માગણી કરતા જેને લઈને છેલ્લા ઘણા સમયથી રૂપિયા મામલે પતિ પત્ની વચ્ચે અવારનવાર ઝઘડો થતો હતો. ત્યારે સોમવારે વહેલી સવારે ફરી એકવાર કાળુભાઈએ પત્ની નૂરીબેનને ઉંઘમાંથી જગાડી રૂપિયાની માગણી કરતા પતિ પત્ની વચ્ચે રૂપિયાને લઈને બોલાચાલી થતા નાનો પુત્ર રાહુલ પણ જાગી ગયો હતી.નૂરીબેને રૂપિયા આપવાની ના પાડતા ઝઘડો વધુ ઉગ્ર બનતાં ઉશ્કેરાયેલા કાળુભાઈએ નાના પુત્ર રાહુલની નજર સામે જ ઓરડીની બાજુમાં પડેલી ઈંટ તેમજ પથ્થર ઉપાડી પત્ની નૂરીબેનના માથાના ભાગે આડેધડ ઘા ઝીંકી દેતા ગંભીર ઈજાઓ પહોંચતા નૂરીબેનનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. પોતાના હાથે માતાની હત્યા જોઈ ડઘાઈ ગયેલા રાહુલે આસપાસના ખેતરોમાં રહેલા અન્ય ખેત મજૂરોને બોલાવી લાવ્યો હતો અને સમગ્ર ઘટના અંગે વાડી માલિક તેમજ ગામના આગેવાનોને જાણ કરતા વાડી માલિક તેમજ મહિલા સરપંચના પતિ સહિતના આગેવાનો ખેતરે દોડી આવ્યા હતા અને બનાવ અંગે જોરાવરનગર પોલીસને જાણ કરતા પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો અને લાશને પોસ્ટમોર્ટમ માટે સુરેન્દ્રનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.જ્યારે હત્યારા પતિ કાળુને હત્યાના બનાવથી થોડે દૂર ખેતરમાંથી જ ઝડપી લીધો હતો.

### પહેલા જ બનાવમાં ઝડપાઈ ગયો

## દેવું ભરપાઈ કરવા યુવકે ફિલ્મી સીન જોઈ મહિલાના બુટ્ટી લૂંટી

**વડોદરા જીઆઇડીસીમાં નોકરી કરતા હિતેશ તળપદા નામના ૨૦ વર્ષના યુવકે મકાન માટે લોન લીધી હોવાથી તેના હપ્તા ભરી શકતો ન હતો**

। (એજન્સી) વડોદરા, તા.3 ।

વડોદરામાં થોડા સમય પહેલા જ લગ્ન કરનાર એક યુવકે દેવું ચૂકવવા માટે મહિલાના દાગીના લૂંટવાનું શરૂ કર્યું હતું પરંતુ પહેલા જ બનાવમાં ઝડપાઈ ગયો હતો.વડોદરા નજીક પાદરા તાલુકાના ઉમરાયા ગામે રહેતા અને વડોદરા જીઆઈડીસીમાં નોકરી કરતા હિતેશ તળપદા નામના ૨૦ વર્ષના યુવકે મકાન માટે લોન લીધી હોવાથી તેના હપ્તા ભરી શકતો ન હતો. આ ઉપરાંત તેણે થોડા સમય પહેલા લગ્ન કર્યા હતા અને તેનો ખર્ચ કરતા દેવું ચડી ગયું હતું. આમ આર્થિક ભીંસમાં મુકાયેલા યુવકે કોઈ ફિલ્મમાં મહિલાના દાગીના લૂંટવાનો સીન જોઈ પોતે પણ દાગીના લૂંટવાનું નક્કી કર્યું હતું.

દાગીના પહેરેલ મહિલાની શોધમાં તે મકરપુરા રોડ પર ફરતો હતો તે દરમિયાન તા.૨૯મી એ બપોરે એક મહિલા તેની પુત્રીને ટ્યુશન મૂકીને સ્કૂટર પર જઈ રહી હતી ત્યારે યુવકે બાઈક નજીક લઈ જઈ તેના કાનની અઢી ગ્રામની બુટ્ટી લૂંટી લીધી હતી. વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરી આ યુવકને ગઈકાલે જીઆઈડીસી રોડ પરથી ઝડપી પાડ્યો હતો અને તેની પાસેથી મોટર સાયકલ, મોબાઈલ અને લુટેલી બુટ્ટી કબજે કર્યા હતા.

પોલીસની પૂછપરછ દરમિયાન યુવકે કહ્યું હતું કે બુટ્ટી લૂટ્યા બાદ તે જીઆઈડીસી ગયો હતો અને નંબર પ્લેટ પરની પટ્ટી કાઢી નાખી હતી. ત્યારબાદ તે હાઈવે પર થઈ કરજણવાળા રોડ પરથી તેના ગામ ગયો હતો.

## રાજકોટમાં ૪ વર્ષના બાળકનું પાણીના ટાંકામાં પડવાથી મોત

। રાજકોટ, તા.3 ।

રાજકોટમાંથી માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક ૪ વર્ષના બાળકનું રમતા-રમતા ભૂગર્ભ ટાંકીમાં પડી જવાથી મોત નિપજ્યું છે. સમગ્ર ઘટનાથી પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. મળતી માહિતી મુજબ, રાજકોટના નાણાવટી ચોક યોજના રહેતા રાહુલ અઘારાનો ૪ વર્ષનો દીકરો વહેલી સવારે ૧૦ વાગ્યાની આસપાસ ઘર પાસે રમી રહ્યો હતો. ત્યારે અચાનક રમતા-રમતા ખુલ્લા ભૂગર્ભ ટાંકામાં પડી ગયો હતો. જોકે, ઘણાં સમય સુધી બાળક ન દેખાતા પરિવારે તેની શોધખોળ શરૂ કરી હતી. આસપાસમાં તપાસ બાદ પણ બાળક ન મળતા પરિવારજનોને ખુલ્લાં ભૂગર્ભ ટાંકા પર નજર પડી હતી.

### ફેસબુકના માધ્યમથી કોન્ટેક કરતા હતા

## ઓઈલના વેપારી સાથે ૨૮ લાખની છેતરપિંડીમાં બે લોકોની ધરપકડ

। (એજન્સી) ભાવનગર, તા.3 ।

ભાવનગરમાં વેપારી સાથે થયેલી છેતરપિંડીમાં મહિલા સહિત ૨ લોકો ઝડપાયા છે. ઓઈલના વેપારી સાથે ૨ લોકોએ રૂ.૨૮ લાખની ઠગાઈ કરી હતી. આ મામલે ફરિયાદ કરવામાં આવી હતી. ગાઝીયાબાદની મહિલા અને એક યુવકને ઝડપી લીધો છે. સોશિયલ મીડિયાના માધ્યમથી વેપારીનો સંપર્ક કર્યો હતો. આરોપીઓ સામે હરિયાણા, બેંગ્લોરમાં પણ ગુનાઓ નોંધાયેલા છે. LCB એ આરોપીઓને ઝડપી વધુ તપાસ હાથ ધરી છે. .ભાવનગરમાં ઓઈલના વેપારી સાથે થયેલી ૨૮ લાખની છેતરપિંડીમાં મહિલા સહિત ૨ આરોપીઓ ઝડપાયા છે. ભાવનગરની LCBની ટીમે ગાઝીયાબાદની મહિલા અને એક યુવકને ઝડપી લીધા છે. વોરાવાડમાં રહેતા વેપારી સાથે ફેસબુકના માધ્યમથી કોન્ટેક કરી આરોપીઓએ વેપારીને ઓઈલ મોકલવાના વાત કરી હતી. વેપારીને ખોટા ઈ વે બિલ અને ઈન્વોઈસ બિલ મોકલી કંપનીના એકાઉન્ટમાં રૂપિયા ૨૮ લાખ ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા. ગાઝીયાબાદની યુવતી અને યુવકની ધરપકડ કરવામાં આવી છે. યુવક અને યુવતી ઉપર હરિયાણા સાયબર ક્રાઈમ અને બેંગ્લોરમાં પણ ફરિયાદ નોંધાઈ છે. LCBની ટીમે બંનેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે આરોપીઓએ અન્ય કોઈ સાથે છેતરપિંડી કરી છે કે નહીં તે દિશામાં તપાસ હાથ ધરી છે. આરોપીઓએ વેપારીને ખોટા ઈ વે બિલ અને ઈન્વોઈસ બિલ મોકલી કંપનીના એકાઉન્ટમાં રૂપિયા ૨૮ લાખ ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા. પોલીસે આરોપીઓએ અન્ય કોઈ સાથે છેતરપિંડી કરી છે કે નહીં તે દિશામાં તપાસ હાથ ધરી છે. આરોપીઓએ વેપારીને ખોટા ઈ વે બિલ અને ઈન્વોઈસ બિલ મોકલી કંપનીના એકાઉન્ટમાં રૂપિયા ૨૮ લાખ ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા.

## ૭૬મા વન મહોત્સવની મહાનગરપાલિકા કક્ષાની ઉજવણી નડિયાદ ખાતે કરવામાં આવી







। (માહિતી) નડિયાદ, તા.3 ।

સૌ સાથે મળીને સાથ, સહકાર અને સહયોગ થકી વૃક્ષો, વનો અને વન સંપ્રદાનું સંરક્ષણ કરીએ- સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણ, યુવા મિત્રોને ખાસ ગળતેશ્વર વનની મુલાકાત લેવા અને પ્રકૃતિને માળવા સાંસદશ્રીએ કર્યો અનુરોધ સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણ અને મહાનગરપાલિકાના કમિશનરશ્રી જી.એચ.સોલંકીની વિશેષ ઉપસ્થિતિમાં ૭૬મા વન મહોત્સવની મહાનગરપાલિકા કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. જે જે સાયન્સ કોલેજ નડિયાદ ખાતે આ પ્રસંગે સાંસદશ્રીએ જણાવ્યું હતું કે, " વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા "એક પેડ મા કે નામ ૨.૦" અભિયાન અંતર્ગત રાજ્યમાં ૧૦ કરોડ ૩૫ લાખ રોપાઓ વાવેતરનું લક્ષ્યાંક છે. આપણું સૌભાગ્ય છે કે તાજેતરમાં જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે રાજ્ય કક્ષાના ૭૬ માં વન મહોત્સવની ઉજવણી આપણા ગળતેશ્વર ખાતે "ગળતેશ્વર સાંસ્કૃતિક વન" લોકાર્પણ કરીને કરવામાં આવી છે.આ પ્રસંગે સાંસદશ્રીએ ઉપસ્થિત તમામને અને વિશેષ તો યુવા મિત્રોને ખાસ ગળતેશ્વર વનની મુલાકાત લેવા અને પ્રકૃતિને માણવા અનુરોધ કર્યો હતો. યુવાનોને ખાસ આ વર્ષે એક પેડ મા કે નામ ૨.૦ અંતર્ગત વૃક્ષારોપણ કરવા અને તેનું જતન જરૂર કરવા સૂચન કર્યું હતું. વધુમાં પ્રકૃતિ પ્રત્યે સંવેદના અને સંરક્ષણ કરવા આપણે સૌ કટિબદ્ધ બનીએ. આ તકે સાંસદશ્રી એ પાણી અને વીજળીનો પણ વિવેક પૂર્ણ ઉપયોગ કરવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. નાયબ વન સંરક્ષકશ્રી વિષ્ણુભાઈ દેસાઈએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે ,"પ્રકૃતિ વંદનાનું વિશિષ્ટ પર્વ વન મહોત્સવ છે. ગુજરાતીઓમાં પ્રકૃતિ વણાયેલી છે. ગુજરાતનો સાંસ્કૃતિક વારસો પારંપરિત રીતે ઉજવણી કરવાનો છે. જે આપણે વન મહોત્સવ દ્વારા કરી રહ્યા છીએ. પર્યાવરણના સંતુલન માટે પર્યાવરણ સંરક્ષણ મહત્વ પૂર્ણ છે અને આવનારી પેઢી માટે પર્યાવરણનું જતન કરીએ. તેમણે ઉપસ્થિત તમામને કહ્યું હતું કે, સરકાર વિવિધ યોજનાઓ અંતર્ગત અને સામાજિક વનીકરણ વિભાગ દ્વારા હરિત ગુજરાત બનાવવા માટે પ્રયત્નશીલ છે ત્યારે આપણે સૌએ પણ પોતાનું યોગદાન આપવું જોઈએ. વડાપ્રધાનશ્રી ના "એક પેડ મા કે નામ" અભિયાન અંતર્ગત દરેક વ્યકિતએ એક વૃક્ષ ઉછેરવું જોઈએ. મદદનીશ વન સંરક્ષકશ્રી આર.એમ.પુરોહિત દ્વારા કાર્યક્રમની આભાર વિધિ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા જે જે સાયન્સ કોલેજના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નાયબ વન સંરક્ષક શ્રી અભિષેક સામરીયા, જે જે કોલેજના પ્રિન્સિપાલશ્રી અલ્પેશભાઈ પટેલ, ધાર્મિક આગેવાન શ્રી સ્મીતાબેન પ્રજાપતિ, નડિયાદ કેળવણી મંડળના સંચાલકો, શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ પ્રોફેસરો તેમજ વિવિધ સામાજિક સંસ્થાના અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઉપસ્થિત તમામને કહ્યું હતું કે, સરકાર વિવિધ યોજનાઓ અંતર્ગત અને સામાજિક વનીકરણ વિભાગ દ્વારા હરિત ગુજરાત બનાવવા માટે પ્રયત્નશીલ છે ત્યારે આપણે સૌએ પણ પોતાનું યોગદાન આપવું જોઈએ. વડાપ્રધાનશ્રી ના "એક પેડ મા કે નામ" અભિયાન અંતર્ગત દરેક વ્યકિતએ એક વૃક્ષ ઉછેરવું જોઈએ. તેમણે ઉપસ્થિત તમામને કહ્યું હતું કે, સરકાર વિવિધ યોજનાઓ અંતર્ગત અને સામાજિક વનીકરણ વિભાગ દ્વારા હરિત ગુજરાત બનાવવા માટે પ્રયત્નશીલ છે ત્યારે આપણે સૌએ પણ પોતાનું યોગદાન આપવું જોઈએ. વડાપ્રધાનશ્રી ના "એક પેડ મા કે નામ" અભિયાન અંતર્ગત દરેક વ્યકિતએ એક વૃક્ષ ઉછેરવું જોઈએ. મદદનીશ વન સંરક્ષકશ્રી આર.એમ.પુરોહિત દ્વારા કાર્યક્રમની આભાર વિધિ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા જે જે સાયન્સ કોલેજના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નાયબ વન સંરક્ષક શ્રી અભિષેક સામરીયા, જે જે કોલેજના પ્રિન્સિપાલશ્રી અલ્પેશભાઈ પટેલ, ધાર્મિક આગેવાન શ્રી સ્મીતાબેન પ્રજાપતિ, નડિયાદ કેળવણી મંડળના સંચાલકો, શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ પ્રોફેસરો તેમજ વિવિધ સામાજિક સંસ્થાના અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨




નવી દિલ્હીમાં લોહા પુલ (જૂનો લોખંડનો પુલ) નજીક, સતત ભારે વરસાદ પછી યમુના નદીમાં પાણીનું સ્તર વધી ગયું છે અને તે ભયના નિશાનને વટાવી ગઈ છે, તેથી લોકો ગાડી ધક્કો મારી રહ્યા છે. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા નવી દિલ્હીમાં ગીતા કોલોની નજીક યમુના પૂરના મેદાનની મુલાકાત લે છે.

### અંતિમ દિવસે નામ કમી કરાવવા ૨.૧૭ લાખ, ઉમેરવા માટે ૩૬,૦૦૦ અરજી

# બિહાર SIRની સમયમર્યાદા લંબાવવા સુપ્રીમ કોર્ટનો ઈનકાર

**મતદાતાઓ ૧ સપ્ટેમ્બર પછી પણ યાદીમાં નામ ઉમેરવાની કે તે અંગે વાંધા રજૂ કરવાની કે તેમાં સુધારા કરવા અંગેની રજૂઆત કરી શકશે**

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।**

બિહારમાં ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલી વિશેષ મતદાર યાદી સુધારણા (એસઆઈઆર)માં નામ ઉમેરવા, વાંધા રજૂ કરવા અથવા તો સુધારો કરવા માટેની એક મહિનાની સમયમર્યાદા સોમવારે પૂરી થઈ હતી. સુપ્રીમ કોર્ટે એસઆઈઆર માટે વધુ સમય આપવાનો ઈનકાર કર્યો હતો. મતદાતાઓ ૧ સપ્ટેમ્બર પછી પણ યાદીમાં નામ ઉમેરવાની કે તે અંગે વાંધા રજૂ કરવાની કે તેમાં સુધારા કરવા અંગેની રજૂઆત કરી શકશે તેવી ચૂંટણી પંચે આપેલી ખાતરી બાદ સુપ્રીમે આ સમયમર્યાદા લંબાવવાનો ઈનકાર કર્યો હતો. બિહાર એસઆઈઆર માટે ચૂંટણી પંચે જારી કરેલા કાર્યક્રમ અનુસાર, રાજ્યની અંતિમ મતદાર યાદી ૩૦ સપ્ટેમ્બરના રોજ પ્રકાશિત કરાશે. જસ્ટિસ સૂર્યકાંત તથા જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે જણાવ્યું હતું કે, ચૂંટણી પંચે પોતાના જવાબમાં જણાવ્યું છે કે, ૧ સપ્ટેમ્બરની ડેડલાઈન પછી પણ દાવા, વાંધા કે સુધારા રજૂ કરવા પર રોક નથી લગાવાઈ. ૧ સપ્ટેમ્બર પછી પણ



જ્યાં સુધી અંતિમ મતદાર યાદી તૈયાર ના થાય ત્યાં સુધી તે સ્વીકારવામાં આવશે. એટલું જ નહીં આ પ્રક્રિયા નામાંકનની છેલ્લી તારીખ સુધી ચાલુ રહેશે અને ઉમેરાયેલાં કે રદ કરાયેલાં તમામ નામો અંતિમ મતદાર યાદીમાં સમાવી લેવાશે. આ સાથે જ સર્વોચ્ચ અદાલતે રાજકીય પક્ષોને ચૂંટણી પંચે આપેલા જવાબ અંગે પોતાની પ્રતિક્રિયાઓ રજૂ કરવા મંજૂરી આપી હતી. આ સાથે જ સુપ્રીમ કોર્ટે બિહાર એસઆઈઆરની કવાયતને વિશ્વાસને લગતો મુદ્દો ગણાવી, વ્યક્તિગત મતદારો તથા રાજકીય પક્ષોને દાવા અને વાંધા રજૂ કરવાની પ્રક્રિયામાં મદદ કરવા કાયદા ક્ષેત્રે સંકળાયેલા સ્વયંસેવકોને તૈનાત કરવા નિર્દેશ આપ્યો હતો. બેન્ચે જણાવ્યું હતું કે, આ સ્વયંસેવકોએ તેમના સંબંધિત ડિસ્ટ્રિક્ટ જજને કોન્ફિડેન્શિયલ રિપોર્ટ આપવાનો રહેશે, અને એકત્રિત કરાયેલી આ તમામ માહિતી પર ૮ સપ્ટેમ્બરના રોજ વિચાર કરાશે. બિહારમાં વિશેષ મતદાર સુધારણા યાદીમાં નામ ઉમેરવા, વાંધા રજૂ કરવા અથવા તો સુધારો કરવા માટેની એક મહિનાની સમયમર્યાદા ૧ સપ્ટેમ્બરે પૂરી થઈ હતી. સોમવારે છેલ્લાં દિવસે ૨.૧૭ લાખ લોકોએ પોતાનું નામ ખોટી રીતે મતદાર યાદીમાં સમાવાયું હોવાનું જણાવી તેને કમી કરવા માટે અરજી કરી હતી. જ્યારે ૩૬,૦૦૦થી વધુ લોકોએ યાદીમાં પોતાનું નામ ઉમેરવા માટે અરજી કરી હતી. બિહારમાં વિશેષ મતદાર સુધારણા યાદીમાં નામ ઉમેરવા, વાંધા રજૂ કરવા અથવા તો સુધારો કરવા માટેની એક મહિનાની સમયમર્યાદા ૧ સપ્ટેમ્બરે પૂરી થઈ હતી. સોમવારે છેલ્લાં દિવસે ૨.૧૭ લાખ લોકોએ પોતાનું નામ ખોટી રીતે મતદાર યાદીમાં સમાવાયું હોવાનું જણાવી તેને કમી કરવા માટે અરજી કરી હતી. જ્યારે ૩૬,૦૦૦થી વધુ લોકોએ યાદીમાં પોતાનું નામ ઉમેરવા માટે અરજી કરી હતી.

## પ્રતિનિધિમંડળે મુલાકાત બાદ મરાઠા આંદોલનની લગભગ માંગણીઓ સ્વીકારી

**। (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૩ ।**

મરાઠા આંદોલનને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે. મહારાષ્ટ્ર સરકાર નેતા મનોજ જરાંગેની માંગણીઓ સમક્ષ ઝૂકી રહી હોય તેવું લાગી રહ્યું છે. વિખે પાટિલ સહિત રાજ્ય સરકારના એક પ્રતિનિધિમંડળે જરાંગને મળ્યા અને તેમની ઘણી માંગણીઓ સ્વીકારી લીધી છે.. પ્રદર્શનકારીઓ સામે નોંધાયેલા કેસ સપ્ટેમ્બરના અંત સુધીમાં પાછા ખેંચી લેવામાં આવશે. સરકારે મરાઠા અને કુણબીને એક અને સમાન જાહેર કરવા માટે એક મહિનાનો સમય માંગ્યો છે. મંગળવારે બોમ્બે હાઈકોર્ટે કેસની સુનાવણી કરી હતી. આ દરમિયાન મનોજ જરાંગેના વકીલ સતીશ માનેશિંદેએ કોર્ટને જણાવ્યું કે, ૯૦ ટકા પ્રદર્શનકારીઓ મુંબઈ છોડીને ચાલ્યા ગયા છે. તેમણે કોર્ટને એ પણ જણાવ્યું કે, જરાંગેએ મુંબઈમાંથી તમામ વાહનો હટાવવાનો આદેશ આપ્યો છે. જણાવી દઈએ કે, સુનાવણી દરમિયાન જ માનેશિંદેએ કહ્યું હતું કે, કેબિનેટ સચિવ અને મનોજ જરાંગે ટૂંક સમયમાં મળી શકે છે. આજે સરકારે કોર્ટમાં કહ્યું કે, સરકાર કાયદા મુજબ કામ કરશે. બોમ્બે હાઈકોર્ટે એમ પણ કહ્યું હતું કે, આંદોલનકારીઓને વિરોધ કરવાની પરવાનગી નથી. કોર્ટે પોતાના આદેશમાં કહ્યું હતું કે, તમને ૫૦૦૦ લોકો માટે પરવાનગી આપવામાં આવી હતી, પરંતુ તમે શું કર્યું?

### ગુનેગારો કાયદાના ચુંગાલમાંથી બહાર નીકળવામાં સફળ થાય છે

# ‘વાજબી શંકાથી પર’ સિદ્ધાંતના દુરૂપયોગને લીધે ગુનેગારો નિર્દોષ છૂટી રહ્યા છે : સુપ્રીમ

**પટણા હાઇકોર્ટે સપ્ટેમ્બર ૨૦૨૪માં આવી જ રીતે શંકાનો લાભ આપીને જઘન્ય ગુનાના આરોપીને છોડી મુકવાનો હુકમ કર્યો હતો**

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।**

‘વાજબી શંકાથી પર’ના સિદ્ધાંતના ‘‘ખોટા ઉપયોગ’’ ને કારણે, વાસ્તવિક ગુનેગારો કાયદાના ચુંગાલમાંથી બહાર નીકળવામાં સફળ થાય છે અને નિર્દોષ છૂટવાના આવા દરેક ઉદાહરણ સમાજની સુરક્ષાની ભાવના સામે ‘‘બળવા’’ જેવા છે અને તે ફોજદારી ન્યાય પ્રણાલી પર કલંકરૂપ છે તેવું તારણ સુપ્રીમ કોર્ટે કાઢ્યું છે. એક સગીરા પર રેપના બે આરોપીને દોષી જાહેર કરતાં એક ટ્રાયલ કોર્ટનો ચુકાદો જાળવી રાખતાં સુપ્રીમે ટકોર કરી હતી કે ઘણીવાર એવા કિસ્સાઓ ધ્યાનમાં આવે છે જ્યાં નાની વિસંગતતાઓ, વિરોધાભાસો અને ખામીઓના આધારે નિર્દોષ છૂટકારો થાય છે કેમ કે આવા આરોપીઓને વાસ્તવિક શંકાનો લાભ મળી જાય છે. જસ્ટિસ સંજય કુમાર અને જસ્ટિસ સતીષ ચંદ્ર શર્માની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે કોર્ટો સમાજની વાસ્તવિક હકીકત પ્રત્યે સંવેદનશીલ



બને. જો એવું થાય તો કાયદાનો ઈરાદો જળવાઈ રહેશે અને વિધાનપરિષદ દ્વારા ઊભા કરવામાં આવેલાં રક્ષણો ઈચ્છિત વ્યક્તિઓ સુધી સાચા અર્થમાં પહોંચે. બેન્ચે વધુમાં ઉમેર્યું કે કોઈ પણ નિર્દોષ વ્યક્તિને તેણે ન કરેલા કામ માટે સજાનો સામનો કરવો ન જોઈએ, પરંતુ એ જ રીતે, કોઈ પણ ગુનેગારને ગેરવાજબી શંકાઓ અને પ્રક્રિયાના ખોટા ઉપયોગના આધારે નિર્દોષ જાહેર ન કરવો જોઈએ.‘પ્રક્રિયાગત પવિત્રતાના મહત્વ હોવા છતાં, જ્યારે કોઈ ગુનેગાર, તે પણ એક જઘન્ય જાતીય ગુનાનો હોય, તે પીડિતા સાથે પ્રક્રિયાગત નિયમોના ખોટા ઉપયોગ કરીને, પીડિતાની જાણકારી વિના અને પીડિતાના કોઈપણ નિયંત્રણ વિના, છૂટી જાય છે ત્યારે તે હંમેશા સમગ્ર સિસ્ટમ માટે સંપૂર્ણ નિષ્ફળતાની બાબત બને છે’ તેમ બેન્ચે ઉમેર્યું હતું. પટણા હાઈકોર્ટે સપ્ટેમ્બર ૨૦૨૪માં આવી જ રીતે શંકાનો લાભ આપીને જઘન્ય ગુનાના આરોપીને છોડી મુકવાનો હુકમ કર્યો હતો. તેણે નીચલી કોર્ટનો હુકમ પલટાવી દીધો હતો. જોકે સુપ્રીમે આ આદેશ ફેરવી દીધો છે. તે પીડિતા સાથે પ્રક્રિયાગત નિયમોના ખોટા ઉપયોગ કરીને, પીડિતાની જાણકારી વિના અને પીડિતાના કોઈપણ નિયંત્રણ વિના, છૂટી જાય છે ત્યારે તે હંમેશા સમગ્ર સિસ્ટમ માટે સંપૂર્ણ નિષ્ફળતાની બાબત બને છે’ તેમ બેન્ચે ઉમેર્યું હતું. પટણા હાઈકોર્ટે સપ્ટેમ્બર ૨૦૨૪માં આવી જ રીતે શંકાનો લાભ આપીને જઘન્ય ગુનાના આરોપીને છોડી મુકવાનો હુકમ કર્યો હતો. તેણે નીચલી કોર્ટનો હુકમ પલટાવી દીધો હતો. જોકે સુપ્રીમે આ આદેશ ફેરવી દીધો છે.

### ચોરોએ મોટી ચોરીની ઘટનાને અંજામ આપ્યો

# SBI બેન્ક માંથી ૨ કરોડના ઘરેણાં અને ૮ લાખના કેશની ચોરી

**। (એજન્સી) મધ્યપ્રદેશ, તા.૩ ।**

મધ્યપ્રદેશના ઉજ્જૈન સ્થિત મહાનંદા નગરની SBI બેન્કની બ્રાન્ચમાં ચોરોએ મોટી ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. બેન્ક બ્રાન્ચ માંથી ચોર આશરે ૨ કરોડ રૂપિયાની કિંમતના આભૂષણ અને ૮ લાખ રૂપિયા કેશ ચોરી કરીને ફરાર થઈ ગયા છે. મળતી માહિતી પ્રમાણે મધ્ય પ્રદેશના ઉજ્જૈન સ્થિત મહાનંદા નગરની એસબીઆઈ બેન્કની બ્રાન્ચમાં ચોરોએ મોટી ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. બેન્ક બ્રાન્ચમાંથી ચોર લગભગ ૨ કરોડ રૂપિયાની કિંમતના આભૂષણ અને ૮ લાખ રૂપિયા કેશ ચોરી કરીને ફરાર થઈ ગયા છે. ચોરી ની આ ઘટનાની જાણકારી મળ્યા બાદ ઉજ્જૈન પોલીસમાં હડકંપ મચી ગયો છે. તો સીસીટીવી ફુટેજમાં ચોરો ચોરીને અંજામ આપતા જોવા મળ્યા છે. મળતી માહિતી પ્રમાણે ચોરી કરેલા ઘરેણાં બેન્કમાં રાખેલાં ગોલ્ડ લોનના ઘરેણાં છે. હાલ પોલીસ સીસીટીવીના આધારે ચોરોની તપાસમાં જોતરાઇ છે. ઉજ્જૈન સ્થિત મહાનંદા નગરમાં એક મોટી ચોરીની ઘટના ઘટવા પામી છે.જેમાં બેન્કમાં રાખવામાં આવેલાં ગોલ્ડ લોનના ઘરેણાં ચોરીને ચોરો ફરાર થઈ ગયા છે.

# ગુજરાત નજીક અરબ સાગરમાં વાયુસેનાનું શક્તિ પ્રદર્શન

**ભારતીય વાયુસેનાએ યુદ્ધાભ્યાસને ધ્યાનમાં રાખીને નોટિસ ટુ એર મિશન (NOTAM) જાહેર કર્યું છે જે વિમાનોને માર્ગ બદલવા માટે સંકેત આપે છે**

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।**

ભારતીય વાયુસેના (IAF) બીજી અને ત્રીજી સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ગુજરાત નજીક અરબી સમુદ્રમાં યુદ્ધાભ્યાસ શરૂ કર્યું છે. આ યુદ્ધાભ્યાસ પાકિસ્તાનના કરાચી એરસ્પેસથી માત્ર ૨૦૦ નોટિકલ માઈલ (૩૭૦ કિ.મી.) દૂર શરૂ કરાયું છે. ભારતીય વાયુસેનાએ યુદ્ધાભ્યાસને ધ્યાનમાં રાખીને નોટિસ ટુ એર મિશન (NOTAM) જાહેર કર્યું છે. જે વિમાનોને માર્ગ બદલવા માટે સંકેત આપે છે. ભારતીય વાયુસેનાનો બે દિવસીય યુદ્ધાભ્યાસ આજે ( બીજી સપ્ટેમ્બર) સવારે ૧૧ વાગ્યે ગુજરાત અને રાજસ્થાન નજીક અરબી સમુદ્રમાં શરૂ કરાયું છે. જે ત્રીજી સપ્ટેમ્બરના રોજ બપોરે ૨ વાગ્યા સુધી ચાલુ રહેશે. અરબી સમુદ્રમાં આ કોરિડોર સંવેદનશીલ છે કારણ કે પાકિસ્તાનનું એરસ્પેસ ત્યાથી પસાર થાય છે. આ યુદ્ધાભ્યાસ ભારતની વ્યૂહાત્મક તૈયારી દર્શાવે છે.



NOTAM સરળ શબ્દોમાં કહીએ તો, તે વાયુસેનાઓને સંકેત આપે છે કે કોઈ ચોક્કસ વિસ્તારમાં અસામાન્ય પ્રવૃત્તિઓ થશે, જેમ કે હથિયાર પરીક્ષણ અથવા યુદ્ધાભ્યાસ. તે ઈન્ટરનેશનલ સિવિલ એવિએશન કન્વેન્શન (CICA) હેઠળ જાહેર કરવામાં આવે છે. નોંધનીય છે કે, NOTAM મોટો યુદ્ધાભ્યાસ માટે જાહેર કરવામાં આવે છે. પરંતુ આ વખતે યુદ્ધાભ્યાસનો વિસ્તાર પાકિસ્તાનના કરાચીથી લગભગ ૨૦૦ નોટિકલ માઈલ દૂર છે, જે વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ છે. ઉલ્લેથનીય છે કે, ભારત અને અમેરિકાએ અલાસ્કામાં અત્યાર સુધીનો સૌથી મોટો યુદ્ધાભ્યાસ શરૂ કર્યો છે. બંને દેશો વચ્ચે ૫ હેલીથી ૧૪મી સપ્ટેમ્બર દરમિયાન અલાસ્કામાં યુદ્ધાભ્યાસ યોજાઈ રહ્યો છે. આ અંગે ભારતીય વિદેશ મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘X’ લખ્યું, ‘ભારતીય સેનાની એક ટુકડી યુદ્ધાભ્યાસ ૨૦૨૫ (પહેલીથી ૧૪મી સપ્ટેમ્બર)ના ૨૧મા સંસ્કરણ માટે ફોર્ટ વેનરાઈટ, અલાસ્કા પહોંચી ગઈ છે. યુએસ ૧૧મા એરબોર્ન ડિવિઝનના સૈનિકો સાથે, હેલિબોર્ન ઓપરેશન્સ, પર્વતીય યુદ્ધ, UAS/fkWLxh-UAS અને સંયુક્ત વ્યૂહાત્મક યુદ્ધાભ્યાસમાં તાલીમ લેશે - જેનાથી UN PKO અને મલ્ટી-ડોમેન તૈયારીને પ્રોત્સાહન મળશે.’

## કુદરતનો પ્રકોપ : ભૂસ્ખલનથી હિમાચલ, ઉત્તરાખંડમાં ૭નાં મોત

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।**

ઉત્તર ભારતમાં કુદરતનો પ્રકોપ યથાવત છે. ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં અલગ અલગ ઘટનાઓમાં ૭ લોકોના મોત થયા છે. ભૂસ્ખલનને કારણે અનેક રસ્તાઓ બંધ છે. બીજી બાજુ મુશળધાર વરસાદને કારણે પૂરગ્રસ્ત પંજાબની હાલત વધુ ખરાબ થઈ છે. અનેક વિસ્તારો જળમગ્ન થતાં સોમવારે રાજ્યની તમામ શાળાઓ અને કોલેજો બંધ રાખવામાં આવી હતી. ભૂસ્ખલનને કારણે શિમલા-કાલકા ટ્રેક પર દોડતી છ ટ્રેનો રદ કરવામાં આવી છે, અને રાજ્યમાં પાંચ રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૭૯૩ રસ્તાઓ બંધ છે. હવામાન વિભાગે મંગળવાર સુધી ૬ જિલ્લા માટે રેડ એલર્ટ જાહેર કર્યુ છે. હિમાચલ પ્રદેશમાં શિમલા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ભૂસ્ખલનની અલગ અલગ ઘટનાઓમાં ૩૫ વર્ષીય પુરુષ અને તેની પુત્રી સહિત પાંચ લોકોના મોત અને ઉત્તરાખંડમાં કેદારનાથ રૂટ પર ભૂસ્ખલનમાં બે યાત્રાળુઓના મોત થયા છે. હિમાચલ પ્રદેશમાં ઓગસ્ટ મહિનામાં ૭૬ વર્ષમાં સૌથી વધુ વરસાદ પડ્યો છે. ઓગસ્ટમાં ૪૩૧.૩ મીમી વરસાદ નોંધાયો છે, જે ૧૯૪૯ પછીનો સૌથી વધુ વરસાદ છે. જ્યારે પંજાબમાં ઓગસ્ટમાં ૨૫૩.૭ મીમી વરસાદ પડ્યો હતો, જે સામાન્ય કરતાં ૭૪ ટકા વધુ છે અને ૨૫ વર્ષમાં રાજ્યનો સૌથી વધુ વરસાદ છે.કટરા શહેરમાં ભારે વરસાદ વચ્ચે માતા વૈષ્ણોદેવી મંદિરની યાત્રા સતત સાતમા દિવસે સ્થગિત કરાઈ હતી. આ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જમ્મુના સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. શાહે તાજેતરના પૂરથી પ્રભાવિત લોકોના પુનર્વસન માટે મોદી સરકારની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. રાજભવન ખાતેની ઉચ્ચ સ્તરીય બેઠકમાં શાહે બચાવ કાર્યમાં રોકાયેલી એજન્સીઓના પ્રયાસોની પ્રશંસા પણ કરી હતી.

### સાડા ત્રણ વર્ષમાં જ ભારતે વિશ્વનું ધ્યાન ખેંચ્યુ

# ભારતે સેમીકંડકટર ટેક્નોલોજીમાં મોટી સિદ્ધિ હાંસલ કરી

**। (એજન્સી) નવીદિલ્હી, તા.૩ ।**

ભારતે સેમીકંડકટર ટેક્નોલોજીમાં મોટી સિદ્ધિ હાંસલ કરી. ભારતમાં બનેલી પહેલી સેમીકંડકટર ચિપ આજના દિવસે લોન્ચ કરવામાં આવી છે. કેન્દ્રીય IT મંત્રી અશ્વિની વૈષ્ણવે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને દેશમાં બનેલી પહેલી ચિપ ભેટ આપી. આ પ્રસંગે તેમણે વિક્રમ 32-બિટ પ્રોસેસર (Vikram 32-bit chip) અને ચાર અન્ય મંજૂર પ્રોજેક્ટ્સના ટેસ્ટ ચિપ્સ પણ રજૂ કર્યા. આ ચિપને ISROની સેમીકંડકટર લેબમાં બનાવવામાં આવી છે. ૨ સપ્ટેમ્બર પીએમ મોદીએ દિલ્હી ખાતે Semicon India 2025 નું ઉદઘાટન કર્યું. આ અવસરે IT મંત્રી વૈષ્ણવે જણાવ્યું કે, થોડા વર્ષો પહેલા વડાપ્રધાનની દૂરંદર્શી દ્રષ્ટિથી ‘ઈન્ડિયા સેમીકંડકટર મિશન’ની શરૂઆત થઈ હતી. માત્ર ત્રણ સાડા ત્રણ વર્ષમાં જ ભારતે વિશ્વનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે જેમ ઓઈલને બ્લેક ગોલ્ડ કહેવામાં આવે છે, તેમ સેમીકંડકટર ચિપ ડિજિટલ ડાયમંડ એટલે કે હીરો છે. ૨૧મી સદીની પ્રગતિનો આધાર આ ચિપ્સ પર જ છે. એક નાનકડી ચિપ ભવિષ્યમાં મોટી નવીનતા અને વિકાસ લાવશે.

# મરાઠા અનામત આંદોલનકારીઓને મુંબઈના રસ્તાઓ ખાલી કરાવવા સરકારને આદેશ

**મનોજ જરાંગેના નેતૃત્વમાં મરાઠા અનામત આંદોલન પર બોમ્બે હાઈકોર્ટમાં સુનાવણી થઈ**

**। (એજન્સી) મુંબઈ, તા.૩ ।**

મહારાષ્ટ્રમાં મનોજ જરાંગેના નેતૃત્વમાં મરાઠા અનામત આંદોલન પર બોમ્બે હાઈકોર્ટમાં સોમવારે સુનાવણી થઈ હતી. આ દરમિયાન હાઈકોર્ટે આંદોલનકારીઓને ફટકાર લગાવીને આદેશ આપ્યો કે આઝાદ મેદાનને છોડીને મુંબઈના તમામ રોડ મંગળવારે બપોર સુધી ખાલી કરો. હાઈકોર્ટના જસ્ટિસ રવીન્દ્ર ઘુગે અને જસ્ટિસ ગૌતમ અનખડની બેન્ચે કહ્યું કે વિરોધ પ્રદર્શન શાંતિ પૂર્ણ નથી. હાઈકોર્ટની બિલ્ડિગનો ઘેરાવો કરી લીધો છે. જજો અને વકીલોના પ્રવેશદ્વાર બંધ પણ છે. આજે તો હાઈકોર્ટના જજોની કારને રોકીને તેમને કોર્ટમાં આવવાથી રોકવામાં આવ્યા. મુંબઈ શહેરની



ગતિવિધિ લગભગ ઠપ્પ થઈ ગઈ છે. સામાન્ય માનવીનું જીવન રાબેતાપ્રમાણે કરવું જરુરી છે. શહેરને રોકી શકાય નહીં. ગણેશ ઉત્સવ પણ છે. મંગળવારે સાંજે ચાર વાગ્યા સુધીમાં રોડ-રસ્તાઓ ખાલી કરાવવામાં આવે. આ સાથે બોમ્બે હાઈકોર્ટે એમ પણ કહ્યું કે આંદોલનકારીઓને મહારાષ્ટ્ર સરકાર નવી મુંબઈમાં બીજી જગ્યા આપી શકે છે. જો વધુ આંદોલનકારીઓ મુંબઈમાં આવવાની કોશિશ કરે તો રાજ્ય સરકાર ઉચિત પગલે ભરીને તેમને અટકાવે. ઉલ્લેખનીય છે કે, મનોજ જરાંગે ૨૯મી ઓગસ્ટથી દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં ભૂખ હડતાલ કરી રહ્યા છે. એ અન્ય પછાત વર્ગ(ઓબીસી) શ્રેણીની અંતર્ગત સરકારી નોકરીઓ અને શિક્ષણમાં મરાઠા સમુદાય માટે ૧૦ ટકા અનામતની માંગ કરી રહ્યા છે. જરાંગેના સમર્થકોનો દાવો છે કે તેમણે સોમવારથી પાણી પીવાનું બંધ કરી દીધું છે. આ સાથે હાઈકોર્ટે સીએસટી, મરીન ડ્રાઈવ, ફ્લોરા ફાઉન્ટેન અને દક્ષિણ મુંબઈના અન્ય વિસ્તારોમાંથી આંદોલનકારીઓને હટાવવાનો આદેશ રાજ્ય સરકારને આપ્યો છે. આ સાથે કોર્ટે કહ્યું કે રાજ્ય સરકાર આવતીકાલે થનારી સુનાવણીમાં જણાવે કે તેમણે કેવા પગલાં લીધા છે.સરકારી વકીલ વીરેન્દ્ર સરાફે કોર્ટને જણાવ્યું કે આઝાદ મેદાનમાં વિરોધ પ્રદર્શનની મંજૂરી ૨૯મી ઓગસ્ટ સુધી આપવામાં આવી હતી.

## તંત્રી લેખ...

# પૂર્વ સીએમ KCRની પુત્રી કે.કવિતા BRSમાં સસ્પેન્ડ

તેલંગણાની પાર્ટી ભારત રાષ્ટ્ર સમિતિને પોતાના MLC અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી કે. ચંદ્રશેખર રાવ (KCR) ની પુત્રી કે. કવિતાને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધા છે. BRSનું કહેવુ છે કે કે. કવિતાનું વર્તન અને પ્રવૃત્તિઓ પાર્ટીના હિતોની વિરુદ્ધ રહ્યુ છે. તેમના પર 'પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ'માં સામેલ હોવાનો અને સંગઠનને નુકસાન પહોંચાડવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.બીઆરએસે કહ્યું છે કે પાર્ટી પ્રમુખ ચંદ્રશેખર રાવે તાત્કાલિક અસરથી એમએલસી કવિતાને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો છે. કવિતાને એવા સમયે પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે જ્યારે બીઆરએસ પહેલાથી જ આંતરિક પડકારોનો સામનો કરી રહી છે. હકાલપટ્ટીના એક દિવસ પહેલા કવિતાએ પોતાના જ પક્ષના નેતાઓ પર કેસીઆરની છબીને નુકસાન પહોંચાડવાનો આરોપ લગાવ્યો હતો. તેણીએ વરિષ્ઠ નેતા ટી. હરીશ રાવ અને ભૂતપૂર્વ સાંસદ મેઘા કૃષ્ણ રેડ્ડી પર તેમના પિતા પર ભ્રષ્ટાચારનો થપ્પો લગાવવાનો આરોપ લગાવ્યો હતો. સાથે જ દાવો કર્યો હતો કે હરીશ રાવ અને સંતોષ કુમારે તેણીને હાંસિયામાં ધકેલી દેવાનું કાવતરું ઘડ્યું હતું. ૨૨ ઓગસ્ટના રોજ, જ્યારે કવિતા વિદેશમાં હતી ત્યારે તેણીને તેલંગાણા બોગ્ગુ ઘની કર્મિકા સંઘમ (TBGKS) ના માનદ પ્રમુખ પદ પરથી અચાનક દૂર કરવામાં આવી હતી. તેણે આ પગલાને કાવતરું ગણાવ્યું હતું અને કહ્યું હતું કે આ પગલું સંપૂર્ણપણે રાજકીય રીતે પ્રેરિત હતું. કવિતાએ આરોપ લગાવ્યો હતો TBGKS માટે પસંદગી પાર્ટી કાર્યાલયમાં તેમની જાણ વગર કરવામાં આવી હતી અને આ શ્રમ કાયદાનું ઉલ્લંઘન પણ હોઈ શકે છે. તેણીએ કહ્યું, મને ફક્ત પાર્ટીના આંતરિક કાર્ય પર પ્રશ્નો ઉઠાવવા બદલ સજા આપવામાં આવી રહી છે. તેણીએ આ માટે પાર્ટીના કેટલાક લોકોને સીધા દોષી ઠેરવ્યા. તેમણે એમ પણ કહ્યું કે બીઆરએસની બેઠક બાદ જે પત્ર તેમણે પિતા અને પાર્ટી અધ્યક્ષને લખ્યો હતો.

## રેડીકલ કોમ્યુનિકેશન્સ દ્વારા NCUI ના પ્રમુખ અને IFFCO અને GUJCOMASOL ના માનનીય અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીની ગરિમામય ઉપસ્થિતિમાં એગ્રી એશિયા ૨૦૨૫ અને DLP એશિયા ૨૦૨૫ ની જાહેરાત; કૃષિ, ડેરી, પશુપાલન અને મરઘાં ઉછેરમાં નવીનતમ આયમોનું પ્રદર્શન



વૈશ્વિક દિશા સાથેનો ભારતનો સૌથી મોટો કૃષિ-ડેરી-પોલ્ટ્રી ઉદ્યોગ એક્સ્પો, રેડીકલ કોમ્યુનિકેશન્સ (ઈન્ડિયા), એગ્રીકલ્ચર મશીનરી મેન્યુફેક્ચરર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (AMMA-ઈન્ડિયા), ગુજરાત પ્રોગ્રેસિવ ડેરી ફાર્મર્સ એસોસિએશન (GPDFA), અને સહયોગીઓ IFFCO અને GUJCOMASOL સાથે મળીને, એગ્રી એશિયાની ૧૪મી આવૃત્તિ અને ડેરી લાઈવસ્ટોક એન્ડ પોલ્ટ્રી એક્સ્પો (DLP એશિયા) ની ૧૩મી આવૃત્તિની જાહેરાત કરવામાં આવી. આ પ્રતિષ્ઠિત ઈવેંટ્સ ૧૮-૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર, ગાંધીનગર, ગુજરાત ખાતે યોજાશે. આ વર્ષે, ડી.એલ.પી. એશિયા ૨૦૨૫માં પ્રથમવાર વિશિષ્ટ પૉલ્ટ્રી પેવિલિયનનું આયોજન કરવામાં આવ્યું છે, જે બ્રૉઈલર પૉલ્ટ્રી ફાર્મર્સ એસોસિયેશન (Global Welfare Foundation) અને લેયર પૉલ્ટ્રી એસોસિયેશન (United Peoples Foundation)ના સહયોગથી યોજાશે. ૨૦૧૦થી, એગ્રી એશિયાએ ગુજરાતના ખેડૂતો અને એગ્રી-ટેક સ્ટાર્ટઅપ્સને નવિન ટેકનોલોજી, આધુનિક ખેતી પદ્ધતિઓ અને સ્ટાર્ટઅપ ઈનોવેશન સુધી સીધી પહોંચ અપાવી છે. આ કાર્યક્રમ પરંપરાગત ખેતી અને આધુનિક ઉકેલ વચ્ચેનો પુલ બનીને ઉત્પાદકતા, નફાકારકતા અને ટકાઉપણું વધારવામાં મદદરૂપ બન્યો છે.

એગ્રી એશિયા અને ડી.એલ.પી. એશિયા ૨૦૨૫ની ખાસિયતો

- મુખ્ય પ્રાયોજકો:
- કૃષિ ક્ષેત્ર: એલ એન્ડ ટી ફાઈનાન્સ
- ડેરી અને પશુપાલન ક્ષેત્ર: અમૂલ અને GCMMF
- પૉલ્ટ્રી ક્ષેત્ર: NECC


શા માટે જોડાવું?

- ભારતના અગ્રણી આંતરરાષ્ટ્રીય કૃષિ અને અનુસંગી ક્ષેત્રના એક્ઝિબિશન અને કોન્ફરન્સ.
- ૨૫૦+ પ્રદર્શકો અને ૧,૦૦,૦૦૦+ મુલાકાતીઓની હાજરીની અપેક્ષા, જેમાં કેન્યા, ઈથિઓપિયા, ઈરાન, પોલેન્ડ, ઓમાન સહિતના આંતરરાષ્ટ્રીય ખરીદદારોનો સમાવેશ.
- ૧૫,૦૦૦+ ચો.મી. વિસ્તારમાં ત્રણ આધુનિક પ્રદર્શની હોલ.
- સહ-કાર્યક્રમો: ડી.એલ.પી.ઈ., કૃષિ-ડેરી-પૉલ્ટ્રી સેમિનાર્સ અને લોકપ્રિય ગાય સ્પર્ધા (બીજો સંસ્કરણ).
- નવો હોલ લોન્ચ: પૉલ્ટ્રી ફાર્મિંગ અને સ્ટાર્ટઅપ પેવિલિયન – નવાચાર, નેટવર્કિંગ અને જ્ઞાન વહેંચાણનું મંચ. સમર્થન અને માન્યતા
- ભારત સરકારના માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝિસ (MSME) મંત્રાલય દ્વારા માન્ય.
- કોન્ફરન્સ અને સેમિનાર પાર્ટનર: એગ્રોહાઉસ
- ઈવેન્ટ પાર્ટનર: ગુજરાત સીડ્સ ઈન્ડસ્ટ્રી એસોસિયેશન (GSIA)
- અન્ય અગત્યના ઉદ્યોગ સંગઠનોનું સહયોગ: IAI, GAMMA, AMMA–India, GFCI, IGMA અને GSIA.

એગ્રી એશિયા અને ડી.એલ.પી. એશિયા ૨૦૨૫ નવીનતા, વ્યાપારિક તકો અને ક્ષેત્રિય વિકાસનું મંચ સાબિત થશે – અદ્યતન મશીનરીથી લઈને એગ્રી-ફાઈનાન્સ ઉકેલો સુધી અને પશુપાલનથી લઈને કૂકડીઉદ્યોગ ટેકનોલોજી સુધી. ૧૮ થી ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫, ગાંધીનગર – ભારતના બદલાતા કૃષિ-ડેરી-પૉલ્ટ્રી ઉદ્યોગના નવા આયામોનો ભાગ બનો.

**વિવેકનું સૌથી મોટું પ્રમાણ વાણી જ છે, તો સંસારી સંબંધોમાં અન્ય સાથેનાં વ્યવહારમાં જે સ્નેહ અને શીતલતા અને સંયમ રાખી શકે એજ સાચો વિવિકી કહેવાય**

# જેની પ્રત્યેક હરકત કલ્યાણકારી અને મંગલકારી છે, એવાં શિવ પાર્વતીનાં પુત્ર ગણેશને વંદન!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**હાથીના મસ્તક વાળાં, લંબોદર, એકદંત ગણપતિ, વિનાયક કે જે મૂષક એટલે કે ઉંદર જેનું વાહન છે, એ ગણપતિનું દર્શન જરાં જુદી રીતે કરીએ તો. હાથીનું મસ્તક! રાખી જીવિત કર્યા, હાથી બોલે ઓછું અને એનાં કાન બહુ મોટાં છે! એટલે કે વિવેક બોલે ઓછું, અને સાંભળે વધુ! એ શાંત પ્રાણી છે, અને મોટેભાગે પોતાની મસ્તીમાં ઝૂમતાં હોય છે!**

ગણેશોત્સવ ચાલી રહ્યો છે અને બે દિવસમાં ગણેશ વિસર્જન પણ થશે! એટલે કે આપણાં પ્યારાં ગણપતિ બાપ્પાને આપણે વિદાય આપવી પડશે. આદિ અનાદિકાળથી શંકર પરિવાર આપણને સૌને પ્રિય છે! અને એમાં પણ ગણેશનું આ સ્વરૂપ સૌને અત્યંત પ્રિય છે! પણ ઘણીવાર વિચાર આવે કે પાર્વતીનાં અંગરક્ષક તરીકે ઉભેલાં ગણેશ અને ભગવાન શંકર વચ્ચે ભવનમાં પ્રવેશવા બાબત દ્વન્દ્વ યુદ્ધ થાય છે, અને ભગવાન શંકર એ દ્વારપાળનું મસ્તક છેદી નાખે છે! પછી તો પાર્વતીને ખબર પડે છે, એ અત્યંત ક્રૌધમાં આવીને સૃષ્ટિનાં વિનાશ પર ઉતરી આવે છે, ત્યારે બ્રહ્મા વિષ્ણુ સહિત સર્વ દેવો દુર્ગા માતાની સ્તુતિ કરે છે, શંકર પણ પોતાની ભૂલ સ્વીકારે છે! અને એ બાળક જીવંત થાય તો પોતાનું રૌદ્ર સ્વરૂપ સૌમ્ય થશે, એવું મા ભવાની કહે છે. પણ પ્રશ્ન ત્યાં થાય કે! જેમ હાથીનું મસ્તક રાખ્યું, એમ જે મસ્તક કાપ્યું હતું એ પણ રાખી શક્યા હોત! શંકર તો સર્વ સમર્થ છે! અને મા જગદંબા એ પણ શંકર જ મારા પુત્રને જીવિત કરે! એવો આગ્રહ રાખ્યા વગર, આંધળા ને આંખો દે, પંગળા ને પગ દે ! ભવસાગરમાં ફસાયેલા જીવ ને જેમ ઉગારે છે, એમ એ પોતાના પુત્રને જીવીત કરી શક્યા હોત!; અથવા શરીર પરથી ફરી મેલ કાઢી નવી ચેતનાને આકાર આપી શક્યા હોત, પણ એવું કર્યું નહીં! અને મુક્યું તો પણ પાછું હાથીનું મસ્તક! સદગુરુ કૃપા કહે છે કે આ બધું કંઈ એમનેમ નથી થયું!; એની પાછળ બહુ સુક્ષ્મ કારણો છે, અને આજે આપણે એને વિશે ચિંતન કરીએ.

શંકર સુવન કે ભવાની નંદન તરીકે ઓળખાતાં ગજમસ્તક ગણપતિ પહેલાં નર મુખા ગણેશ હતાં, એટલે કે જે અંગ રક્ષક કે દ્વારપાળ તરીકે ઉભા હતાં એ નર સ્વરૂપ હતાં,પરંતુ એ આવનાર શંકર રુપી કલ્યાણને એ ઓળખી શક્યાં નહીં! ભગવાન શંકરે લાખ કોશિશ કરી છતાં આજ્ઞાને નામે એક ગુરુર ધારી અહમનું



એ સ્વરૂપ હતું એવું ભગવાન શંકરને લાગ્યું! એટલે કે આજ્ઞાને નામે કોઈ વડીલ કે વિદ્વાનની વાતનો પણ ઈક્કાર કરવો એ વિવેકનું પ્રમાણ નથી! જ્યારે શંકર એટલે વિશ્વાસ અને પાર્વતી એટલે શ્રદ્ધા, તો શ્રદ્ધા અને વિશ્વાસનાં સંતાન તરીકે વિવેક હોવો બહુ જરૂરી હતો, પણ એવું નહોતું એટલે શિર છેદ થયો.

હાથીના મસ્તક વાળાં, લંબોદર, એકદંત ગણપતિ, વિનાયક કે જે મૂષક એટલે કે ઉંદર જેનું વાહન છે, એ ગણપતિનું દર્શન જરાં જુદી રીતે કરીએ તો. હાથીનું મસ્તક! રાખી જીવિત કર્યા, હાથી બોલે ઓછું અને એનાં કાન બહુ મોટાં છે! એટલે કે વિવેક બોલે ઓછું, અને સાંભળે વધુ! એ શાંત પ્રાણી છે, અને મોટેભાગે પોતાની મસ્તીમાં ઝૂમતાં હોય છે! એ રીતે ગણેશ રુપી દેવ ને પોતાની મસ્તી છે!: એ અન્ય દેવોની જેમ સારાસારની સ્પર્ધામાં ઉતરતા નથી. મસ્તક મોટું છે! મગજ મસ્તકમાં આવેલું હોવાથી બુદ્ધિનું પ્રમાણ વધુ છે, અને એટલે ભોગ હોય કે યોગ એ પોતાના ભાવ ગુપ્ત રાખી શકે છે. આ ઉપરાંત સૂંઢ છે, અને એનાથી ખાય છે, એટલે ભોગજન્ય પદાર્થથી દૂરી રાખીને આરોગે છે. લંબોદર મોટું પેટ! આપણે ત્યાં સાગર પેટા એવો એક શબ્દ પ્રયોગ થતો! એટલે ભેદભાવ વગર સૌના સુખદુ:ખને સમાવી બેઠાં છે. એકદંત સ્વરૂપની પૌરાણિક કથા આપણે જાણીએ છીએ કે વેદવ્યાસે જ્યારે ગણપતિને મહાભારત લખવાનું કહ્યું! ત્યારે કલમ તૂટી જતાં એમણે પોતાનો એક દાંત ખેંચી કાઢ્યો હતો. નર ગણેશ એ આવું નહોતુ કર્યું! જ્યારે હાથીનાં મસ્તક વાળા ગણેશે મહાભારતની આ કથા યુગો યુગો સુધી સચવાયેલી રહે અને સમસ્ત જગત આપસી સંબંધોમાં વેર ભાવ રાખે નહીં એમાં જ કલ્યાણ સમાયેલું છે, આવું વિચારીને પોતાનો એક દાંત કલમ રુપે વાપર્યો.

વિનાયક એટલે આમતો ગણપતિનો પર્યાય છે, કે જે શંકરનાં ગણોનો નાયક છે તે, પણ બીજી રીતે જોઈએ તો વિનાયક એ બે શબ્દની સંધિથી બનેલો શબ્દ છે! વિ+નાયક, સાવ સીધીસાદો અર્થ કરીએ તો સંસ્કૃત માં "વિ" નો અર્થ પ્રધાન કે મુખ્ય એવો થાય! અને નાયકનો અર્થ નેતા થાય, એટલે પ્રધાન નેતા એવો થાય. આ ઉપરાંત જગતના તમામ વિઘ્નો પર જેનો કંટ્રોલ છે એવાં વિઘ્ન હર્તા તરીકે પણ વિનાયક શબ્દ વાપરી શકાય. પણ વિજ્ઞાનમાં "વિ" ના અર્થની રીતે જોઈએ તો, વિશિષ્ટ જ્ઞાન એવો થાય ! જ્યારે વિદ્વાન માં "વિ" નો અર્થ વિદ્યાવાન અથવા સમસ્ત વિદ્યાનાં નાયક એટલે વિનાયક એવો પણ થઈ શકે. હવે પરિવારર જોઈએ તો રિદ્ધિ અને સિદ્ધિ બે પત્ની, ગણેશને પ્રસન્ન કરવાં સિદ્ધ થયેલી રિદ્ધિ એટલે કે એશ્વર્ય જોઈએ. ગણેશ મૃદંગ વાદક હતાં અને એ રીતે કલાનાં સ્વામી હતાં. ગણેશનાં બે પુત્રો શુભ અને લાભ, એ રીતે જોઈએ તો કલા અને વિદ્યાનો સુક્ષ્મ તફાવત જોઈએ તો, કલા એ ક્યારેક આજીવિકા કે મનોરંજનનું માધ્યમ બની શકે! જ્યારે વિદ્યાનું સ્વરૂપ બહુ શુદ્ધ છે, અને કદાચ એ દાન દક્ષિણા ગ્રહણ કરે તોય એમાં લાભને કોઈ સ્થાન નથી એમાં સમસ્ત જગતનું કલ્યાણ સમાયેલું હોય એ જ વિદ્યા કહેવાય. આ ઉપરાંત મૂષક એટલે કે ઉંદરનું વાહન ! આટલું ભારી ભરખમ શરીર ઉંદર પર કંઈ રીતે? વિચારતાં પણ અજીબ લાગે! પરંતુ અહંકાર શૂન્ય દશા ભાર હિન હોય છે અને પછી એ ગમે તેટલા નાના વાહન પર પણ સવારી કરી શકે! બીજી રીતે જોઈએ તો ઉંદર અતિ ચંચળ છે અને ચંચળતા ના સ્વામી તરીકે વિવેક હોય એ શુભકર્તા છે, માટે ઉંદર પર સવારી કરી.

ટૂંકમાં ગણેશ એટલે વિવેક એ સૂત્ર મુજબ આજે વિવેકને જરાં જુદી રીતે જોયું!; અને હજી આપણે વ્યવહારમાં કામ લાગે એવી સાવ સીધીસાદી વિવેકની વ્યાખ્યા કરવી હોય તો સાચું, સારું, સાદું એમ ત્રિપરિમાણીય સત્ય જાણ્યાં પછીનો પોતાનો અન્ય સાથેનો નમ્ર વ્યવહાર! એટલે વિવેક એવો અર્થ કાઢી શકાય. આ ઉપરાંત જાહેરમાં અને અંગત જીવનમાં જે સંતુલન રાખી જીવી શકે, તે વિવેકશીલ છે. વિવેકનું સૌથી મોટું પ્રમાણ વાણી જ છે, તો સંસારી સંબંધોમાં અન્ય સાથેનાં વ્યવહારમાં જે સ્નેહ અને શીતલતા અને સંયમ રાખી શકે એજ સાચો વિવિકી કહેવાય. જોકે વ્યાખ્યા તો આપણે ગમે તેની કરી શકીએ પણ માનવી સંજોગોને કારણે ભલભલું જ્ઞાન સમયે વિસરી જાય છે! એટલે સંયોગ હોય કે સંજોગ એમાં સ્થિતપ્રજ્ઞ બની જીવી શકે એ વિવેક. ગણેશોત્સવ પૂરો થશે પણ આપણે ગણેશનું સૌથી વધુ રુચિકર અને અર્થ પ્રધાન સ્વરૂપ એટલે કે ! જેની પ્રત્યેક હરકત જગત માટે કલ્યાણકારી અને મંગલકારી છે, એવાં શંકર અને પાર્વતીનાં પુત્ર ભગવાન ગણેશનું હું મારી ભીતર વિવેક સ્વરૂપે સ્થાપન કરી, પછી સ્થૂળ સ્વરૂપને વિસર્જિત કરીશ! એવો સંકલ્પ કરીને આ તહેવારનું સમાપન કરીશું.

**સાત પ્રકારનાં યોગનાં અંગોએ વૈકુંઠના સાત દરવાજા છે. યોગના સાત અંગો યમ,નિયમ,આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન અને ધારણા.આ સાત દરવાજા વટાવ્યા પછી બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે.**

# આજકાલ ફેશન અને વ્યસન પાછળ સમય અને સંપત્તિનો મહાવ્યય થાય છે. વ્યસનમાં પાગલ થયેલો મનુષ્ય ભગવાનની સેવા કરી શકતો નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**મહાપ્રભુએ આ ચરિત્રની સમાપ્તિ કરતાં કહ્યું કે,જ્ઞાનમાર્ગમાં જ્ઞાની ઓને વિઘ્ન કરનાર અભિમાન છે. અભિમાનના મૂળમાં આ ક્રોધ છે. કેટલાક અજ્ઞાનમાં મરે છે.કેટલાક જ્ઞાની થઈ અભિમાનમાં મરે છે. બ્રાહ્મણન ભણે તો અજ્ઞાની રહેછે અને બહુ ભણે તો કેટલીકવાર અભિમાનમાં મરે છે.**

જળ ઝીલણી એકાદશીની ગઈકાલે ઉત્સાહ ઉમંગભેર ઉજવણી કરી ત્યારે ઠાકોરજી મહારાજની શોભાયાત્રા પધરામણી થઈ તો આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ પ્રહલાદના સંગમાં આવેલાને ભક્તિનો રંગ લાગતો. તમારા સંગમાં આવેલાને ભક્તિ નો રંગ ન લાગે તો માનજો કે, મારી ભક્તિ કાચી.પણ બીજાને સુધારવાની ભાંજગડમાંસાધારણ મનુષ્યે પડવાની જરૂર નથી તમે તમારા મનને સુધારો તો પણ ઘણું છે.આજકાલ ફેશન અને વ્યસન પાછળ સમય અને સંપત્તિનો મહા વ્યય થાય છે.વ્યસનમાં પાગલ થયેલો મનુષ્ય ભગવાનની સેવા કરી શકતો નથી. વૈષ્ણવ તો તે છે કે, જેને કોઈ વ્યસન નથી. જેને ભગવાનનું ભજન કરવું છે તેને લૌકિક વ્યસન રાખવું પાલવે નહીં જેને ઈશ્વરનું આરાધન કરવું છે તે ફેશનમાં કે વ્યસનમાં ફસાય નહીં. વ્યસન એક જ હોવું જોઈએ શ્રી કૃષ્ણ ભક્તિ વ્યસન રૂપ બને છે ત્યારે મુક્તિ મળે છે.

તુકારામ મહારાજને ભક્તિનું એવું વ્યસન હતું.તેઓએ કહ્યું છે,મારી આંખને આવી ટેવ પડી છે કે,જ્યાં નજર જાય ત્યાં તેને મુરલી મનોહરનું સ્વરૂપ દેખાય છે.

રાજ્યાશાસનથી સમાજ સુધરે નહીં. સંત સદભાવથી સમાજને સુધારી શકેછે. દિતિને ગર્ભ રહ્યો છે,બ્રહ્માજી દેવો દિતિના પેટમાં કોણ છે તેની કથા સંભળાવે છે.

અંતઃકરણ ચતુષ્ટય શુદ્ધ થાય ત્યારે ઈશ્વરનાં દર્શન થાય છે. ઈશ્વરદર્શન કરવા જાવ ત્યારે આ ચારેયને શુદ્ધ કરીને જાવ. અંતઃકરણના ચાર પ્રકાર છે. અંતઃકરણ સંકલ્પવિકલ્પ કરે ત્યારે એને મન કહે છે. કોઈ વિષયનો નિર્ણય કરે ત્યારે તેને બુદ્ધિ કહે છે, શ્રીકૃષ્ણનું ચિંતન કરે તેને ચિત્ત કહે છે અને અંતઃ કરણમાં ક્રિયાનું અભિમાન જાગે ત્યારે તેને અહંકાર કહે છે. મન,બુદ્ધિ,ચિત્ત,અહંકાર ચારેયને શુદ્ધ કરો.એ ચારેયને શુદ્ધ કર્યા વગર પરમાત્માનાં દર્શન થતાં નથી આ ચારની શુદ્ધિ બ્રહ્મ ચર્ય વગર થતી નથી. સનતકુમારો બ્રહ્મચર્ય નો અવતાર છે.આ સનતકુમારો એક વખતઆદિ નારાયણનાં દર્શન કરવા વૈકુંઠમાં જાય છે.

વૈકુંઠમાં કામને અને કાળને પ્રવેશ મળી શકતો નથી. જ્યાં બુદ્ધિ કુંઠિત થાય છે તે વૈકુંઠ. વૈકુંઠનાં વૃક્ષો દિવ્ય છે. પુષ્પો પણ દિવ્ય છે. છ ઋતુઓ સખીઓ બનીને સેવા કરે છે. સાત મોટા મોટા કોટ ઓળંગીને જવું પડે છે. દક્ષિણમાં રંગનાથનું મંદિર આ વૈકુંઠના વર્ણનને અનુસરીને બનાવવામાં આવ્યું છે. અહીં ભમરાઓ પણ પ્રેમથી ઈશ્વરનાં ગુણગાન ગાતા હોય તેવું લાગે છે. પાર્ષદો પણ ભગવાન જેવા અને દાસીઓ પણ લક્ષ્મીજી જેવી. પાર્ષદો પણ શંખ,ચક્રધારી ચતુર્ભુજ છે. ઈશ્વરના દરબારમાં વિષમતા નથી તમે પણ ભોજન વગેરેમાંવિષમતા કરશો નહીં.સર્વને માટે સમાન ભાવે સરખું ભોજન રાખો. ભોજનમાં વિષમતા કરે તેને સંગ્રહણીનો રોગ થાય છે.

વિષમતામાંથી વેરની ઉત્પત્તિ થાય છે. વ્યવહારમાં સંપૂર્ણ સમતા થતી જ નથી. એટલે વિષમતા કદાચ કરવી પડે તો સદભાવથી કરો. વૈકુંઠમાં વિષમતા નથી. લક્ષ્મીજી પણ વૈકુંઠમાં પ્રમાદ કરતાં નથી. વૈકુંઠમાં લક્ષ્મીજી જાતે સેવા કરે છે.બુહારી જાતે કરે છે.

શુકદેવજી કથા કરતાં લક્ષ્મી નારાયણનાં દર્શન કરે છે. પ્રતિબિંબને જોતાં બિંબને મોહ થાય છે,ત્યારે બિંબને જોતાંકેટલો આનંદ થાય!વૈષ્ણવો ભાગ્યશાળી કે તે બિંબને જોઈ શકે છે. ભગવાન પોતાનું બિંબ જોઈ શકતા નથી. કનૈયો દર્પણમાં પોતાનું પ્રતિબિંબ જુએ છે. યશોદાજીને કહે છે કે,આ બાળક બહુ સુંદર છે.મારે આ બાળક સાથે રમવું છે.યશોદાજી સમજાવે છે કે,આ બાળક જુદો નથી.એ તારું જ પ્રતિબિંબ છે.પોતાના પ્રતિબિંબનાં દર્શન કરતાં ભગવાન પણ ભૂલે, તો ગોપીઓ બિંબના દર્શન કરતાં ભાન ભૂલે તેમાં શું આશ્ચર્ય!

સનતકુમારો વૈકુંઠલોકના છ દરવાજાઓ ઓળંગી સાતમા દરવાજે આવ્યા,ત્યાં ભગવાનના દ્વારપાળો જય અને વિજયે તેઓને અટકાવ્યા. સનતકુમારોએ કહ્યું કે,લક્ષ્મી મા અને નારાયણ પિતાને મળવા જઈએ છીએ. સનતકુમારો કૌપીન ધારી હતા. કૌપીનનો અર્થ કેવળ લંગોટી નહીં. જિતેન્દ્રિયતા એ જ કૌપીન.જિતેન્દ્રિય થઈનેભગવાનનાં દર્શન કરવા જવાનું છે દ્વારપાળોએ કહ્યું,ભલે,પણ અંદર થી હુકમ આવશે પછી જ તમને અંદર જવા દઈશું. કામાનુજએટલે કામનો નાનો ભાઈ ક્રોધને મારવો કઠણ છે.કામનું મૂળ સંકલ્પ છે. જ્ઞાનીઓ કોઈના શરીરનું ચિંતન કરતા નથી એટલે તેમને કામ ત્રાસ આપી શકતો નથી. જ્ઞાની પુરુષનું પતન કામથી નહીં,પણ ક્રોધથી થાય છે. છ દરવાજા ઓળંગીને જ્ઞાની પુરુષો જઈ શકે,પણ સાતમે દરવાજે જય-વિજય તેઓને અટકાવે છે.

સાત પ્રકારનાં યોગનાં અંગોએ વૈકુંઠના સાત દરવાજા છે. યોગના સાત અંગો યમ,નિયમ,આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન અને ધારણા.આ સાત દરવાજા વટાવ્યા પછી બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. યોગનાં સાત અંગો સિદ્ધ કરો, તો વૈકુંઠમાં પ્રવેશ મળશે.

ધ્યાન એટલે એક અંગનું ચિંતન. શરીર અને આંખને સ્થિર રાખવા એ જ આસન.ધારણ એટલે સર્વાંગનું ચિંતન અને દર્શન. ધારણામાં સાધકે જીવનના છેલ્લા શ્વાસ સુધી સાવધાન રહેવાની જરૂર છે.સર્વાંગનું ચિંતન કરવા છતાં સિદ્ધિ અને પ્રસિદ્ધિ અટકાવે છે.આ સિદ્ધિ-પ્રસિદ્ધિ તે જય અને વિજય. સેવામાં પ્રમાદ કરે તેનું પતન થાય છે. જગત મારા માટે શું બોલે છે તે જાણવાની ઈચ્છા રાખશો નહીં પણ જગદી શ્વર મારા માટે શું કહેશે તેનો ખ્યાલ રાખજો.લૌકિક પ્રતિષ્ઠામાં ફસાયા તે પરમાત્માથી દૂર ગયા જય-વિજય એટલે કીર્તિ અને પ્રતિષ્ઠાનો મોહ. સાતમે દરવાજે પહોંચેલાને પણ એ અટકાવે છે. મનુષ્યને કીર્તિનો અને પ્રતિષ્ઠાનો મોહ છૂટતો નથી. ચેલાઓ વખાણ કરે એટલે ગુરુને લાગે છે કે,હું બ્રહ્મરૂપ થઈ ગયો છું!પછી સેવા-સ્મરણમાં ઉપેક્ષા જાગે છે અને પતન થાય છે.મનુષ્યનું મન નામ રૂપમાં ફસાયેલું છે.નામ અને રૂપમાં મોહ ન છૂટે ત્યાં સુધી ભક્તિ થતી નથી.મન શ્રીકૃષ્ણના રૂપમાં ફસાય તો જ મુક્તિ મળે. પ્રતિષ્ઠાનો મોહ આવ્યો કે ભગવાનને દરવાજેથી પાછા ફરવું પડે છે.ક્રોધ કરવાથી સનતકુમારોને ભગવાનના સાતમા દરવાજેથી પાછા ફરવું પડ્યું,પરંતુ સનત કુમારોનો ક્રોધ સાત્વિક છે. આ દ્વારપાળો ભગવત દર્શનમાં વિઘ્ન કરે છે તેથી ક્રોધ આવ્યો છે. એટલે ભગવાને અનુગ્રહ કરી બહાર આવીને દર્શન દીધાં, પરંતુ ભગવાનના મહેલમાં તો તેઓ દાખલ થઈ શક્યા નહીં જ.કારણ ક્રોધ.

મહાપ્રભુએ આ ચરિત્રની સમાપ્તિ કરતાં કહ્યું કે,જ્ઞાનમાર્ગમાં જ્ઞાની ઓને વિઘ્ન કરનાર અભિમાન છે. અભિમાનના મૂળમાં આ ક્રોધ છે. કેટલાક અજ્ઞાનમાં મરે છે.કેટલાક જ્ઞાની થઈ અભિમાનમાં મરે છે. બ્રાહ્મણન ભણે તો અજ્ઞાની રહેછે અને બહુ ભણે તો કેટલીકવાર અભિમાનમાં મરે છે.

કર્મમાર્ગમાં વિઘ્ન કરનારો કામ છે. કશ્યપ-દિતિ એનો દાખલો છે. કામથી કર્મનો નાશ થાય છે. ભક્તિમાર્ગમાં વિઘ્ન કરનાર લોભ છે.લોભથી ભક્તિનો નાશ થાયછે કામ,ક્રોધ,લોભ આ ત્રણથી પુણ્ય નો નાશ થાય છે. વિવેકથી કામનો નાશ થાય છે, પણ ક્રોધનો નાશ મુશ્કેલ છે.

એકનાથજી મહારાજે ભાવાર્થ રામાયણમાં લખ્યું છે કે કામીને, લોભીને તત્કાળ થોડો લાભથાય છે, પણ ક્રોધ કરનારને કાંઈ લાભ થતો નથી. ઊલટું તેના પુણ્યનો ક્ષય થાય છે.

વલ્લભાચાર્યજીએ આ વિશે કહ્યું છે કે,કામ કર્મનો નાશ કરે છે.તેથી કામ,ક્રોધ,લોભને ગીતાજીમાં નરકનાં દ્વારો કહ્યાં છે અને એ ત્રણ ત્યજવાનું કહ્યું છે. ભક્તિમાર્ગમાં લોભ કેવી રીતે વિઘ્ન કરે છે? માણસ ભગવાનને માટે અગર દાન માટે હલકામાં હલકી ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે.બાબાનો શુટ બનાવવોહોય તો સાત રૂપિયે વારનું કાપડ અને ઠાકોરજીના વાઘા સિવડાવવા હોય તો ચાર આને ગજનું કાપડ! ઠાકોરજીના માટે

# જાહ્નવી કપૂરે શ્રીદેવીની ફિલ્મની રિમેકમાં કામ કરવાની તક ઝડપી





**જાહ્નવી કપૂરે અત્યાર સુધીની કારકિર્દીમાં ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે અને તેના અભિનયને પણ સારો પ્રતિસાદ મળ્યો છે**

જાહ્નવી કપૂરે અત્યાર સુધીની કારકિર્દીમાં ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે અને તેના અભિનયને પણ સારો પ્રતિસાદ મળ્યો છે. હવે સમાચાર આવી રહ્યા છે કે જાહ્નવીને શ્રીદેવીની એક હિટ ફિલ્મની રિમેક કરવાની તક મળી છે.જાહ્નવી કપૂરની ફિલ્મ પરમ સુંદરી તાજેતરમાં રિલીઝ થઈ છે જેને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. જાહ્નવીના અભિનયની પણ પ્રશંસા થઈ રહી છે અને તે દરમિયાન સમાચાર આવી રહ્યા છે કે શ્રીદેવીની સુપરહિટ ફિલ્મ ચાલબાઝની રિમેક બનવા જઈ રહી છે. એટલું જ નહીં, સમાચાર એવા પણ આવી રહ્યા છે કે શ્રીદેવીની મોટી પુત્રી જાહ્નવી કપૂર આ ફિલ્મનો ભાગ બની શકે છે.જાહ્નવી માટે 'ચાલબાઝ' એક ફિલ્મ કરતાં વધુ છે. તે એક લાગણી છે. તેણે 'ચાલબાઝ'માં મુખ્ય ભૂમિકા ભજવવાની તક ઝડપી લીધી છે, પરંતુ તે આ કામ ખૂબ જ કાળજીપૂર્વક કરી રહી છે.રિપોર્ટ્સ અનુસાર, જાહ્નવી 'ચાલબાઝ' રિમેક માટે તેના નજીકના લોકો પાસેથી અભિપ્રાય લઈ રહી છે. તે ઉત્સાહિત છે, પરંતુ સરખામણીને લઈને પણ ચિંતિત છે. એવી અપેક્ષા છે કે તે સપ્ટેમ્બરના અંત સુધીમાં 'ચાલબાઝ' રિમેક અંગે નિર્ણય લેશે.બાય ધ વે, પહેલા એવા સમાચાર હતા કે શ્રદ્ધા કપૂર ફિલ્મની રિમેકમાં જોવા મળશે. પરંતુ ફિલ્મ બની ન હતી અને હવે જાહ્નવીનું નામ સામે આવ્યું છે.જાહ્નવીની આગામી ફિલ્મ વિશે વાત કરીએ તો, તે હવે સની સંસ્કારીની તુલસી કુમારીમાં જોવા મળશે, જેમાં તે વરુણ ધવન, સાન્યા મલ્હોત્રા અને રોહિત સરાફ સાથે છે. ફિલ્મનું ટીઝર થોડા દિવસો પહેલા રિલીઝ થયું હતું જેને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે.

### બિપાશા બાદ બીજી હીરોઈન પર નિશાન

# નામ લીધા વગર મૃણાલ ઠાકુરે અનુષ્કા શર્માને ટોણો માર્યો

સાઉથની ફિલ્મો બાદ અભિનેત્રી મૃણાલ ઠાકુરે બોલીવુડમાં પણ પોતાનું સ્થાન બનાવી લીધું છે. તાજેતરમાં તે સન ઓફ સરદાર ૨માં જોવા મળી હતી. જોકે, આજકાલ તે અન્ય અભિનેત્રીઓને લઈને વિવાદિત નિવેદન આપીને ચર્ચાનું કેન્દ્ર બની રહી છે. ગયા મહિને મૃણાલ ઠાકુરે બિપાશા બાસુ વિશે વિવાદિત ટિપ્પણી કરી હતી. બિપાશા બાદ હવે મૃણાલે અનુષ્કા શર્મા તરફ પોતાનું નિશાન સાધ્યું છે.રેડિટ પર મૃણાલ ઠાકુરના એક ઈન્ટરવ્યૂનો વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો છે. આ વીડિયોમાં મૃણાલને પૂછવામાં આવ્યું કે, એવી કેટલી ફિલ્મો છે જે તમે રિજેક્ટ કરી અને તે હીટ થઈ છે? આ સવાલના જવાબમાં મૃણાલ ઠાકુરે જણાવ્યું કે, "એવી ઘણી ફિલ્મો છે. હું તૈયાર ન હતી, તેથી મેં ના પાડી હતી." મૃણાલે થોડા સંકોચ સાથે આગળ જણાવ્યું કે, "કોન્ટ્રોવર્સી થઈ જશે."આટલું કહ્યા પછી મૃણાલે ફિલ્મનું નામ લીધા વગર કહ્યું કે, "તે ફિલ્મ સુપરહિટ હતી. તેમાં કામ કરનારી અભિનેત્રીને પણ ઉંચાઈ સુધી પહોંચવામાં મદદ કરી. પછી મને લાગ્યું કે, જો તે વખતે મેં એ ફિલ્મ કરી હોત તો હું સ્વયંને ગુમાવી દેતી. તે અભિનેત્રી આજે કામ નથી કરી રહીં અને



હું કરી રહીં છું. આ મારી એક જીત છે."મૃણાલે આગળ જણાવ્યું કે, "કારણ કે હું એક પળની સંતુષ્ટિ અથવા એક ઝાટકે મળનારૂં ફેમ નથી ઈચ્છતી. તે જેવું મળે છે, એવું ચાલ્યું પણ જાય છે." મૃણાલ ઠાકુર 'જર્સી' ફિલ્મના પ્રમોશન માટે બિગ બોસની ૧૫મી સીઝનમાં ગઈ હતી. ત્યારે સલમાન ખાને જણાવ્યું હતું કે, 'સુલતાન' ફિલ્મમાં પહેલા મૃણાલને લેવાની હતી. ત્યારે તેની બોડી પહેલવાન જેવી હતી. પરંતુ તેને ખબર હતી કે, તે ઘણી આગળ વધશે. તેથી મૃણાલે જે અભિનેત્રીની વાત કરી છે, તે અભિનેત્રી અનુષ્કા શર્મા હોવાની ફિલ્મી સૂત્રો અનુમાન લગાવી રહ્યા છે.ઉલ્લેખનીય છે કે, અન્ય અભિનેત્રીને લઈને કરેલી ટિપ્પણીને લઈને યુઝર્સે મૃણાલ ઠાકુરને ટ્રોલ કરવાનું શરૂ કર્યું છે. વીડિયોના કોમેન્ટ બોક્સમાં એક યુઝર્સે લખ્યું કે, ઘણી દુષ્ટ છોકરીઓવાળી એનર્જી છે. તે કામ નથી કરી રહી છે અને હું કરી રહીં છું. હું એવી મહિલાઓની રિસ્પેક્ટ નથી કરી શકતી જે અન્ય મહિલાઓને નીચી દેખાડે. બીજા યુઝર્સે લખ્યું તે, અન્યને નીચા પાડીને પોતાના વખાણ કરવા એ મૃણાલની પેટર્ન છે.

# ૮ કરોડના ખર્ચે બનેલી 'વશ લેવલ-૨' એ ૬ દિવસમાં ૭.૫૯ કરોડ કમાઈ લીધા

ગુજરાતી ફિલ્મ 'વશ લેવલ-૨' બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. આ એ જ ફિલ્મ છે જેનો પહેલા ભાગ અજય દેવગન અને આર. માધવનની ફિલ્મ 'શૈતાન' બનાવવામાં આવી હતી. 'વશ'નો પહેલો ભાગ ફક્ત ગુજરાતીમાં રિલીઝ થયો હતો, પરંતુ તેનો બીજો ભાગ નિર્માતાઓ દ્વારા હિન્દીમાં રિલીઝ કરવામાં આવ્યો છે. કૃષ્ણદેવ યાજ્ઞિક દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મને ૮.૧ રેટિંગ મળ્યું છે અને જો તમે 'શૈતાન' જોઈ હોય તો વાર્તા ત્યાંથી શરૂ થાય છે જ્યાંથી તે પહેલા ભાગમાં સમાપ્ત થઈ હતી.માત્ર ૮ કરોડના ખર્ચે બનેલી આ ફિલ્મે બોક્સ ઓફિસ પર અત્યાર સુધીમાં ૭ કરોડ ૫૯ લાખની કમાણી કરી છે. એટલે કે ફક્ત ૬ દિવસમાં, આ ફિલ્મે તેનો ખર્ચ લગભગ વસૂલ કરી લીધો છે અને હવે ૭મા દિવસથી, તે બોક્સ ઓફિસ પર નફો કરવા લાગશે. પહેલા દિવસે જ ફિલ્મની કમાણી ૧ કરોડ ૩૦ લાખ હતી. બીજા અને ત્રીજા દિવસે તેણે ૯૦ લાખ અને પછી ચોથા અને પાંચમા દિવસે ફિલ્મનો કમાણીનો ગ્રાફ વધીને ૧.૭ કરોડ અને ૨.૨ કરોડ થયો.કોઈ મોટી સ્ટાર કાસ્ટ વગર, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર એટલી બધી કમાણી



કરી રહી છે કે તેણે ૬ દિવસમાં જ તેનો ખર્ચ પાછો મેળવી લીધો છે. જ્યારે અજય દેવગણે ફિલ્મ શૈતાનનો રિમેક બનાવ્યો હતો, ત્યારે તેણે વશમાંથી ફક્ત એક જ અભિનેત્રી લીધી હતી, અને તે જાનકી બોડીવાલા હતી જેણે અજયની પુત્રીનો રોલ કર્યો હતો.

# ચીનમાં હિન્દી ફિલ્મોનો ક્રેઝ, 'લવ ઇન વિયેતનામ' ૧૦,૦૦૦ સ્ક્રીન પર રિલીઝ

ભારતીય સિનેમાના ઈતિહાસમાં આ પહેલી વાર છે જ્યારે કોઈ ફિલ્મ ભારતમાં રિલીઝ થાય તે પહેલાં ચીનમાં આટલું બહુમાન મળ્યું હોયવિશ્વના ઘણા દેશોની જેમ, ચીનમાં પણ હિન્દી ફિલ્મોનો ક્રેઝ છે. કેટલીક હિન્દી ફિલ્મોએ ચીનમાં સારો વ્યવસાય કર્યો છે. બોલીવુડમાં એક એવી ફિલ્મ પણ છે જેણે ચીનને કારણે કમાણીના બધા રેકોર્ડ તોડી નાખ્યા છે. દરમિયાન, અવનીત કૌર અને શાંતનુ મિશ્રાની ફિલ્મ 'લવ ઈન વિયેતનામ' એ ઈતિહાસ રચ્યો છે. તે ચીનમાં ૧૦,૦૦૦ સ્ક્રીન પર રિલીઝ થનારી પહેલી ભારતીય ફિલ્મ બનશે.આ મોટી સિદ્ધિ વિશે વાત કરતાં, ફિલ્મના દિગ્દર્શક રાહત શાહ કાઝમીએ કહ્યું, 'લવ ઈન વિયેતનામ એક સ્વપ્ન પ્રોજેક્ટ રહ્યો છે. અમે આ ફિલ્મમાં અમારું હૃદય અને આત્મા રેડી દીધા છે અને તે ખરેખર ગર્વની વાત છે કારણ કે અમે ભારતમાં રિલીઝ થાય તે પહેલાં જ ચીનમાં ૧૦,૦૦૦ સ્ક્રીન મેળવીને ઈતિહાસ રચ્યો છે.અભિનેત્રી અવનીત કૌર, શાંતનુ મહેશ્વરી ઉપરાંત, વિયેતનામી અભિનેત્રી ખા નગન પણ આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં છે. ફરીદા જલાલ, ગુલશન ગ્રોવર, રાજ બબ્બર જેવા અનુભવી કલાકારો પણ જોવા મળશે. આ ઉપરાંત, ફિલ્મમાં પંજાબ અને વિયેતનામના સુંદર સ્થળો પણ બતાવવામાં આવ્યા છે.ઓમંગ કુમાર, કેપ્ટન રાહુલ બાલી દ્વારા નિર્મિત અને રાહત શાહ કાઝમી દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ દેશભરમાં રિલીઝ થશે. આ ઉપરાંત, આ ફિલ્મ ૨૦૨૫ ના ક્રિસમસ દરમિયાન ચીનમાં ૧૦,૦૦૦ સ્ક્રીન પર રિલીઝ થશે.'લવ ઈન વિયેતનામ'ના ટ્રેલર મુજબ, આ વાર્તા પંજાબથી શરૂ થાય છે અને વિયેતનામ સુધી પહોંચે છે. એક છોકરો (શાન્તાનુ મહેશ્વરી) અને એક છોકરી (અવનીત કૌર) બાળપણથી એકબીજાને ઓળખે છે. બંને પ્રેમમાં પડે છે અને બંને લગ્નનું સ્વપ્ન જુએ છે. પરંતુ છોકરાના પિતા તેને વિયેતનામ મોકલી દે છે. ત્યાં પહોંચ્યા પછી, તે એક છોકરી (ખા નાગન) સાથે પ્રેમમાં પડે છે. પરંતુ વાસ્તવમાં તે તેને મળ્યો પણ નથી. હવે આ વાર્તામાં કોનો પ્રેમ પૂર્ણ થાય છે, તે ફિલ્મમાં બતાવવામાં આવશે.



**૨૦૨૧માં નાગા ચૈતન્યથી છૂટાછેડા લીધા પછી સામંથા રૂથ પ્રભુએ પોતાનું અંગત જીવન મોટાભાગે ખાનગી રાખ્યું છે**

# નાગા ચૈતન્ય બાદ હવે સામંથા રૂથ પ્રભુના જીવનમાં થઈ પ્રેમની એન્ટ્રી?

૨૦૨૧ માં નાગા ચૈતન્યથી છૂટાછેડા લીધા પછી સામંથા રૂથ પ્રભુએ પોતાનું અંગત જીવન મોટાભાગે ખાનગી રાખ્યું છે. નાગાએ ગયા વર્ષે શોભિતા ધુલિપાલા સાથે લગ્ન કર્યા હતા પરંતુ સામંથા ફિલ્મ નિર્માતા રાજ નિદિમોરુ સાથેના તેના કથિત સંબંધોને કારણે હેડલાઈન્સમાં રહી છે. જોકે સામંથા અને રાજ બંનેએ આ અટકળોની પુષ્ટિ કે ખંડન કર્યું નથી પરંતુ તેમની સાથે લેવામાં આવેલી તસવીરોએ ડેટિંગની અફવાઓને વેગ આપ્યો છે. હવે અભિનેત્રીએ ફરી એકવાર તેની નવી ઈન્સ્ટાગ્રામ રીલ સાથે અફવાઓને વેગ આપ્યો છે, જેમાં તે એક પુરુષનો હાથ પકડીને જોવા મળે છે.મંગળવારે સામંથાએ તેની દુબઈ ટ્રીપની ઘણી ખાસ ક્ષણો દર્શાવતો એક વીડિયો શેર કર્યો છે. તેણીએ રીલને કેપ્શન આપ્યું, "હું શું જોઉં છું વિરુદ્ધ તમે શું જુઓ છો." રીલની સૌથી ખાસ વાત એ હતી કે અભિનેત્રી એક પુરુષનો હાથ પકડીને હતી. જોકે તેનો ચહેરા દેખાતો નહતો, તે કાળા જેકેટ અને ડેનિમ જીન્સ પહેરેલો અને કાળા બેગ, એક હાથમાં ફોન અને બીજા

## હાથ પકડીને વીડિયો કર્યો શેર

હાથમાં સામંથાનો હાથ પકડીને જોવા મળ્યો હતો. રીલના કોમેન્ટ સેક્શનમાં ઘણા ચાહકોએ પોતાના વિચારો શેર કર્યા છે. એક ચાહકે લખ્યું, "રાજ નિદિમોરુ પરિવાર." બીજા ચાહકે કોમેન્ટ કરી, "સ્ટાઈલમાં સોફ્ટ લોન્ચિંગ, ગ્રેસ અને બધું." એક ચાહકે પૂછ્યું, "શું તમે તમારા નવા માણસને સોફ્ટ લોન્ચ કર્યો?" એક ચાહકે લખ્યું, "શું તેઓએ ફક્ત તેમના સંબંધોને જાહેર કર્યા?"અજાણ્યા લોકો માટે સામંથા છેલ્લા કેટલાક મહિનાઓથી રાજ નિદિમોરુ સાથેના તેના કથિત અફેરને કારણે સમાચારમાં છે અને જ્યારે તેઓએ સાથે એક તસવીર શેર કરી ત્યારે અફવાઓ શરૂ થઈ. સમંથા રૂથ પ્રભુ તેની પહેલી ફિલ્મ 'શુભમ' ના નિર્માતા તરીકેના પ્રમોશન દરમિયાન સોશિયલ મીડિયા પર ઘણી તસવીરો શેર કરી રહી હતી.

### સંજય લીલા ભણસાલી પર FIR

# 'લવ એન્ડ વોર' ફિલ્મ રિલીઝ પહેલા જ કાયદાકીય વિવાદમાં ફસાઈ




જાણીતા ફિલ્મ નિર્માતા સંજય લીલા ભણસાલી વિરુદ્ધ રાજસ્થાનના જોધપુરમાં FIR નોંધવામાં આવી છે. આ મામલો તેમની આગામી ફિલ્મ 'લવ એન્ડ વૉર' સાથે જોડાયેલો છે, જેમાં રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ મુખ્ય ભૂમિકામાં છે.બીકાનેરમાં એક વ્યક્તિ દ્વારા છેતરપિંડી, દુર્વ્યવહાર અને વિશ્વાસઘાતનો આરોપ લગાવવામાં આવ્યા બાદ ભણસાલી અને અન્ય બે વ્યક્તિઓ વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે. કોર્ટના આદેશ પર બીકાનેરના બીછવાલ પોલીસ સ્ટેશનમાં આ FIR દાખલ કરવામાં આવી છે. ફરિયાદી પ્રતીક રાજ માથુરએ આ ફરિયાદ નોંધાવી છે. તેમણે દાવો કર્યો છે કે ફિલ્મ નિર્માતા સંજય લીલા ભણસાલીએ તેમને લાઈન પ્રોડ્યુસરની જવાબદારી સોંપ્યા બાદ કોઈ પણ પ્રકારનું મહેનતાણું આપ્યા વગર જ પ્રોજેક્ટમાંથી દૂર કરી દીધા હતા. પ્રતીક માથુરે ફિલ્મના શૂટિંગ માટે વહીવટી મંજૂરી, સુરક્ષા વ્યવસ્થા, હોટેલ બુકિંગ અને અન્ય તૈયારીઓનું કામ સંભાળ્યું હતું. FIR મુજબ, ૧૭ ઓગસ્ટના રોજ જ્યારે પ્રતીક બીકાનેરની હોટેલ નરેન્દ્ર ભવન પહોંચ્યા, ત્યારે ભણસાલી, ઉત્કર્ષ અને અરવિંદ ગિલ દ્વારા તેમની સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. તેમણે કોઈપણ પ્રકારનો કરાર (કોન્ટ્રેક્ટ) કરવાનો ઈનકાર કર્યો અને ધમકી પણ આપી કે પ્રતીકની કંપનીને હવે કોઈ કામ મળશે નહીં. પ્રતીકે પહેલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ત્યાં તેમની ફરિયાદ લેવામાં આવી ન હતી, ત્યારબાદ તેમણે કોર્ટનો સંપર્ક કર્યો.કોર્ટના આદેશ બાદ, ભણસાલી, અરવિંદ ગિલ અને ઉત્કર્ષ બાલી વિરુદ્ધ છેતરપિંડી, ગુનાહિત ષડયંત્ર અને ગુનાહિત ધમકીના આરોપો હેઠળ FIR નોંધાઈ છે. FIR માં એ પણ ખુલાસો થયો છે કે પ્રતીકની નિમણૂક ઈમેલના આધારે થઈ હતી. સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'લવ એન્ડ વૉર' ને એક મહાકાવ્ય ગાથા તરીકે દર્શાવવામાં આવી રહી છે. આ ફિલ્મમાં રણબીર અને વિકી ભારતીય વાયુસેનાના પાયલટની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મના કેટલાક દ્રશ્યો રાજસ્થાનમાં શૂટ થઈ રહ્યા છે. આ ફિલ્મ ૨૦ માર્ચ, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે, પરંતુ હવે આ કાયદાકીય વિવાદને કારણે તેના ભવિષ્ય પર પ્રશ્નાર્થ ઊભો થયો છે.

**'ધ સાયકલ ઓફ લવ' નામની ડોક્યુમેન્ટરી દિલ્હીના એક સ્ટ્રીટ આર્ટિસ્ટ પીકે મહાનંદિયાની રોમેન્ટિક સફર પર આધારિત છે**

# પ્રિયંકાએ શાહરૂખની અટકી પડેલી ફિલ્મ સ્ટોરી પરથી દસ્તાવેજી ફિલ્મ બનાવી નાખી

ચાહકોને શાહરૂખ ખાન અને પ્રિયંકા ચોપરાની ફિલ્મો ખૂબ ગમતી હતી. બંને સ્ટાર્સ વિશે ઘણી વાર્તાઓ પણ ઉદ્યોગના ગલિયારાઓમાં વાયરલ થઈ રહી છે. પરંતુ બંને હવે અલગ અલગ રસ્તા પર છે. શાહરૂખ પોતાના બાળકોની કારકિર્દી તેમજ ફિલ્મ 'કિંગ'માં વ્યસ્ત છે, તો બીજી તરફ પ્રિયંકા ચોપરા બોલિવૂડમાં વાપસી કરવા માટે તૈયાર છે. આ દરમિયાન, પ્રિયંકા ચોપરાએ કિંગ ખાનની અટકી પડેલી ફિલ્મની વાર્તા પર મોટો જુગાર રમ્યો છે.અભિનેત્રી પ્રિયંકા ચોપરાના આગામી પ્રોજેક્ટ વિશે એક અપડેટ આવ્યું છે. જે મુજબ અભિનેત્રીએ તેના 'પર્પલ પેબલ પિક્ચર્સ' ના બેનર હેઠળ એક પ્રોજેક્ટ શરૂ કર્યો છે. જે ભારતીય અને સ્વીડિશ પ્રોજેક્ટ છે. પ્રિયંકા 'ધ સાયકલ ઓફ લવ' નામની દસ્તાવેજી ફિલ્મમાં નિર્માતા તરીકે જોડાઈ



છે. જે પહેલા શાહરૂખ ખાન સાથે બનવાની હતી.'ધ સાયકલ ઓફ લવ' નામની ડોક્યુમેન્ટરી દિલ્હીના એક સ્ટ્રીટ આર્ટિસ્ટ પીકે મહાનંદિયાની રોમેન્ટિક સફર પર આધારિત છે. જેમણે ૧૯૭૭માં સ્વીડનમાં પોતાની ગર્લફ્રેન્ડને મળવા માટે સાયકલ દ્વારા ૬૦૦૦ માઈલ એટલે કે ૯૬૫૬ કિમીની મુસાફરી કરી હતી. આ ડોક્યુમેન્ટરીનું દિગ્દર્શન ઓર્લાન્ડો વોન આઈન્સિડેલ કરી રહ્યા છે, જેમની સીરિયા યુદ્ધ પરની ડોક્યુમેન્ટરી 'ધ વ્હાઈટ હેલ્મેટ્સ' ૨૦૧૭માં ઓસ્કાર જીતી હતી. આ ડોક્યુમેન્ટરી બોલિવૂડ ફિલ્મ 'ઈઝહાર' સાથે જોડાયેલી છે. આ એ જ વિષય છે જેના પર બોલિવૂડના પ્રખ્યાત દિગ્દર્શક સંજય લીલા ભણસાલી ૨૦૧૩માં ફિલ્મ બનાવવાની યોજના બનાવી રહ્યા હતા, જેમાં શાહરૂખ ખાન પીકે મહાનંદિયાની ભૂમિકા ભજવી રહ્યો હતો, જે એક યુવાન ભારતીય હતો જેની પાસે મુઠ્ઠીભર પેઈન્ટબ્રશ અને સેકન્ડહેન્ડ રેલે સાયકલ સિવાય કંઈ નહોતું. જે પોતાની ગર્લફ્રેન્ડની શોધમાં એશિયા અને યુરોપમાં પ્રવાસ કરે છે. પરંતુ અજ્ઞાત કારણોસર આ ફિલ્મ પડતી મૂકવામાં આવી હતી.હવે પ્રિયંકા ચોપરાએ આ વાર્તા પર એક દસ્તાવેજી ફિલ્મ બનાવી છે, એમ કહેવું ખોટું નહીં હોય કે પ્રિયંકા ચોપરા શાહરૂખ ખાનની અધૂરી પ્રેમકથા પૂર્ણ કરવા જઈ રહી છે.

# ST વિભાગે ભાવવધારો ઝીંક્યો, બે કિલોમીટરના ૨૦ રૂપિયા વધાર્યા

। (માહિતી) આણંદ, તા.૩ ।

ભાદરવી પૂનમનો મહાકુંભ શરૂ થઈ ગયો છે અને લાખોની સંખ્યામાં માઈભક્તો અંબાજી દર્શને આવી રહ્યા છે. આ પવિત્ર યાત્રા દરમિયાન, રાજ્ય સરકાર અને સ્થાનિક તંત્ર ભક્તો માટે અનેક સુવિધાઓ વિના મૂલ્યે પૂરી પાડી રહ્યું છે, પરંતુ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (ST) દ્વારા ગબ્બર જવા માટેના ભાડામાં ઉઘાડો વધારો કરવામાં આવતા ભક્તોમાં ભારે રોષ જોવા મળ્યો છે. સામાન્ય દિવસોમાં જે બે કિલોમીટરના અંતર માટે રૂપિયા ૧૦ ભાડું લેવાય છે, તેના બદલે મેળા દરમિયાન રૂપિયા ૨૦ વસૂલવામાં આવી રહ્યા છે. આ ભાવવધારો સીધો બમણો હોવાથી શ્રદ્ધાળુઓ માટે આ એક મોટો બોજ સાબિત થયો છે.

ગયા વર્ષે પણ ભાદરવી પૂનમના મેળા દરમિયાન ST વિભાગે આ જ રીતે ભાડા વધાર્યા હતા, જેના કારણે ભારે વિવાદ થયો હતો. ભક્તો અને સામાજિક સંગઠનોના વિરોધ બાદ તંત્ર દ્વારા ભાડામાં ઘટાડો કરવાની ફરજ પડી હતી. તેમ છતાં, આ વર્ષે ફરીથી ST વિભાગે કોઈ પણ જાહેરાત કે સ્પષ્ટતા વગર જ ભાડામાં વધારો ઝીંકી દીધો છે. એક તરફ રાજ્ય સરકાર યાત્રાળુઓને તમામ સુવિધાઓ પૂરી પાડવાનો પ્રયાસ કરી રહી છે, ત્યારે બીજી તરફ ST વિભાગનો આ નિર્ણય શ્રદ્ધાળુઓને આર્થિક રીતે પરેશાન કરી રહ્યો છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે તંત્ર દ્વારા યાત્રાળુઓની સુવિધા માટે ભોજન, પાણી અને રહેઠાણ જેવી અનેક સેવાઓ નિઃશુલ્ક આપવામાં આવી રહી છે. આવા પવિત્ર અને શ્રદ્ધાના પર્વ પર ST વિભાગ દ્વારા કરાયેલો આ ભાવવધારો અનેક પ્રશ્નો ઊભા કરે છે. શું આ ધાર્મિક યાત્રા છે કે માત્ર વેપાર? ભક્તો માટે સુવિધા આપવાના દાવાઓ વચ્ચે આ પ્રકારની 'લૂંટ' શ્રદ્ધાને ઠેસ પહોંચાડી રહી છે. તંત્રએ તાત્કાલિક આ બાબતે ધ્યાન આપીને ભાડા ઘટાડવા અને ભક્તોને રાહત આપવી જોઈએ. આ ઘટના એવા સમયે બની છે જ્યારે તંત્ર દ્વારા યાત્રાળુઓની સુવિધા માટે ભોજન, પાણી અને રહેઠાણ જેવી અનેક સેવાઓ નિઃશુલ્ક આપવામાં આવી રહી છે. આવા પવિત્ર અને શ્રદ્ધાના પર્વ પર ST વિભાગ દ્વારા કરાયેલો આ ભાવવધારો અનેક પ્રશ્નો ઊભા કરે છે. શું આ ધાર્મિક યાત્રા છે કે માત્ર વેપાર? ભક્તો માટે સુવિધા આપવાના દાવાઓ વચ્ચે આ પ્રકારની 'લૂંટ' શ્રદ્ધાને ઠેસ પહોંચાડી રહી છે. તંત્રએ તાત્કાલિક આ બાબતે ધ્યાન આપીને ભાડા ઘટાડવા અને ભક્તોને રાહત આપવી જોઈએ.

# એમ.એસ યુનિવર્સિટીના નવા વાઈસ ચાન્સેલર પ્રો.ભનાગેએ તેમનો ચાર્જ સંભાળ્યો

। (માહિતી) અમદાવાદ, તા.૩ ।

એમ.એસ યુનિવર્સિટીના ૧૮મા વાઈસ ચાન્સેલર તરીકે મુંબઈના પ્રોફેસર બી.એમ.ભનાગેએ આજે તેમનો ચાર્જ સંભાળ્યા બાદ કહ્યું હતું કે હું મૂળભૂતપણે રિસર્ચર છું, એટલે સારા અને ગુણવત્તાયુક્ત રિસર્ચ અને તેને પ્રોત્સાહન આપવા તરફ મારું વિશેષ ધ્યાન રહેશે. યુનિવર્સિટીની શૈક્ષણિક શ્રેષ્ઠતા વધે અને ખાસ તો અહીંના અધ્યાપકો કે જે સારું કામ કરે છે તેઓનું રિસર્ચ વર્ક આગળ વધે તેના પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. અહીંના રિસર્ચ સારામાં સારા જર્નલમાં પ્રસિદ્ધ થાય અને સમાજ ઉપયોગી બને તે વધુ જરૂરી છે. રિસર્ચ વર્ક સમાજમાં જવું જોઈએ એમ તેમણે ઉમેર્યુ હતું.

પ્રો.ભનાગેએ વધુમાં કહ્યું હતું કે સંશોધનને પ્રોત્સાહન આપવાની સાથે સાથે ઉદ્યોગો અને યુનિવર્સિટી વચ્ચે પણ જોડાણ હોવું જોઈએ, જેથી કરીને ઉદ્યોગોના પ્રોબ્લેમ યુનિવર્સિટી સોલ્વ કરી શકે અને એમ્પ્લોયમેન્ટ જનરેટ કરી શકે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ઉદ્યોગોમાં જઈને કામ કરી શકે તે પ્રમાણે શિક્ષણ વ્યવસ્થા હોવા પણ તેમણે ભાર મુકતા કહ્યું હતું કે દુનિયામાં આપણે જોયું છે કે યુનિવર્સિટી અને ઉદ્યોગો સાથે કામ કરે છે અને સમસ્યાઓનો નિવેડો લાવે છે. સમાજની જે કોઈ સમસ્યાઓ છે,

# નારોલ વિસ્તારમાં એક પ્રેમ પ્રકરણનો કરુણ અંત આવ્યો

। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૩ ।

અમદાવાદના નારોલ વિસ્તારમાં એક પ્રેમ પ્રકરણનો કરુણ અંત આવ્યો, જ્યારે એક યુવતી પર તેના પૂર્વ પ્રેમી દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું. મળતી માહિતી મુજબ, આરોપી અરબાઝ ખાન મધ્યપ્રદેશના ભીંડ જિલ્લાનો રહેવાસી છે. તે અને ભોગ બનનાર યુવતી ભૂતકાળમાં પ્રેમ સંબંધમાં હતા, પરંતુ એક મહિના પહેલા યુવતીની સગાઈ અન્ય કોઈ સાથે થઈ જતાં, પ્રેમી અરબાઝ ખાન આવેશમાં આવી ગયો અને તેણે આ કૃત્ય આચર્યું. આ હુમલામાં યુવતી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે અને તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. આ ઘટનાએ ફરી એકવાર પ્રેમ સંબંધોમાં બદલાની ભાવનાથી થતા ગુનાઓ પર પ્રકાશ પાડ્યો છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી અરબાઝ ખાને આ હુમલો પૂર્વ આયોજિત રીતે કર્યો હતો. તેણે માત્ર ૧૨ દિવસ પહેલા જ મધ્યપ્રદેશના ભીંડમાંથી રૂપિયા ૨૮,૦૦૦ માં હથિયાર ખરીદ્યું હતું. આ હથિયારનો ઉપયોગ તેણે પોતાની પૂર્વ પ્રેમિકા પર હુમલો કરવા માટે કર્યો, જે તેની સાથે સંબંધ તોડીને સગાઈ કરી રહી હતી. આ ઘટના પરથી સ્પષ્ટ થાય છે કે ગુનાખોરીના ઈરાદા સાથે હથિયારો સરળતાથી ઉપલબ્ધ છે, જે સમાજ માટે એક ગંભીર ચિંતાનો વિષય છે. પોલીસે આરોપી અરબાઝ ખાનની ધરપકડ કરી લીધી છે અને તેની સામે હત્યાના પ્રયાસ અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

નારોલ પોલીસે આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક કાર્યવાહી કરી અને ગણતરીના કલાકોમાં જ આરોપી અરબાઝ ખાનને ઝડપી પાડ્યો. આરોપી મધ્યપ્રદેશથી ખાસ કરીને આ ગુનો કરવા માટે અમદાવાદ આવ્યો હતો. પોલીસની ઝડપી કાર્યવાહીને કારણે વધુ અનિચ્છનીય ઘટનાઓ થતી અટકી શકી છે. આ કિસ્સામાં પોલીસે હત્યાના પ્રયાસ અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે, જે દર્શાવે છે કે કાયદો વ્યવસ્થા જાળવવા માટે પોલીસ કડક પગલાં લઈ રહી છે. આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે કાયદાને હાથમાં લેનારા ગુનેગારોને કડક સજા થવી જોઈએ જેથી આવા કિસ્સાઓનું પુનરાવર્તન ન થાય. આરોપી મધ્યપ્રદેશથી ખાસ કરીને આ ગુનો કરવા માટે અમદાવાદ આવ્યો હતો. પોલીસની ઝડપી કાર્યવાહીને કારણે વધુ અનિચ્છનીય ઘટનાઓ થતી અટકી શકી છે. આ કિસ્સામાં પોલીસે હત્યાના પ્રયાસ અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે, જે દર્શાવે છે કે કાયદો વ્યવસ્થા જાળવવા માટે પોલીસ કડક પગલાં લઈ રહી છે. આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે કાયદાને હાથમાં લેનારા ગુનેગારોને કડક સજા થવી જોઈએ જેથી આવા કિસ્સાઓનું પુનરાવર્તન ન થાય.

# વાપીની પેપર મિલોમાં આઈટીનું સર્ચ ઓપરેશન હાથ ધરાયું

। (માહિતી) વાપી, તા.૩ ।

વાપીની પેપર મિલોમાં્નું સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ગજાનંદ પેપર મિલમાં્નું સર્ચ ઓપરેશન કરાયું છે. શ્રી અજીત પલ્પ એન્ડ પેપર મિલ, એન.આર.અગ્રવાલ પેપર મિલમાં સર્ચ ઓપરેશનમાં સર્ચ કરવામાં આવી રહ્યું છે.

વાપી સહિત મુંબઈ અને પુણેમાં પણ્નું સર્ચ કરવામાં આવી રહ્યું છે. કંપનીઓ સાથે સંકળાયેલાના ત્યાં પણ તપાસ કરવામાં આવી રહી છે. વાપીમાં ૨૫થી વધુ સ્થળોએ્ વિભાગ દ્વારા દરોડા કરવામાં આવ્યા છે. મુંબઈ, પુણેમાં ૧૦થી ૧૨ જગ્યાએ સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું છે.

વાપીની પેપર મિલોમાં આઈટીનું સર્ચ ઓપરેશન હાથ ધરાયું છે. વાપીમાં ૨૫થી વધુ સ્થળોએ્ વિભાગ દ્વારા દરોડા કરવામાં આવ્યા છે. વાપીની ગજાનંદ પેપર મિલ, શ્રી અજીત પલ્પ એન્ડ પેપર મિલ, એન.આર.અગ્રવાલ પેપર મિલમાં દરોડા પાડ્યા છે. વાપી સહિત મુંબઈ અને પૂણેમાં પણ આઈ.ટી નું સર્ચ કરવામાં આવી રહ્યું છે. કંપનીઓ સાથે સંકળાયેલા સ્ક્રેપ ડીલરોને ત્યાં પણ આઈ.ટી ની ટીમની તપાસ કરવામાં આવી રહી છે.વાપી સહિત મુંબઈ અને પૂણેમાં પણ આઈ.ટી નું સર્ચ કરવામાં આવી રહ્યું છે. વાપીમાં ૨૫ થી વધુ અને મુંબઈ, પૂણે માં ૧૦ થી ૧૨ જેટલી જગ્યાએ સર્ચ હાથ ધરાયું છે. આઈ.ટી ના સુરત અને વાપી વિંગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરાયું છે.કંપનીઓ સાથે સંકળાયેલા સ્ક્રેપ ડીલરોના ત્યાં પણ આઈ.ટી ની ટીમની તપાસ કરવામાં આવી રહી છે.

# ૪થી ૭ સપ્ટેમ્બર સુધી સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ ખાબકશે

। (માહિતી) ગાંધીનગર, તા.૩ ।

ગાંધીનગર ખાતે વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભારતીય હવામાન વિભાગના અધિકારી દ્વારા ગુજરાતમાં આગામી સપ્તાહ દરમિયાન વરસાદની સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. હવામાન વિભાગના દ્વારા આગામી સપ્તાહ દરમિયાન રાજ્યના કેટલાંક વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદ તથા આગામી ૪ થી ૭ સપ્ટેમ્બર દરમિયાન સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સિંચાઈ વિભાગના અધિકારી દ્વારા રિઝિયન વાઈઝ ડેમમાં પાણીના સ્ટોરેજની સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમણે રાજ્યના ૨૦૬ જળાશયો પૈકી ૧૧૧ જળાશયો હાઈએલર્ટ, ૨૭ જળાશયો એલર્ટ તથા ૦૯ જળાશયો વૉર્નિંગ લેવલ પર હોવાનું આ બેઠકમાં જણાવ્યું હતું. આ ઉપરાંત સરદાર સરોવર નર્મદા નિગમના અધિકારી દ્વારા સરદાર સરોવર સ્ટોરેજ વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

બેઠકમાં NDRF અને SDRFના અધિકારીઓના જણાવ્યા મુજબ, ચોમાસા દરમિયાન ઉપસ્થિત થતી કોઈપણ કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા NDRFની કુલ ૧૨ ટીમ અને SDRFની ૨૦ ટીમ અલગ-અલગ જિલ્લાઓ ખાતે ડીપ્લોય કરવામાં આવી છે. આ ઉપરાંત NDRFની એક ટીમ રીઝર્વ પણ રાખવામાં આવી છે.

રીજિયન પ્રમાણે જોવામાં આવે તો દક્ષિણ ગુજરાતમાં ૫૫ ઈંચ સાથે સિઝનનો સૌથી વધુ સરેરાશ ૯૪ ટકા વરસાદ નોંધાયો છે. બીજી તરફ પૂર્વ મધ્ય ગુજરાતમાં ૨૮ ઈંચ, ઉત્તર ગુજરાતમાં ૨૭ ઈંચ, સૌરાષ્ટ્રમાં ૨૫ ઈંચ અને કચ્છમાં ૧૬ ઈંચ વરસાદ વરસ્યો છે. મોટાભાગના રીજિયનમાં સરેરાશ કરતાં ૮૫ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.

જિલ્લા પ્રમાણે વલસાડમાં સૌથી વધુ ૮૪ ઈંચ, ડાંગમાં ૭૨ ઈંચ અને નવસારીમાં ૬૬ ઈંચ વરસાદનો સમાવેશ થાય છે. પાટણ જિલ્લામાં સૌથી ઓછો સરેરાશ ૧૬ ઈંચ વરસાદ નોંધાયો છે. વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં સૌથી વધુ ૧૧૦ ઈંચ, સુરતના ઉમરગામમાં ૯૬.૨૫ અને નવસારીના ખેરગામમાં ૯૦ ઈંચ મેઘમહેર થઈ છે. ગુજરાતના ૪૮ તાલુકામાં ૪૦ ઈંચથી વધુ ૧૪૦ તાલુકામાં ૨૦થી ૪૦ ઈંચ, ૬૧ તાલુકામાં ૧૦થી ૨૦ ઈંચ વરસાદ નોંધાયો છે અને બે તાલુકા એવા છે જ્યાં વરસાદ હજુ ૫થી ૧૦ ઈંચ વચ્ચે વરસ્યો છે. ગુજરાતના ૪૮ તાલુકામાં ૪૦ ઈંચથી વધુ ૧૪૦ તાલુકામાં ૨૦થી ૪૦ ઈંચ, ૬૧ તાલુકામાં ૧૦થી ૨૦ ઈંચ વરસાદ નોંધાયો છે અને બે તાલુકા એવા છે જ્યાં વરસાદ હજુ ૫થી ૧૦ ઈંચ વચ્ચે વરસ્યો છે.

# અમરેલીના બાબરામાં રખડતા પશુઓએ મચાવ્યો આતંક

। (પ્રતિનિધી) અમરેલી, તા.૩ ।

અમરેલી જિલ્લાના બાબરા તાલુકામાં રખડતા પશુઓનો આતંક ફરી એકવાર સામે આવ્યો છે. બાબરાના સમઢિયાળા ગામ નજીક રસ્તા પર એક રખડતા પશુએ બાઈક સવાર યુવકને અડફેટે લેતા ગંભીર ઈજા પહોંચી હતી. યુવકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. સમઢિયાળા ગામનો એક યુવક પોતાના ગામથી નીલવડા ગામ તરફ જઈ રહ્યો હતો. તે દરમિયાન અચાનક એક ગાયે તેને શીંગડું ભરાવતા તે બાઈક પરથી નીચે પટકાયો હતો. આ ઘટનામાં યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તાત્કાલિક તેને બાબરા સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જોકે વધુ સારવારની જરૂર જણાતા તેને અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ ઘટનાએ ફરી એકવાર રખડતા પશુઓની સમસ્યા પર પ્રકાશ પાડ્યો છે. આ પહેલા પણ રાજ્યના અનેક શહેરો અને ગામડાઓમાં રખડતા પશુઓના કારણે ગંભીર અકસ્માતો થયા છે. તેમજ ઘણા લોકોએ પોતાનો જીવ પણ ગુમાવ્યો છે. આ મામલે તંત્ર દ્વારા કોઈ કાયમી ઉકેલ ન લાવવામાં આવતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રસ્તાઓ પર રખડતા પશુઓ વાહનચાલકો અને રાહદારીઓ માટે સતત જોખમ ઊભું કરે છે. આ સમસ્યાને દૂર કરવા માટે સરકાર અને સ્થાનિક તંત્ર દ્વારા તાત્કાલિક અને કડક પગલાં ભરવામાં આવે તેવી લોકો માંગ કરી રહ્યા છે.` ગામડાઓમાં રખડતા પશુઓના કારણે ગંભીર અકસ્માતો થયા છે. તેમજ ઘણા લોકોએ પોતાનો જીવ પણ ગુમાવ્યો છે. આ મામલે તંત્ર દ્વારા કોઈ કાયમી ઉકેલ ન લાવવામાં આવતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રસ્તાઓ પર રખડતા પશુઓ વાહનચાલકો અને રાહદારીઓ માટે સતત જોખમ ઊભું કરે છે. આ સમસ્યાને દૂર કરવા માટે સરકાર અને સ્થાનિક તંત્ર દ્વારા તાત્કાલિક અને કડક પગલાં ભરવામાં આવે તેવી લોકો માંગ કરી રહ્યા છે.

# ૧૦ પ્લાસ્ટિકની બોટલ આપો અને એક સ્ટીલની બોટલ લઇ જાવ

## આ માટે વિવિધ ઉદ્યોગો દ્વારા ૧૦,૦૦૦ સ્ટીલ બોટલનું દાન કરવામાં આવ્યું છે

। (માહિતી) અંબાજી, તા.૩ ।

લાખો માઈ ભક્તોની આસ્થા સાથે જોડાયેલી 'અંબાજી પદયાત્રા-સ્વચ્છ પર્યાવરણ યાત્રા' બની રહે તેવા મંત્ર સાથે અંબાજી પદયાત્રા દરમિયાન એકત્રિત થતો હજારો ટન વિવિધ ઘન કચરાનો વૈજ્ઞાનિક પદ્ધતિથી રીસાઈકલ-નિકાલ કરવા અંદાજે છેલ્લા ૧૩ વર્ષથી ઁઝ્મ દ્વારા એક વિશેષ પહેલ હાથ ધરવામાં આવે છે. અંબાજી પદયાત્રા માર્ગ પર ગત વર્ષે ૭૬૦ ટનથી વધુ કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે. આ વર્ષે પણ અંબાજી પદયાત્રા માર્ગ પર જોવા મળતા વિવિધ કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવાના ઉદ્દેશ સાથે ૧૦૦ જેટલા સ્વયંસેવકોની ટીમ તેમજ ૧૦ બોલેરો ગાડીને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ-ઁઝ્મના ઉપક્રમે ક-રોડ ગાંધીનગર ખાતેથી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

ગત વર્ષની જેમ આ વર્ષે પણ અંબાજી પદયાત્રીઓને ૧૦ પ્લાસ્ટિકની બોટલની સામે એક સ્ટીલની બોટલ આપવામાં આવશે. આ માટે વિવિધ ઉદ્યોગો દ્વારા ૧૦,૦૦૦ સ્ટીલ બોટલનું દાન કરવામાં આવ્યું છે. પદયાત્રામાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અંગે જાગૃતિ માટે ૫૦થી વધુ શેરી નાટક ભજવાશે.

મેળા અને ઉત્સવો એ ભારતીય સંસ્કૃતિનું પ્રતિક છે. ઉત્સવો થકી નવી પેઢીમાં સંસ્કારોનું સિંચન થાય છે. અંબાજી ખાતે વર્ષોથી યોજાતા ભાદરવી પૂનમના મેળામાં લાખો માઈ ભક્તો ચાલીને આસ્થા સાથે માં અંબાના દર્શન કરે છે. આ પદયાત્રીઓની સેવા માટે વિવિધ સંઘ, ગામ અને શહેરો દ્વારા પદયાત્રા માર્ગ પર સેવા કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે.

આ દરમિયાન સ્વાભાવિક ક્રમે ઉત્પન્ન થતા વિવિધ કચરાના નિકાલ માટે ઁઝ્મ દ્વારા વર્ષ ૨૦૧૧થી વિવિધ સંસ્થાઓની મદદથી પદયાત્રા માર્ગને સ્વચ્છ રાખવાનું અવિરત મિશન હાથ ધરવામાં આવી રહ્યું છે. આ અભિયાનમાં સહભાગી સ્વૈચ્છિક સંસ્થાઓ અને યુવાનોને અભિનંદન આપીને પદયાત્રાના માર્ગ પર આવતા ગામો અને શહેરો પર સ્વેચ્છાએ અભિયાનમાં જોડાય તેવો અનુરોધ બોર્ડ દ્વારા કરવામાં આવ્યો હતો.દર વર્ષે ઁઝ્મ અને સ્વૈચ્છિક સંસ્થાના સહયોગથી અંબાજી પદયાત્રાના માર્ગના સ્વચ્છ રાખવાનું ભગીરથ કાર્ય કરવામાં આવી રહ્યું છે.

ઘન કચરાના નિકાલ અને રીસાઈકલ કરવાથી પર્યાવરણના જતનની સાથે રોજગારી પણ ઉપલબ્ધ થાય છે.

પદયાત્રામાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવાના સંદેશા સાથે કલાકારો દ્વારા જાગૃતિ દર્શાવતું શેરી નાટક ભજવીને સૌને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

# PM કિસાન સમ્માન નિધિ યોજનાનો ૨૧મો હપ્તો મેળવવા રજીસ્ટ્રીમાં નોંધણી ફરજિયાત

। (માહિતી) અમદાવાદ, તા.૩ ।

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાના આગામી એટલે કે ૨૧માં હપ્તાનો લાભ મેળવવા માટે ભારત સરકાર દ્વારા ખેડૂત આઈડી (ફાર્મર રજીસ્ટ્રી)ની નોંધણી ફરજિયાત કરવામાં આવી છે.

રાજ્યના જે ખેડૂતોએ હજુ સુધી ફાર્મર રજીસ્ટ્રીમાં નોંધણી કરાવવાની બાકી હોય તેવા ખેડૂતોએ સત્વરે ખેડૂત આઈડીની નોંધણી કરાવવા ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

રાજ્યમાં બાકી રહી ગયેલા ખેડૂતો સત્વરે ફાર્મર રજીસ્ટ્રીમાં નોંધણી કરાવી શકે તે માટે અત્યારે ગ્રામ્ય કક્ષાએ ઝુંબેશ સ્વરુપે નોંધણી કરવામાં આવી રહી છે. ખેડૂત લાભાર્થીઓએ સત્વરે નોંધણી કરાવવા માટે ગામના તલાટી કમ મંત્રી અથવા ગ્રામસેવકનો સંપર્ક કરવાનો રહેશે.આ ઉપરાંત ખેડૂતો જાતે ઘરેથી મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી પણ નોંધણી કરી શકે છે.કોમન સર્વિસ સેન્ટર (CSC) અથવા ગ્રામ પંચાયતમાં કોમ્પ્યુટર ઓપરેટર મારફતે પણ ખેડૂત નોંધણી કરાવી શકાશે. આ યોજનાને વધુ કાર્યક્ષમ, અસરકારક અને પારદર્શક બનાવવાના ઉદ્દેશ્ય સાથે, ખેડૂત-કેન્દ્રિત ડિજિટલ માળખામાં સતત સુધારા કરવામાં આવ્યા છે.

# ત્રિશુળિયાઘાટ પાસે સર્જાયો અકસ્માત, રિક્ષાએ પલટી મારતા ૪ લોકો ઘાયલ

। (માહિતી) બનાસકાંઠા, તા.૩ ।

બનાસકાંઠાના અંબાજીમાં હાલમાં ભાદરવી પૂનમના મેળાને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. લાખોની સંખ્યામાં લોકો માં અંબાના દર્શન કરવા માટે પગપાળા અને વ્હીકલોમાં આવી રહ્યા છે. ત્યારે અંબાજીની પાસે આવેલા ત્રિશુળિયાઘાટમાં અકસ્માતની ઘટના બની છે. આ અકસ્માતમાં ૪ લોકોને ઈજા પહોંચી છે. અંબાજીના ત્રિશુળિયાઘાટમાં રિક્ષા પલટી ખાઈ ગઈ છે અને જેના કારણે ૪ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ત્રિશુળિયાઘાટમાં ગમખ્વાર અકસ્માત સર્જાતા તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સીની ટીમને જાણ કરવામાં આવતા થોડી જ મિનિટોમાં ૧૦૮ ઘટનાસ્થળે પહોંચી અને ઘાયલ થયેલા લોકોની સારવાર કરવામાં આવી. જો સમગ્ર ઘટનાની વાત કરીએ તો રિક્ષા ચાલકે સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવતા આ અકસ્માત સર્જાયો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. તમારી આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. પારિવારિક મોરચે સ્વસ્થતા જણાય છે અને તમારી યોજનાઓમાં તેમના સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખી શકો છો. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. તમારા મિત્રો તથા સંબંધીઓને તમારી આર્થિક બાબતોનું સંચાલન ન સોંપતા, નહીંતર તમારૂં બજૅટ વેરવિખેર થઈ જશે. આજે તમારા પ્રિયપાત્ર અથવા જીવનસાથી સાથે સારો સંવાદ અથવા તેમના તરફથી સારો સંદેશ આજે તમારૂં મનોબળ વધારશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે વ્યસ્તતા છતાં તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરા પક્ષથી ધન લાભ થવા ની શક્યતા છે. આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે-પણ ધ્યાન રાખજો કેમ કે કઠોર અથવા અસંતુલિત શબ્દો તમારી આસપાસના લોકોને નાખુશ કરી શકે છે. પ્રેમી ને આજે તમારી કંઈક વાત ખોટી લાગી શકે છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન લોકો નું ધ્યાન આકર્ષિત કરશે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા? ઘરમાં કેટલાક ફેરફારો તમને ખાસ્સા સંવેદનશીલ બનાવી દેશે- પણ તેમ તમારી લાગણીઓ અસરકારક રીતે જેમનું મહત્વ છે.

**સિંહ (મ,ટ) :**
આજે જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. રોમાન્સ રોમાંચક હશે-આથી તમે જેને પ્રેમ કરો છો એવી વ્યક્તિનો સંપર્ક કરો અને દિવસને શ્રેષ્ઠ બનાવો. વ્યાવસાયમાં તમારી માસ્ટરીની કસોટી થશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમારા મગજને સમસ્યાઓથી દૂર રાખો અને ઘરમાં તથા તમારા મિત્રો વચ્ચે તમારી સ્થિતિ સુધારવા પર ધ્યાન આપો. તમારા પ્રિયપાત્રને કશું કઠોર ન કહેવાનો પ્રયાસ કરજો-અન્યથા તમારે પછીથી પસ્તાવું પડશે.

**તુલા (ર,ત) :**
આજે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. ઘરના સુશોભીકરણની સાથે બાળકોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખજો. સુવ્યવસ્થિત હોવા છતાં બાળકો વિનાનું ઘર આત્મા વિનાનું લાગે છે. બાળકો ઘરની ખુશીમાં ચાર ચાંદ લગાડે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. આજના દિવસે તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. વ્યાજબી રહેવાનો પ્રયાસ કરજો ખાસ કરીને એવા લોકો સાથે જેઓ તમને પ્રેમ કરે છે અને તમારી દરકાર કરે છે. આજે મિત્રતામાં ભંગ પડવાની પૂરેપૂરી શક્યતા હોવાથી ચોકસાઈ રાખો. કામના સ્થળે તમારી ભૂલોનો એકરાર તમારી તરફેણમાં જશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તાણની અવગણના કરતા નહીં. આજે તમને કોઈ અજાણ્યા સ્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. તમારા જુસ્સાને અંકુશમાં રાખો તેને કારણે તમારા પ્રેમ પ્રકરણમાં તકલીફ સર્જાઈ શકે છે.

**મકર (ખ,જ) :**
આજે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમારા જીવનસાથીની તબિયત તાણ તથા બેચેનીનું કારણ બની શકે છે. અણધાર્યો રૉમેન્ટિક ઝુકાવ સાંજના સમયે તમારા મગજને ઘેરી વળશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ છે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. તમારા સમસ્ત પરિવાર માટે સમૃદ્ધિ લાવે તેવા પ્રૉજેક્ટની તમારે પસંદગી કરવી જોઈએ. આજે પ્રેમના અતિઆનંદમાં તમારાં સપનાં અને વાસ્તવિકતા એકમેકમાં ભળી જશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો. જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે.

## ન્યૂઝ બ્રિફ

### ઉત્તરપ્રદેશના લાખો આઉટસોર્સ કર્મચારીઓ માટે ગુડ ન્યૂઝ

। (એજન્સી) લખનૌ, તા.૩ ।

ઉત્તરપ્રદેશના લાખો આઉટસોર્સ કર્મચારીઓ માટે ગુડ ન્યૂઝ છે. રાજધાની લખનઉમાં યોગી આદિત્યનાથ કેબિનેટની બેઠકમાં યુપી આઉટસોર્સિંગ સર્વિસ કોર્પોરેશન બનાવવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે.પ્રસ્તાવ અનુસાર પોર્ટલ દ્વારા સર્વિસ પ્રોવાઈડર રાખવામાં આવશે. ન્યુનત્તમ વેતનમાન ૧૬,૦૦૦ રૂપિયાથી લઈને ૨૦,૦૦૦ રૂપિયા સુધી,એજન્સીની નિયુક્તિ ૩ વર્ષના સમયગાળા માટે કરવામાં આવશે. કોર્પોરેશનની રચના બાદ આઉટસોર્સ કર્મચારીઓનો પગાર સીધો તેમના ખાતામાં જશે. યુપી આઉટસોર્સિંગ સેવા નિગમની રચના બાદ આઉટસોર્સ કર્મચારીઓને મહિનામાં ૧થી ૫ તારીખ વચ્ચે સેલરી આપવામાં આવશે. બેઠક બાદ કેબિનેટ મંતેરી સુરેશ ખન્નાએ આ વાત જણાવતા કહ્યુ કે આઉટસોર્સિંગના માધ્યમથી કરનારી ભરતીઓમાં આરક્ષણની વાત કરવામાં આવી છે. જેમાં એસસી, એસટી, મહિલા , દિવ્યાંગ દરેકનું આરક્ષણ થશે, રચના હેઠળ આઉટસોર્સ કર્મીઓને એક મહિનામાં ૨૬ દિવસની સેવા આપવાની રહેશે. કેબિનેટ મંત્રી સુરેશ ખન્નાએ એ પણ કહ્યુ કે આઉટસોર્સ રચનાના માધ્યમથી પસંદગી પ્રક્રિયામાં લેખિત પરીક્ષા સિવાય મૌખિક પણ આપવાની રહેશે. યોગી સરકારની કેબિનેટ બેઠકમાં એક મહત્વના નિર્ણય પ્રમાણે નવી ઈ બસો ખરીદવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી છે.

### AAP ધારાસભ્ય જાપ્તામાંથી ફરાર, ફાયરિંગ કરીને પોલીસને કારથી કચડવાનો પ્રયાસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય હરમીત સિંહ પઠાણમાજરા પોલીસ કસ્ટડીમાંથી નાસી ગયા છે.

મંગળવારે (બીજી સપ્ટેમ્બર) સવારે હરિયાણાના કરનાલથી ધરપકડ બાદ, પોલીસ તેમને પોલીસ સ્ટેશન લઈ જઈ રહી હતી ત્યારે પઠાણમાજરા અને તેમના સાથીઓએ પોલીસકર્મીઓ પર ગોળીબાર કર્યો અને તેમની કારથી કચચડવાનો પ્રયાસ કર્યો, જેમાં એક પોલીસકર્મી ઘાયલ થયો.

પઠાણમાજરા અને તેના સાથીઓ એક સ્કોર્પિયો અને એક ફોર્ચ્યુનરમાં ફરાર થઈ ગયા હતા. જેમાંથી પોલીસે ફોર્ચ્યુનર કબજે કરી છે અને સ્કોર્પિયોમાં ફરાર ધારાસભ્યનો પીછો કરી રહી છે.

પંજાબના પટિયાલા જિલ્લાના સનૌર મતવિસ્તારના ધારાસભ્ય હરમીત સિંહ પઠાણમાજરાની પોલીસે હરિયાણાના કરનાલના ડાબરી ગામથી ધરપકડ કરી હતી. મળતી માહિતી મુજબ, આ ધરપકડ કલમ ૩૭૬ હેઠળના જૂના કેસમાં કરવામાં આવી છે.

નોંધનીય છે કે, પંજાબ સરકારે સોમવારે (પહેલી સપ્ટેમ્બર) જ ધારાસભ્ય પઠાણમાજરાની સુરક્ષા પાછી ખેંચી લીધી હતી.

એવું કહેવામાં આવી રહ્યું છે કે, પઠાણમાજરા છેલ્લા ત્રણ-ચાર દિવસથી પ ોતાની જ સરકાર વિરુદ્ધ નિવેદનો આપી રહ્યા હતા અને તેમણે તાજેતરના પૂર માટે સિંચાઈ વિભાગના મુખ્ય અધિકારી કૃષ્ણ કુમારને સીધા જવાબદાર ઠેરવ્યા હતા. ધારાસભ્યની ધરપકડ બાદ રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે.




શ્રીનગરના લાલ ચોક ખાતે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની 'મતદાર અધિકાર યાત્રા' દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની માતા વિરુદ્ધ અપ શબ્દોના ઉપયોગ અંગે ભાજપ મહિલા મોરચાના સભ્યોએ વિરોધ પ્રદર્શન કર્યું.

### દિલ્હી-એનસીઆરમાં ભારે વરસાદ, રસ્તાઓ પાણીમાં ગળાડૂબ થયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

દિલ્હીમાં આજે પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજધાની સહિત સમગ્ર **NCR**માં હળવોથી ભારે વરસાદ પડ્યો છે. સપ્ટેમ્બર મહિનાની ઠંડીની શરૂઆતથી હવામાન સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. ટ્રાફિકની સ્થિતિ એવી છે કે દિલ્હી-ગુરુગ્રામમાં કલાકો સુધી જામ રહ્યો હતો. વાહનો ફસાયેલા જોવા મળ્યા હતા. હવામાન વિભાગે આજે પણ વરસાદની આગાહી કરી છે. યમુનાનું જળ સ્તર ખતરાના નિશાનથી ઉપર પહોંચી ગયું છે. રિપોર્ટ અનુસાર ઓગસ્ટ મહિનો દિલ્હીમાં ૧૦ વર્ષ પછી ઠંડો રહ્યો છે. ગઈકાલના વરસાદ પરથી અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે સપ્ટેમ્બર મહિનામાં પણ લોકોને ગરમીથી રાહત મળશે. તાપમાનમાં પણ ઘટાડો નોંધવામાં આવ્યો છે, જેમાં ૩૦ ડિગ્રી સુધીનો ઘટાડો જોવા મળ્યો છે. આજે પણ દિલ્હીના ઘણા વિસ્તારોમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

### વરસાદ અને પૂરના કારણે ઘણી તબાહી મચી

## પંજાબમાં પૂરથી તબાહી, 30 લોકોનાં મોત, ૧૦૦૦થી વધુ ગામડાઓ ડૂબી ગયા

### પૂરના કારણે પાક અને ખેડૂતોના પશુઓને ભારે નુકસાન થયું છે પંજાબમાં સોમવાર સુધીમાં 30 લોકોના મોત થયા છે

। (એજન્સી) પંજાબ, તા.૩ ।

છેલ્લા કેટલાક દિવસોથી પંજાબમાં સતત વરસાદ અને પૂરના કારણે ભારે વિનાશ સર્જાયો છે. રાજ્યના ઘણા જિલ્લાઓમાં પૂરને કારણે લોકો ઘણી મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. પૂરના કારણે પાક અને ખેડૂતોના પશુઓને ભારે નુકસાન થયું છે. પંજાબમાં સોમવાર સુધીમાં ૩૦ લોકોના મોત થયા છે. સોમવારે ચીનની મુલાકાત બાદ દિલ્હી પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સાથે ફોન પર વાત કરી અને રાજ્યમાં વરસાદ અને પૂર અંગે ચર્ચા કરી. પ ંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સોમવારે હોશિયારપુર જિલ્લાના કેટલાક અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી. પંજાબમાં આવેલા પૂરથી ૧૦ થી વધુ જિલ્લાના ૧,૦૦૦ થી વધુ ગામડાઓ પ્રભાવિત થયા છે. આનાથી ૨.૫ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. મુખ્યમંત્રી ભગવંત માનએ દાવો કર્યો છે કે તેમની **AAP** સરકાર લોકોને દરેક પૈસાના નુકસાન માટે વળતર આપશે. જણાવવામાં આવ્યું છે કે સોમવાર સુધીમાં પંજાબમાં ૩૦ લોકોના મોત થયા છે. બીજી તરફ, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણના કાર્યાલયે સોમવારે જણાવ્યું હતુ કે તેઓ પાકને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે ટૂંક સમયમાં પંજાબની મુલાકાત લેશે. એક સત્તાવાર નિવેદન અનુસાર, મંત્રીએ વિવિધ રાજ્યોમાં વરસાદની સ્થિતિની સમીક્ષા કરવા માટે એક બેઠક યોજી હતી અને પંજાબમાં પૂર અને પાક પર તેની અસર અંગે અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરી હતી.

### અપમાનજનક ટિપ્પણી બદલ એનડીએ દ્વારા ચાર સપ્ટેમ્બરે બિહાર બંધનું એલાન

। (એજન્સી) બિહાર, તા.૩ ।

**PM** નરેન્દ્ર મોદીના માતા વિરૂદ્ધ ગતમહિને વિપક્ષની રેલીમાં કરવામાં આવેલી અપમાનજનક ટિપ્પણી બદલ એનડીએ દ્વારા ચાર સપ્ટેમ્બરે બિહાર બંધનું એલાન કરવામાં આવ્યું છે. ચાર સપ્ટેમ્બરના રોજ સવારે ૭ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધી બિહાર બંધ રાખવાની જાહેરાત કરી છે. એનડીએ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની માતા વિરૂદ્ધ આપવામાં આવેલા નિવેદન વિરૂદ પણ વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. **NDA**એ આ મામલે વડાપ્રધાન મોદીએ આજે મંગળવારે બિહાર રાજ્ય જીવિકા નીધિ સાખ સહકારી સંઘ લિમિટેડનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરતાં સ્વર્ગવાસી માતા વિરૂદ્ધ અપશબ્દો બોલવા બદલ દુઃખ વ્યક્ત કર્યું હતું. ગત મહિને વિપ ક્ષના ગઠબંધન આરજેડી-કોંગ્રેસની રેલીમાં વડાપ્રધાન મોદીના માતા વિરૂદ્ધ અપશબ્દો બોલવા પર આજે પીએમ મોદીએ દુઃખ વ્યક્ત કર્યું હતું.

### બેઠકોનો દોર શરૂ

## PM મોદી મણિપુર જશે? 'VVIP' મહેમાનની સુરક્ષા માટે તંત્રમાં દોડધામ

### બૈરાબી-સાંઈરંગ રેલવે સ્ટેશનનું ઉદ્ઘાટન કરશે પીએમ મોદી મિઝોરમમાં ૫૧.૩૮ કિમી લાંબી રેલવે લાઈનનું ઉદ્ઘાટન કરશે



। (એજન્સી) મણિપુર, તા.૩ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૩ સપ્ટેમ્બરના રોજ મિઝોરમ અને મણિપુરની મુલાકાત લેશે તેવા અહેવાલો મળ્યા છે. મણિપુરમાં કુકી અને મૈતી વચ્ચે ચાલી રહેલી હિંસા વચ્ચે પીએમ મોદીની આ મુલાકાત અત્યંત મહત્ત્વની છે. મીડિયા રિપોર્ટ અનુસાર, પીએમ મોદી પહેલાં મિઝોરમની મુલાકાત લેશે. જ્યાં બૈરાબી-સાંઈરંગ રેલવે સ્ટેશનનું ઉદ્ઘાટન કરશે. પીએમ મોદી મિઝોરમમાં ૫૧.૩૮ કિમી લાંબી રેલવે લાઈનનું ઉદ્ઘાટન કરશે. જે નોર્થ-ઈસ્ટ પ્રાંતમાં કનેક્ટિવિટી અને ઈકોનોમિક ઈન્ટેગ્રેશનને વેગ આપશે. નવી રેલવે લાઈન આઈઝોલ સાથે જોડ-ાઈ આસામના સિલચર શહેરથી દેશના અન્ય હિસ્સા સાથે જોડાશે. મણિપુરની રાજધાની આઈઝોલ ખાતે સરકારી અધિકારીઓએ આ અંગે જાણકારી આપી હતી. મણિપુરમાં મે, ૨૦૨૩માં કુકી અને મૈતી વચ્ચે ફાટી નીકળેલી હિંસા બાદ પીએમ મોદીની આ પ્રથમ મુલાકાત હશે. આ મુલાકાતની અંતિમ રૂપરેખા જાહેર થઈ નથી. જેથી હજુ સુધી મુલાકાતની ખાતરી થઈ નથી. મણિપુરના મુખ્યમંત્રી એન. બીરેન સિંહે છેલ્લા બે વર્ષથી ચાલી રહેલી હિંસા પર અંકુશ લેવામાં સફળ ન રહેતાં રાજીનામું આપ્યું હતું. ત્યારબાદ ફેબ્રુઆરી, ૨૦૨૫થી મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ છે. મિઝોરમના ચીફ સેક્રેટરી ખીલ્લી રામ મીણાએ સોમવારે વિવિધ વિભાગો અને કાયદા અમલીકરણ એજન્સીઓ સાથે મીટિંગ કરી હતી. જેમાં પીએમની મુલાકાત માટે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા સહિતની તૈયારીની સમીક્ષા પર ચર્ચા થઈ હતી.

### પુતિનના પ્લાનથી ટ્રમ્પનું સપનું રોળાયું

## રશિયાનું સૌથી ઘાતક ફાઈટર જેટ જી-૫૭ ભારતમાં બનશે?

### આ પગલું ભારત અને રશિયાના સંબંધોને વધુ મજબૂત બનાવશે અને અમેરિકાની F-35 વેચવાની યોજના પર સીધી અસર કરશે

। (એજન્સી) ચીન, તા.૩ ।

ચીનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની મુલાકાત બાદ એક મોટા સમાચાર સામે આવ્યા છે. રશિયા પોતાના સૌથી લેટેસ્ટ ફાઈટર જેટ સુખોઈ જી-૫૭ને ભારતમાં જ બનાવવાનું વિચારી રહ્યું છે. આ નિર્ણય અમેરિકા માટે ચિંતાનો વિષય છે, કારણ કે ડોનાલ્ડ ટ્રમ્પ ભારતને પોતાના **F-35** ફાઈટર જેટ વેચવા માંગતા હતા. ભારતીય વાયુસેનાને હાલમાં બેથી ત્રણ સ્કવોડ્રન પાંચમી પેઢીના ફાઈટર જેટની જરૂર છે. આ પ્રોજેક્ટમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ **(HAL)** મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે, જે પહેલાથી જ નાસિકમાં જી-૩૦ **MKI** નું નિર્માણ કરે છે. આ પ ગલું ભારત અને રશિયાના સંબંધોને વધુ મજબૂત



બનાવશે અને અમેરિકાની **F-35** વેચવાની યોજના પર સીધી અસર કરશે. રશિયન એજન્સીઓ હાલમાં એ વાતનું મૂલ્યાંકન કરી રહી છે કે ભારતમાં જી-૫૭નું ઉત્પાદન કરવા માટે કેટલું મોટું રોકાણ કરવું પડશે. જો આ પ્રોજેક્ટ શરૂ થશે, તો તેના બે ફાયદા થશે. એક તો ભારતને વિશ્વના સૌથી આધુનિક ફાઈટર જેટ મળશે અન બીજું એ કે આ વિમાનોનો ખર્ચ પણ ઓછો થશે, કારણ કે તેનું નિર્માણ અહીં જ થશે. ભારતમાં પહેલેથી જ ઘણી ફેક્ટરીઓ છે જે રશિયા દ્વારા બનાવેલા લશ્કરી ઉપકરણો તૈયાર કરે છે. તેમનો ઉપયોગ જી-૫૭ના ઉત્પાદન માટે પણ કરી શકાય છે. આ સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે ભારત અને અમેરિકા વચ્ચે વેપારી તણાવ ચાલી રહ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે ભારતના ઘણા ક્ષેત્રો પર ટેરિફ લગાવ્યા છે અન **F-35** ફાઈટર જેટ ખરીદવા માટે દબાણ કરી રહ્યા છે. જોકે, જો ભારત અને રશિયા જી-૫૭નું ઉત્પાદન સાથે મળીને કરશે, તો તે અમેરિકાની **F-35** વેચવાની યોજનાને નિષ્ફળ બનાવશે. આ પગલું સ્પષ્ટ દર્શાવશે કે ભારત પોતાની સુરક્ષા માટે રશિયા સાથે ગાઢ ભાગીદારી જાળવી રાખવા માંગે છે. ભારતે તાજેતરના વર્ષોમાં રશિયા પાસેથી **S-400** એર ડિફેન્સ સિસ્ટમ ખરીદી છે.

## અમેરિકાએ ૮ યુદ્ધ જહાજો તહેનાત કરતા વેનેઝુએલા ભડક્યું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩ ।

દક્ષિણ અમેરિકી દેશ વેનેઝુએલાએ પોતાની સરહદ પર ભારે સંખ્યામાં સૈનિકો તહેનાત કરી દીધા છે અને દેશભરના યુવાનોને મિલિશિયા એટલે કે સેનામાં સામેલ કરવા માટે ધડાધડ કામગીરી શરૂ કરી દીધી છે. વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોએ સોમવારે ચેતવણી આપી કે, જો કેરેબિયન સમુદ્રમાં અમેરિકન સેના અમારા દેશ પર હુમલો કરશે તો અમે પણ વળતો જવાબ આપીશું. વાસ્તવમાં અમેરિકાએ વેનેઝુએલાની નજીક સમુદ્રમાં આઠ યુદ્ધ જહાજો તૈનાત કર્યા છે, જેના કારણે વેનેઝુએલાએ પણ વળતાજવાબમાં સૈન્ય કાર્યવાહી શરૂ કરી દીધી છે. આ સાથે વેનેઝુલાએ સરહદ પર ૧૫૦૦૦ સૈનિકો તહેનાત કરી દીધા છે. વેનેઝુએલાના રાષ્ટ્રપ તિ નિકોલસ માદુરાએ દાવો કર્યો છે કે, 'અમેરિકાએ ૧૨૦૦ મિસાઈલો ભરેલા આઠ યુદ્ધ જહાજો તેમના દેશની સીમા પાસે તહેનાત કર્યા છે, જે સંપૂર્ણપણે અપરાધિક કૃત્ય છે. અમેરિકાની આ કાર્યવાહી અમારા દેશ માટે સૌથી મોટો ખતરો છે.


| | AHMEDABAD MUNICIPAL CORPORATION<br>MAHANAGARV SEVA SADAN<br>EAST ZONE ENGINEERING DEPARTMENT<br>E Tender Notice No. 15 / 2025-26 |
|---|---|
| Name Of Work | Development of Khodiyar lake in Vastral ward of East Zone, Ahmedabad Municipal Corporation |
| Submission Upto | Date:- 22-09-2025 upto 18:00 hrs. |
| Detail's & tenders available on. | https://tender.nprocure.com |

Dy. MUNICIPAL COMMISSIONER (EAST ZONE)


## વિશેષ

### થીમ અંતર્ગત ઘટનાસ્થળ પર બચાવ કામગીરી કરી રહેલી ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ, મેડિકલ ટીમની કામગીરી દર્શાવવામાં આવી

# અમદાવાદના બહેરામપુરામાં અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનાની થીમ પર ગણેશ પંડાલ બનાવાયો





। (માહિતી) ગાંધીનગર ।

અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં છારા મિત્ર મંડળ દ્વારા તાજેતરમાં થયેલી પ્લેન ક્રેશની દુર્ઘટનાની બચાવ કામગીરી આધારિત ગણેશ પંડાલ તૈયાર કરવામાં આવ્યો છે. આ અંગે વાત કરતા છારા મિત્ર મંડળના સભ્ય મહેશભાઈ સુનારાએ જણાવ્યું હતું કે, આ પંડાલમાં બી.જે. મેડિકલ કોલેજની હોસ્ટેલ પર પ્લેન ક્રેશ થયા બાદની કામગીરીનું દશ્ય રજૂ કરૂ મૃતકોને શ્રદ્ધાંજલિ વ્યક્ત કરવામાં આવી છે.

આ થીમ અંતર્ગત ઘટનાસ્થળ પર બચાવ કામગીરી કરી રહેલી ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ, મેડિકલ ટીમની કામગીરી દર્શાવવામાં આવી છે. પ્લેનક્રેશની કરુણ પ રિસ્થિતિમાં સરકાર, સંસ્થાઓ અને સમાજે કરેલી કામગીરીનું ચિત્રણ કરવામાં આવ્યું છે. આ પંડાલ લોકોમાં આકર્ષણ અને ચર્ચાનું કેન્દ્ર બની છે. આ પંડાલ તૈયાર કરવામાં મંડળના યુવાનો દ્વારા છેલ્લા દોઢ મહિનાથી તૈયારીઓ કરી રહ્યા હતા. આમ, છારા મિત્ર મંડળના સભ્યો દ્વારા પ્લેન ક્રેશની દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી છે.


**પશ્ચિમ રેલવે - વડોદરા મંડળ**

ટેન્ડર સૂચના નંબર: BRC_SnT_W_25-26_02 તારીખ: ૦૨/૦૯/૨૦૨૫

ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ (E.I) સિસ્ટમની ડિઝાઈન, સપ્લાય, ઈન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી કાર્ય કરતા નાયબ સીએસટીઈ (કાર્ય)/વડોદરા ટેન્ડર નંબર BRC_SnT_W_25-26_02 સામે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. બિડર્સ ફક્ત અંતિમ તારીખ અને સમય સુધી તેમની મૂળ/સુધારેલી બિડ સબમિટ કરી શકશે. આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે.

**કાર્યનું નામ અને તેનું સ્થાન:** ડિઝાઈન, પુરવઠો, સ્થાપન, પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગના ઉત્રાણ સ્ટેશન પર ટ્રેનના ટર્મિનેશન/ઓરિજિનેશન માટે સ્ટેશનના વિકાસ અને જૂના ઈન્ડોર અને આઉટડોર સિગ્નલિંગ ગિયર્સને બદલવાના સંદર્ભમાં ઉત્રાણ (URN) સ્ટેશન પર ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ (E.I) સિસ્ટમનું પરીક્ષણ અને કમિશનિંગ.

**કામનો અંદાજિત ખર્ચ:** ₹ ૯,૨૯,૪૬,૪૩૨.૧૪

**બિડ સિક્યોરિટી/સૌથી વધુ કમાણીની ડિપોઝિટ:** ૬,૧૪,૭૦૦.૦૦

**ઈ-ટેન્ડર સબમિટ કરવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ૨૯/૦૯/૨૦૨૫ @ ૧૫:૦૦ કલાક અને ૨૯/૦૯/૨૦૨૫ @ ૧૫:૩૦ કલાક

**વેબસાઈટની વિગતો અને સંપૂર્ણ વિગતો જોઈ શકાય તેવા સ્થાન માટેની સૂચના વગેરે:** નાયબ મુખ્ય સિગ્નલ અને ટેલિકોમ ઈજનેર (કામ), બીજો માળ-એનેક્સ બિલ્ડિંગ, ડીઆરએમ ઓફિસ, પશ્ચિમ રેલ્વે. પ્રતાપનગર, વડોદરા-૩૯૦૦૦૪ http://www.ireps.gov.in

BRC166

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## ન્યૂઝ બ્રિફ

### સરખેજ વિસ્તારના શકરી તળાવમાં ત્રણ યુવકો ડૂબ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.3 ।

અમદાવાદમાં મોટી ઘટના સામે આવી છે. શહેરના સરખેજ વિસ્તારમાં શકરી તળાવમાં ત્રણ યુવકો ડૂબ્યા હોવાની ઘટના સામે આવી છે. હાલ, ફાયર વિભાગ દ્વારા ત્રણેયની શોધખોળ હાથ ધરાઈ છે. ફાયર અધિકારીઓ દ્વારા આ ઘટનાની પુષ્ટિ કરવામાં આવી છે, બે ટીમો ઘટનાસ્થળે મોકલવામાં આવી છે. અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેમને સાંજે ૫.૪૫ વાગ્યાની આસપાસ એક દુર્ઘટનાનો ફોન આવ્યો હતો. બોટથી સજ્જ બે બચાવ વાહનો તાત્કાલિક સ્થળ પર મોકલવામાં આવ્યા હતા. પ્રાથમિક માહિતી અનુસાર, ત્રણથી ચાર યુવકો તળાવમાં ડૂબી ગયા હતા. અત્યાર સુધીમાં બે મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે અન્ય યુવકોની શોધખોળ હજુ ચાલી રહી છે.

### મગફળીની બમ્પર આવક છતાં તેલના ભાવમાં આગ ઝરતી તેજી

। (એજન્સી) અમદાવાદ, તા.3 ।

ગુજરાતમાં આ વર્ષે મગફળીનું ૬૬ લાખ ટન જેટલું બમ્પર ઉત્પાદન થવાનો અંદાજ છે, જે ગત વર્ષના ૫૨ લાખ ટન ઉત્પાદન કરતાં ઘણો વધારે છે. ખેડૂતોને તેમના ઉત્પાદનના યોગ્ય ભાવ મળી રહ્યા છે, પરંતુ માર્કેટ યાર્ડમાં મગફળીના ભાવ સ્થિર હોવા છતાં સિંગતેલના ભાવમાં કૃત્રિમ તેજી જોવા મળી રહી છે. તાજેતરમાં સિંગતેલના ડબ્બાનો ભાવ એક જ દિવસમાં રૂ. ૩૦ જેટલો વધ્યો છે, જેના કારણે ભાવ રૂ. ૨૩૪૦ થી રૂ. ૨૩૯૦ સુધી પહોંચ્યો છે. આ વધારો સામાન્ય જનતા માટે આઘાતજનક છે કારણ કે, આ તેલનો વપરાશ મોટા પાયે થાય છે. સિંગતેલની સાથે સાથે અન્ય તેલોના ભાવમાં પણ વધારો થયો છે. કપાસિયા તેલના ભાવમાં ડબ્બે રૂ. ૧૫ નો વધારો થતાં ભાવ રૂ. ૨૨૬૫ થી રૂ. ૨૩૧૫ ની વચ્ચે ટ્રેડ થઈ રહ્યો છે. જ્યારે, પામોલિન તેલના ભાવમાં ડબ્બે રૂ. ૧૦ નો વધારો થયો છે, જેના કારણે ભાવ રૂ. ૨૦૨૫ થી રૂ. ૨૦૩૦ ની વચ્ચે છે. આ અસામાન્ય ભાવવધારો વેપારીઓ અને ગ્રાહકો બંને માટે ચિંતાનો વિષય બન્યો છે. સંગ્રહખોરી અને સટ્ટાખોરીને કારણે આ ભાવવધારો થયો હોવાનું મનાઈ રહ્યું છે, અને સરકાર દ્વારા આ બાબતે યોગ્ય પગલાં ભરવામાં આવે તેવું લોકો ઈચ્છી રહ્યા છે. આ મોંઘવારી સામાન્ય માનવીના જીવનને વધુ કઠિન બનાવી રહી છે. સંગ્રહખોરી અને સટ્ટાખોરીને કારણે આ ભાવવધારો થયો હોવાનું મનાઈ રહ્યું છે, અને સરકાર દ્વારા આ બાબતે યોગ્ય પગલાં ભરવામાં આવે તેવું લોકો ઈચ્છી રહ્યા છે. આ મોંઘવારી સામાન્ય માનવીના જીવનને વધુ કઠિન બનાવી રહી છે.

### નયનની હત્યા મુદ્દે સૌથી મોટો ખુલાસો

# અમદાવાદની સેવન્થ ડે સ્કૂલનું પ્રથમવાર સામે આવ્યું CCTV ફૂટેજ

## પેટના ભાગે છરી વાગી હોવા છતાં નયન ચાલતા જ બપોરે ૧૨:૫૩ કલાકે શાળામાં પ્રવેશ કરે છે

। અમદાવાદ, તા.3 ।

અમદાવાદના સેવન્થ ડે એડવેન્ટિસ્ટ સ્કૂલ કેમ્પસમાં ૧૯ ઓગસ્ટના રોજ ધોરણ ૯ના વિદ્યાર્થી નયન સંતાણીની હત્યાના કેસમાં અત્યાર સુધીનો સૌથી મોટો ખુલાસો થયો છે. નયન પર તેના ક્લાસમેટ દ્વારા છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો, જેના કારણે તેનું મૃત્યુ થયું હતું. આ ઘટનાના પ્રથમ CCTV ફૂટેજ સામે આવ્યા છે, જે હુમલા પછીની પરિસ્થિતિ દર્શાવે છે.

નયન પર હુમલો બપોરે ૧૨:૫૩ કલાકે થયો હતો. સામે આવેલા વીડિયોમાં જોઈ શકાય છે કે પેટના ભાગે ગંભીર ઈજા થઈ હોવા છતાં, નયન લોહીલુહાણ હાલતમાં પણ શાળાના મુખ્ય ગેટમાંથી અંદર પ્રવેશ કરી રહ્યો છે. આ વીડિયો ઘટનાની ગંભીરતા અને નયનની હિંમત દર્શાવે છે, જે ગંભીર ઈજા હોવા છતાં જાતે ચાલીને શાળામાં પ્રવેશ કરી રહ્યો છે. અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં બનેલી ચકચારી ઘટનાના સીસીટીવી સામે આવ્યા છે. જેમાં મૃતક વિદ્યાર્થી તેના પર હુમલો થયા બાદ પેટ પર હાથ રાખીને શાળાની અંદર પ્રવેશતો જોવા મળી રહ્યો છે. પીળા શર્ટમાં દેખાતો વિદ્યાર્થી મૃત નયન છે. સીસીટીવી પ્રમાણે બપોરે ૧૨ કલાકેને ૫૩ મિનિટે નયન શાળાના ગેઈટમાં પ્રવેશ કરતો જોવા મળી રહ્યો છે. થોડીવારમાં તે ઢળી પડતા આસપાસમાં વિદ્યાર્થીઓનું ટોળું એકઠું થઈ જાય છે. સાત મિનિટ સુધી નયન ત્યાં જ હોય છે અને આખરે એક વાગ્યા નયનને તેની માતા અને અન્ય એક મહિલા રિક્ષામાં હૉસ્પિટલ લઈ જાય છે. આ સાથે વધુ એક સીસીટીવી સામે આવ્યા છે જેમાં જોઈ શકાય છે કે, બપોરે




૧ વાગ્યેને ૧૧ મિનિટ આસપાસ ૧૦૮ એમ્બ્યુલન્સ શાળા પરિસરમાં આવે છે અને લગભગ એક મિનિટ જેટલા સમયમાં જ તે પાછી જતી રહે છે. કારણ કે એ સમયે ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને તેના વાલીઓ સારવાર માટે લઈ ગયા હતા. વીડિયોમાં નયન શાળાના ગેટમાંથી અંદર પ્રવેશે છે, ત્યારે તેની માતા અને અન્ય મહિલાઓ તેને તાત્કાલિક સારવાર માટે લઈ જવાનો પ્રયાસ કરતા જોવા મળે છે. તેઓ નયનને ટીંગાટોળી કરીને હોસ્પિટલ તરફ લઈ જઈ રહ્યા છે. આ દ્રશ્યો નયનના માતા-પિતાની વેદના અને મદદની તાત્કાલિક જરૂરિયાત દર્શાવે છે. આ CCTV ફૂટેજ પોલીસની તપાસમાં અત્યંત મહત્ત્વના સાબિત થઈ શકે છે. આ ફૂટેજ દર્શાવે છે કે હુમલો કઈ જગ્યાએ થયો અને ઘટના પછીની પરિસ્થિતિ કેવી હતી. આ પુરાવા આરોપી અને ઘટનાની સંપૂર્ણ વિગતોને સ્પષ્ટ કરવામાં મદદરૂપ થશે. હાલ પોલીસે આ કેસમાં વધુ તપાસ હાથ ધરી છે, અને ન્યાયિક કાર્યવાહી ચાલુ છે. આ ઘટનાએ ફરી એકવાર શાળા પરિસરમાં બાળકોની સુરક્ષા અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે. વીડિયોમાં નયન શાળાના ગેટમાંથી અંદર પ્રવેશે છે, ત્યારે તેની માતા અને અન્ય મહિલાઓ તેને તાત્કાલિક સારવાર માટે લઈ જવાનો પ્રયાસ કરતા જોવા મળે છે. તેઓ નયનને ટીંગાટોળી કરીને હોસ્પિટલ તરફ લઈ જઈ રહ્યા છે. આ દ્રશ્યો નયનના માતા-પિતાની વેદના અને મદદની તાત્કાલિક જરૂરિયાત દર્શાવે છે. આ CCTV ફૂટેજ પોલીસની તપાસમાં અત્યંત મહત્ત્વના સાબિત થઈ શકે છે. આ ફૂટેજ દર્શાવે છે કે હુમલો કઈ જગ્યાએ થયો અને ઘટના પછીની પરિસ્થિતિ કેવી હતી. આ પુરાવા આરોપી અને ઘટનાની સંપૂર્ણ વિગતોને સ્પષ્ટ કરવામાં મદદરૂપ થશે. હાલ પોલીસે આ કેસમાં વધુ તપાસ હાથ ધરી છે, અને ન્યાયિક કાર્યવાહી ચાલુ છે. આ ઘટનાએ ફરી એકવાર શાળા પરિસરમાં બાળકોની સુરક્ષા અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

### ગ્રામજનોએ લાકડીઓની મદદથી સાત યુવકોને હેમખેમ બહાર કાઢ્યા

## કાલોલના મીરાપુરીની નદીમાં શ્રીજીના વિસર્જન ટાણે આઠ ડૂબ્યા : એકનું મોત

### સમગ્ર ઘટના અંગે ગ્રામજનોએ વેજલપુર પોલીસને જાણ કરી લાશને પોસ્ટમોર્ટમ માટે કાલોલ રેફરલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી



। (એજન્સી) કાલોલ, તા.3 ।

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના મીરાપુરી ગામે ગત રોજ સાંજે વાજતે ગાજતે શ્રી ગણેશજીની પ્રતિમાના વિસર્જન માટે ગોમા નદીના પાણી મા ઉતરેલા યુવકો પૈકી સાત યુવકો ગોમા નદીના પાણી ભરેલા ઉડા ખાડામા ગરકાવ થઈને ડૂબવા લાગતા બચાવોની મરણ ચીસોથી ઉલ્લાસ નો અવસર નજરો સમક્ષ આફતમા ફેરવાઈ ગયો હતો. જો કે નદી કિનારે ગણેશ વિસર્જન માટે આવેલા ગ્રામજનોએ હાથમાં જે આવ્યુ એમ લાકડીઓની મદદથી અને ઘૂંટણ સમા પાણીમાં ઉતરીને હાથ ધરેલ બચાવ કામગીરીઓમાં ડૂબી રહેલા સાત યુવકોને હેમખેમ બહાર કાઢવામા આવ્યા હતા. પરંતુ અંદાઝે ૩૫ વર્ષના કાળુભાઈ વીરસિંગ પટેલીયાનું ઉડા પાણીમાં ડૂબી જવા થી મોત થતા શ્રી ગણેશજીની પ્રતિમાના વિસર્જનનો આનંદનો પર્વ આઘાતમા સરકી જવા પામ્યો હતો.કાલોલ તાલુકાના મીરાપુરી ગામમાં ગણેશોત્સવ દરમ્યાન ગણેશ સ્થાપનાને અંતે પાંચમા દિવસે ગણેશ વિસર્જન કરવાની પરંપરા અનુસાર સોમવારે ગણેશ વિસર્જન યોજાયું હતું. ગણેશ વિસર્જન અંતર્ગત ધામધુમથી વિદાય આપવા માટે ગ્રામજનોએ ડીજે સાથે શોભાયાત્રા યોજીને અંતે સાંજે સાતેક વાગ્યાના અરસામાં ગામના નજીકની ગોમા નદીના પટમાં વિસર્જન કરવા માટે ગામ લોકો એક ખાડામાં ઉતર્યા ત્યારે મૂર્તિ વિસર્જન કરતા સમયે ખાડાના ઉંડા પાણીમાં થાપ ખાઈ જવાથી સાત આઠ લોકો ડૂબતા હોવાની ઘટના સર્જી હતી. જોકે તે સમયે ઘટનાસ્થળે ઉપસ્થિત તરવૈયાઓએ ઝંપલાવીને તેમજ કાંઠેથી લાકડીઓની મદદથી સાત યુવકોને સમયસર બહાર કાઢીને બચાવી લીધા હતા. પરંતુ અંતે તપાસ કરતા ગામના કાળુભાઈ વીરસિંગ પટેલીયા (ઉ.વ ૩૫) તળાવના ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જેમને પાણીમાંથી બહાર કાઢીને બચાવ કામગીરી કરી હતી પરંતુ પાણીમાં શ્વાસ રુંધાઈ જવાને પગલે મોત નિપજ્યું હતું. જે ઘટનાને પગલે મૃતક યુવકના પરિવારજનો અને ગ્રામજનોમાં ભારે શોક ફેલાયો હતો. સમગ્ર ઘટના અંગે ગ્રામજનોએ વેજલપુર પોલીસને જાણ કરી લાશને પોસ્ટમોર્ટમ માટે કાલોલ રેફરલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી.

### ટ્રોલી બેગના પૈડામાં છુપાવ્યું હતું સોનું

## અમદાવાદ એરપોર્ટ પર સોનાની દાણચોરીનો પર્દાફાશ

### દુબઈથી ફ્લાઇટ FZ ૪૩૭ દ્વારા આવેલા એક પેસેન્જર પાસેથી રૂપિયા૧૬ લાખની કિંમતનું ૨૪ કેરેટ સોનું જપ્ત કરવામાં આવ્યું છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ફરી એકવાર કસ્ટમ્સ અધિકારીઓએ સોનાની દાણચોરીનો પર્દાફાશ કર્યો છે. દુબઈથી ફ્લાઈટ FZ 437 દ્વારા આવેલા એક પેસેન્જર પાસેથી રૂપિયા૧૬ લાખની કિંમતનું ૨૪ કેરેટ સોનું જપ્ત કરવામાં આવ્યું છે, જેને તેણે પોતાની ટ્રોલી બેગના વ્હીલના પોલા ભાગમાં છુપાવ્યું હતું.કસ્ટમ્સ અધિકારીઓને પેસેન્જરની હિલચાલ પર શંકા જતા તેને અટકાવવામાં આવ્યો હતો. તેની બેગની તપાસ કરતા, અધિકારીઓને વ્હીલની રચનામાં કંઈક અસામાન્યતા જોવા મળી હતી. વધુ ઊંડાણપૂર્વક તપાસ કરતાં વ્હીલની અંદર સિલિન્ડર આકારના નક્કર સોનાના ટુકડા છુપાવેલા મળી આવ્યા હતા. કસ્ટમ્સ અધિકારીઓના જણાવ્યા મુજબ, દાણચોરો સ્કેનર અને વિઝ્યુઅલ તપાસથી બચવા માટે સતત નવી અને અનોખી પદ્ધતિઓ અપનાવી રહ્યા છે. આ પહેલા પણ સોનું બેગના હેન્ડલમાં કપડાની લાઈનિંગમાં અને ઈલેક્ટ્રોનિક વસ્તુઓમાં છુપાવેલું મળી આવ્યું છે. જપ્ત કરાયેલા સોનાની કિંમત ઘરેલુ બજારમાં આશરે રૂપિયા૧૬ લાખ છે, અને તેને કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની જોગવાઈઓ હેઠળ જપ્ત કરવામાં આવ્યું છે. પેસેન્જરની અટકાયત કરવામાં આવી છે અને આ દાણચોરી પાછળ કોઈ મોટી સિન્ડિકેટ છે કે કેમ તે અંગે વધુ તપાસ ચાલી રહી છે.

### રાજ્યના વીજ ધારકો માટે રાહતના સમાચાર

## વીજ બિલમાં રાહત મળશે, ફ્યુઅલ ચાર્જમાં ૧૫ પૈસાનો થશે ઘટાડો

### વીજ ગ્રાહકો પાસેથી ફ્યુઅલ ચાર્જ તરીકે પ્રતિ યુનિટ ૨.૪૫ વસૂલવામાં આવતા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.3 ।

રાજ્યના વીજ ધારકો માટે રાહતના સમાચાર. વીજ બિલમાં રાહત મળશે. ફ્યુઅલ ચાર્જમાં ૧૫ પૈસાનો થશે ઘટાડો. અગાઉ ફ્યુઅલ ચાર્જ ૨ રૂપિયા ને ૪૫ પૈસા હતો. જેમાં ૧૫ પૈસાનો ઘટાડો કરતા બે રૂપિયાને ૩૦ પૈસા થશે. ગુજરાતના વીજ ગ્રાહકોને મોટો લાભ મળશે.

ગુજરાતના લાખો વીજ ગ્રાહકો માટે આનંદના સમાચાર છે. હવે તમારા માસિક વીજ બિલમાં ઘટાડો જોવા મળશે. આ ઘટાડો વીજળીના બિલમાં લાગતા ફ્યુઅલ સરચાર્જ એટલે કે ફ્યુઅલ પ્રાઈસ એન્ડ પાવર પરચેઝ એડજસ્ટમેન્ટ (FPPPA) માં થયેલા ઘટાડાને કારણે થયો છે.અગાઉ, વીજ ગ્રાહકો પાસેથી ફ્યુઅલ ચાર્જ તરીકે પ્રતિ યુનિટ ૨.૪૫ વસૂલવામાં આવતા હતા. હવે તેમાં ૧૫ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આ ઘટાડા બાદ નવો ફ્યુઅલ ચાર્જ પ્રતિ યુનિટ ૨.૩૦ થશે.

આ ઘટાડાથી સામાન્ય નાગરિકથી લઈને ઉદ્યોગો સુધીના તમામ વીજ ગ્રાહકોને ફાયદો થશે. વીજળીનો વપરાશ જેમ વધુ તેમ બિલમાં થતી બચત પણ વધુ હશે.

### ટ્રક ડ્રાઇવરને છરી બતાવીને ચલાવી હતી લૂંટ

## ગાંધીધામમાં છરી બતાવીને લૂંટ કરનારા ૨ આરોપીઓને પોલીસે કાયદાનો પાઠ શીખવ્યો

। (એજન્સી) કચ્છ, તા.3 ।

ગાંધીધામના પાડાના પાસે ટ્રક ડ્રાઈવરોને છરી બતાવીને લૂંટ ચલાવવામાં આવી હતી. આ ઘટના બાદ પોલીસે તપાસ હાથ ધરી હતી અને બાતમીના આધારે આ બંને આરોપીઓની અટકાયત કરી હતી. પોલીસે આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈને સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન પણ કરાવ્યું છે. કચ્છના ગાંધીધામમાં ટ્રક ડ્રાઈવરોને છરી બતાવીને લૂંટ ચલાવનારા બે આરોપીઓને ગાંધીધામ બી ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યા છે. આ આરોપીઓ મીઠી રોહર વિસ્તારના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈને સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન પણ કરાવ્યું છે. ગાંધીધામના પાડાના પાસે ટ્રક ડ્રાઈવરોને છરી બતાવીને લૂંટ ચલાવવામાં આવી હતી. આ ઘટના બાદ પોલીસે તપાસ હાથ ધરી હતી અને બાતમીના આધારે આ બંને આરોપીઓની અટકાયત કરી હતી.પૂછપરછ દરમિયાન આરોપીઓએ ગુનાની કબૂલાત કરી હતી. પોલીસે ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈને ગુનો કેવી રીતે આચર્યો તેનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. આ પ્રક્રિયાથી પોલીસને ગુનાની વિગતવાર માહિતી મળી રહે છે અને કાયદેસરની કાર્યવાહીમાં મદદ મળે છે. આ લૂંટમાં આરોપીઓએ ટ્રક ડ્રાઈવરો પાસેથી રોકડ અને અન્ય કિંમતી સામાન લૂંટી લીધો હતો. આ ઘટનાથી ટ્રક ડ્રાઈવરોમાં ભયનો માહોલ ફેલાયો હતો. પોલીસે આરોપીઓને ઝડપી પાડીને લૂંટનો મુદ્દામાલ જપ્ત કરવા અને આ ગુનામાં અન્ય કોઈ વ્યક્તિ સામેલ છે કે કેમ તે અંગે વધુ તપાસ હાથ ધરી છે. આ કાર્યવાહીથી આવા ગુના આચરનારા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. પોલીસે લોકોને પણ અપીલ કરી છે કે જો આવી કોઈ ઘટના બને તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવો. આ ઘટનાથી ટ્રક ડ્રાઈવરોમાં ભયનો માહોલ ફેલાયો હતો. પોલીસે આરોપીઓને ઝડપી પાડીને લૂંટનો મુદ્દામાલ જપ્ત કરવા અને આ ગુનામાં અન્ય કોઈ વ્યક્તિ સામેલ છે કે કેમ તે અંગે વધુ તપાસ હાથ ધરી છે. આ કાર્યવાહીથી આવા ગુના આચરનારા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

## ચાર્જશીટ પછી પોલીસ તપાસ કરી શકે, મેજિસ્ટ્રેટની મંજૂરી જરૂરી નથી

। અમદાવાદ, તા.3 ।

ભ્રષ્ટાચારના મામલે હાથ ધરાયેલી તપાસ અને પુરક ચાર્જશિટ રદ કરવા અમદાવાદ પોસ્ટ ઓફિસના કંટ્રોલિંગ ઓફિસરની અરજીને રદ કરતાં હાઈકોર્ટના જસ્ટિસ જે.સી.જોશીએ કાયદાની સ્પષ્ટતા કરતાં એવું મહત્વપૂર્ણ અવલોકન કર્યું હતું કે,'ચાર્જશીટ રજૂ થયા પછી પણ પોલીસ વધુ તપાસ કરી શકે છે અને એના માટે મેજિસ્ટ્રેટની પરવાનગી જરૂરી નથી.' હાઈકોર્ટ સીઆરપીસીની કલમ ૧૭૩(૮) હેઠળની સત્તાનો ઉપયોગ કરીને મેજિસ્ટ્રેટ સમક્ષ ચાર્જશીટ રજૂ કર્યા પછી પણ પોલીસને વધુ તપાસ કરવાનો અધિકાર હોવાની બાબત સ્પષ્ટ કરી આપી હતી. નોટબંધી દરમિયાન ૧.૦૪ કરોડ રૂપિયાના ગેરકાયદેસર ચલણને એક્સચેન્જ કરી આપવાના આરોપ હેઠળ નોંધાયેલી ફરિયાદને રદ કરવા અરજદાર પોસ્ટલ ઓફિસર દ્વારા દાખલ કરાયેલી અરજી હાઈકોર્ટે ફગાવી દીધી છે. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ (પીસી એક્ટ) હેઠળ સીબીઆઈ (સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન) દ્વારા નોંધાયેલા ફોજદારી ગુનામાં તપાસના બે અલગ અલગ તબક્કાને કોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યા હતા. જસ્ટિસ જે.સી. દોશીએ આ કેસમાં અવલોકન કર્યું હતું કે,'એ વાત સંપૂર્ણપણે સ્પષ્ટ છે કે પોલીસને કલમ ૧૭૩(૮) હેઠળ સત્તાનો ઉપયોગ કરીને મેજિસ્ટ્રેટ સમક્ષ ચાર્જશીટ રજૂ કર્યા પછી પણ વધુ તપાસ કરવાનો અધિકાર છે. કાયદાકીય રીતે એવું સ્વીકારવામાં આવ્યું છે કે વધુ તપાસ શરૂ કરતા પહેલા, તપાસ એજન્સીએ સંબંધિત મેજિસ્ટ્રેટની પરવાનગી લેવી જરૂરી નથી, કારણ કે વધુ તપાસ એ નવી તપાસથી તદ્દન અલાયદી બાબત છે.આ કેસની હકીકત એવી છે કે અમદાવાદ હેડ ઓફિસના સિનિયર પોસ્ટ માસ્ટર, નવરંગપુરા હેડ ઓફિસના ડેપ્યુટી પોસ્ટ માસ્ટર, આસિસ્ટન્ટ પોસ્ટ માસ્ટર અને એક અજાણ્યા વ્યક્તિ સહિતના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ (IPC) ની કલમ ૪૦૯, ૪૨૦ સાથે વાંચવામાં આવતી કલમ 120-B અને પીસી એક્ટની કલમ ૧૩(૨) સાથે વાંચવામાં આવતી કલમ ૧૩(૧)(C) અને (d) હેઠળ લેખિત ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જેમાં એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે નોટબંધી દરમિયાન, પોસ્ટ ઓફિસ દ્વારા પણ જૂની ચલણી નોટોની આપ-લે કરવામાં આવી હતી અને અમદાવાદ સ્થિત પોસ્ટ (વિજિલન્સ) વિભાગ દ્વારા નિરીક્ષણ દરમિયાન, એવું બહાર આવ્યું હતું કે નવરંગપુરા પોસ્ટ ઓફિસ, દ્વારા સરકાર દ્વારા આ મામલે જારી કરાયેલી માર્ગદર્શિકા અને પોસ્ટલ સર્વિસીસ ડિરેક્ટોરેટ દ્વારા જારી કરાયેલા પરિપત્રોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું.

## કાલોલમાં ગણેશ વિસર્જન દરમિયાન ચાર લોકો નદીમાં ડૂબ્યા, એકનું મોત

। (એજન્સી) પંચમહાલ, તા.3 ।

ગુજરાતમાં ગણેશોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. આ દરમિયાન પંચમહાલના કાલોલમાં મીરાપુરીમાં ગોમા નદીમાં ગણેશ વિસર્જન દરમિયાન ચાર લોકો ડૂબ્યા હોવાની ઘટના સામે આવી છે. સ્થાનિક લોકોની મદદથી ત્રણ લોકોને બચાવી લેવાયા છે. જ્યારે એક વ્યક્તિનું ડૂબી જતા મોત નિપજ્યું હતું. આ ઘટનાની જાણ થતા પોલીસ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને એક વ્યક્તિનો મૃતદેહ નદીમાંથી બહાર કાઢ્યો હતો.મળતી માહિતી અનુસાર, કાલોલના મીરાપુરી ગામે ઉત્સાહભેર ગણેશ વિસર્જન માટે કેટલાક યુવકો ગોમાં નદીમાં ઉતર્યા હતા. ગણેશ વિસર્જન બાદ સ્નાન કરી રહેલા કેટલાક યુવકો પૈકી ચાર યુવકો નદીમાં ડૂબ્યા હતાં.

